કુમાર

એપ્રીલ
૧૯૪૦

૧૯૬



કુમાર
એપ્રિલ ૧૯૪૦
અંક ૧૯૬

કેડી

શુભેચ્છકોને નમ્ર ઉપાલંભ આપતા શ્રી રામપ્રસાદ શુકલ પાસેથી 'ભલે સ્વલ્પક્ષેત્ર ભુજબળ થકી સિદ્ધિ વરવી' એ સામર્થ્યોક્તિનું પાથેય સ્વીકારી આ અંકની કેડી પર આગળ ડગલાં માંડો. અંગ્રેજ કવિ કોલરિજની કલ્પનાને બહેલાવનાર કુબલાઇખાન એશિયા ખંડનો પહેલો જ ચક્રવર્તી હતો એ કદાચ તમે નહિ જાણતા હો. એના શાસન નીચે જગતના ઇતિહાસમાં પહેલી જ વાર કાળા સમુદ્રને પેલે પારનું પોલાંડ સુધીનું યુરોપ એ એશિયાઈ શહેનશાહતનો ભાગ ગણાવા લાગ્યું. પણ એની મહત્તા મહાન વિજેતા કરતાં પણ એની પ્રજાની સંસ્કૃતિના ધ્વજધારી તરીકે વિશેષ સમાન્ય છે એ તો એનું ચરિત્ર વાંચશો ત્યારે જણાઇ આવશે. ❡ જે પ્રજાને સ્વરાજ્ય મળે એટલા ખાતર આપણે પ્રાણ અર્પણ કરવા તૈયાર છીએ તેની પ્રત્યક્ષ સેવા કરવાની પોતાને મળેલી તકનું કાકાસાહેબનું રોચિષ્ણુ બયાન તો તમે જતું નહિ જ કરો, જ્યારે સમાજના નીચલા થરનું આલેખન કરતી સુન્દરમ્‌ની વાર્તા 'માજા વેલાનું મોત' પણ આપમેળે તમારો આદર મેળવે તેમ છે. ❡ 'જીવી જાણનારા'ના જીવનમંત્રનો પ્રસાદ પામી 'ભૂતકાળની શોધમાં' નીકળેલા લેખક સાથે લઘુ પ્રવાસ પૂરો કરશો એટલે અધમોચિની 'નર્મદામૈયા'ને ખોળે આવી પહોંચશો. યુગો પૂર્વેના આર્યકાળથી ગુજરાતને પોતાના સોનાપારણે ઝુલાવી સબળ અસ્મિતાનો ઇતિહાસ રચનાર એનાં પાણી સામે કાપુરુષોનું કામ નથી. એ તો નિમંત્રે છે—મરજીવાઓની મસ્તીને, તારાઓની તાકાતને, ધબકતા નવજીવનને. પણ એવી તાકાત આપણા લોકોમાં છે ? 'કસરતકુશળ શેજવળકર બંધુઓ' શું કહે છે તે જુઓ: 'ગમે તેટલું દારિદ્ર્ય વધે, બેકારી આવે, જીવન દુ:સહ થાય છતાં હિંદી માણસ પોતાનો દેશ છોડવા તૈયાર નથી. દેશાટન કરે તો કેટલાય અજ્ઞાત ક્ષેત્રો હિંદી લોકોને મળી રહે તેમ છે.' ❡ પણ આમ ને આમ કેડીએ ધપ્યા જવા કરતાં સહેજ વધુ ખંત રાખી ક્યાંક ક્યાંક શોધશો તો અમે નિર્દેશ્યા સિવાયના લઘુલેખો, વિભાગો આદિ અનેક રસસ્થાનો એ કેડી પર મળી આવશે.

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬ાા, પરદેશના ૧૨ શિ. છુટક દશ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિશુસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

શુભેચ્છકોને

• શિખરિણી •

મને જો ચાહો તો વિશદ ઝરણું જેમ વહવા
દિયો, છુટ્ટું મૂકો સમદર વિષે નાવ તરતું;
પસારી પાંખો, વા, વિહગ ઉડવા દ્યો વિયતમાં,
પ્રફુલ્લેલાં પુષ્પે પરિમલ ભલે આપ પ્રગટે.
કસાવા દ્યો; શક્તિ વિકસી ઉઠશે જાતબળથી,
ઝરાને સિંધુમાં ગ્રથિત કરી દેશે, સુમનના
પરાગે પૂજેલા પવન પમરાવી જગ વિષે
જનોની દૃષ્ટિમાં સહૃય ઉરની સ્ફૂર્તિ ભરશે.

પરાયા આધારે ગિરિશિખરટોચે પગ દઈ
નિહાળું સૃષ્ટિના સમદર ભલે સાત ગરવા,
રસેલી વા હેમે અલકનગરીઓ અણમૂલી;
મને એથી વ્હાલું ડગલું ભરવું એક અઘરું,
પ્રયત્ને પોતાના તસુભર જમીને ય જીતવી,
ભલે સ્વલ્પ ક્ષેત્રે ભુજબળથકી સિદ્ધિ વરવી.

રામપ્રસાદ શુક્લ

એ જ વિશદતા, એ જ ધારાવાહિતા, અને એ જ પ્રતીતિજનક રજુઆત સાથે શ્રી રામપ્રસાદ શુક્લ ઘણા લાંબા કાળે ફરી દેખા દે છે. સ્વપ્રયત્ને પ્રગતિ કરવામાં જ માનવજીવનની સાર્થકતા માનતા તરુણ માનસની શુભેચ્છકો પ્રત્યેની આ માગણીમાં જે આત્મવિશ્વાસ ને સ્વગૌરવનું બળ રહેલાં છે તે કેવળ યુવાનોને જ નહિ પણ વાચકમાત્રને પ્રેરણાદાયી છે.



નર્મદની પ્રતિમા

● પ્રત્યેક ગુજરાતી પોતાનાં સુખ-દુઃખ, આનંદ અને દર્દ, ભાવના અને વ્યવહારને વિચારમાંથી જે વાણી-દ્વારા વ્યક્ત કરી રહ્યાં છે તે ગુર્જર-ગિરાનું જેણે આખી જિન્દગીનાં મોંઘા પ્રાણ ને શક્તિ અવિરતપણે ઘસીને બાલ ઉછેર્યું એ કવિ નર્મદની ધાતુ-પ્રતિમા ગઈ તા. ૧૦મી માર્ચ ને રવિવારે સુરતની જનતાએ ભાવભીને હૃદયે નગરના બાગમાં મૂકીને ગુજ-રાતના ઇતિહાસમાં એક અમર આંક પાડ્યો છે. મહાન પુરુષની ખરી કિંમત કાળના વહનમાં જ થાય છે. કોકનાં સ્મરણો આછાં ને આઘાં બની





નર્મદ પ્રતિમાના શિલ્પકારો: શ્રી કાન્તિલાલ કાપડિયા અને યુસુફઅલી મર્ચન્ટ



જાય છે ત્યારે ખરા આત્મનિષ્ઠ ને સત્યનિષ્ઠ પુરુષનાં ચરિત વધુ ઓપ પામે છે અને ભાવિ પ્રજામાં તે ફરી સજીવન થાય છે. કવિ નર્મદ આજે એકેએક ગુજરાતીના મનો-રાજ્યનો અધિનાયક બન્યો છે. સુરત શહેર એનાથી બડ-ભાગી બન્યું છે અને ગુજરાતના હૃદયનું સ્થાન પામ્યું છે. એ કવિના પ્રેમશૌર્ય અને સાહિત્યના મંત્રો ફરીવાર સમગ્ર ગુજરાતને ધબકાવી રહ્યા છે.

'શંખનાદ સંભળાયે ભૈયા શૂર પુરુષને તેડું હો.'

કોણ એટલો જડ હશે જે આ લીટીનો મર્મ આ કાળમાં નહિ સમજે? સુરતે આ પ્રસંગનું ઔચિત્ય બીજી રીતે પણ સાચવી લીધું છે. આવા જ્યોતિર્ધરની મૂર્તિનો અના-વરણ વિધિ કરવાનું કાર્ય તેણે આજના એક મહાન ગુજ-રાતી શ્રી કનૈયાલાલ મુનશીને સોંપ્યું હતું. આ યુગમાં નર્મદની ભાવનાસૃષ્ટિના ઉગ્ર ઉપાસક અને પ્રચારક એના સિવાય બીજા કોણ મળત? પ્રેમ અને શૌર્યનો એવો જ બીજો ભક્ત ગુર્જરગિરાના મંદિરે નર્મદની પ્રતિમાને અંજલિ આપે એ ખરેખર ભવ્ય ઔચિત્ય છે.

અને કાળનું આશ્ચર્યભર્યું વિશેષ વિધાન તો એ મૂર્તિને માટે તરુણ ગુજરાની શિલ્પીઓ મળી આવવામાં છે. ચિત્રકળાની વેલો ગુજરાતમાં પાંગરતી જોઇ છે, પણ શિલ્પમાં કરાંગુલિ ક્યાંયે પડતી નહોતી. આ નર્મદ-પ્રતિમા ગુજરાતની શિલ્પકળાનું પહેલું એંધાણ બન્યું છે. ભાઈ યુસુફ મર્ચંટ

અને કાન્તિલાલ કાપડિયાની કલાજોડીએ એ ગુર્જર કવિની અસ્મિતાને સાર્થક કરી દીધી છે. આ બંને કલાકારોની કારકીર્દિનો આવો સુંદર સુભગ પ્રારંભ થયો એ તેમનું અને ગુજરાતનું સદ્ભાગ્ય છે. જય જય ગરવી ગુજરાત.

ડૉ. મેરીઆ મૉન્ટેસોરી ગુજરાતમાં

આજે ગુજરાતમાં કેટલા યે તરુણો એવા હશે કે જેઓ મૅડમ મૉન્ટેસોરીના સિદ્ધાન્તોની આણમાત્રથી ક્રૂર મહેતાજીઓ અને અજ્ઞાત માતપિતાનાં તાડન અને તાડુકાથી બચી સોનેરી બાળપણ ભોગવી ચૂકયા હોય. સ્વ. ગિજુભાઇએ આ નવીન માનસશાસ્ત્રને ભગીરથની ગંગાની જેમ ગુજરાતમાં ઉતાર્યું પ્રચાર્યું અને ગુજરાતની શિક્ષણની વાટિકાઓને નવપલ્લવિત કરી. તેનાં તાદશ પરિણામોએ જ મૅડમ મૉન્ટેસોરીનું આવાગમન યોગ્ય રીતે વધાવી લેવાની બૂજ ગુજરાતની શિક્ષક જનતાને આપી હતી.

એ વિદુષી ભગવતી મૅડમ મૉન્ટેસોરી આજન્મ બ્રહ્મચારિણી છે અને આજે તેમની ૭૦ વર્ષની પૂર્ણ પક્વ અવસ્થાએ પણ વિદ્યા અને પ્રેમની અજબ જ્યોત્સ્ના તેમનાં નેત્રોમાં ચમકતી જોનારા ધન્ય બન્યા છે. અનેક શિક્ષકોએ તેમની પાસેથી તેમના સિદ્ધાન્તોનું પુનઃ પારાયણ અને અભ્યાસ કરી એ પદ્ધતિની પરંપરા વિશુદ્ધ બનાવી છે. તેનો લાભ ભારતીય ભાવિ પ્રજા પામશે એ નવા યુગનું વધુ સુભાગ્ય છે. આવાં વિરલ પ્રભાવશાળી નારી-શિરોમણિ વધારે આયુષ્ય અને આરોગ્ય ભોગવે એ જ પ્રાર્થના ઉચિત છે.



ડૉ. મૅડમ મૉન્ટેસોરી (સ્કેચ · ર.મ.રા.)

સ્વ. જીવનલાલ અમરશી મહેતા

● ગુજરાતના તેઓ એક જૂના અને પ્રસિદ્ધ ગ્રંથ પ્રકાશક તથા સાહિત્યસેવી હતા. એમનું વ્યક્તિત્વ, એમની સ્નેહ અને યોજનાભર્યો વ્યવહાર નમૂના રૂપ હતાં. બાલસાહિત્યની સાદી શરૂઆત ગુજરાતમાં પહેલી કરનારમાંના તેઓ એક હતા. ઉપરાંત કલાપીના સાહિત્ય સાથે પણ એમનું નામ જોડાએલું રહેશે. પ્રથમ ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના સહાયક મંત્રી તરીકે અને પછીથી ગ્રંથ પ્રકાશક તરીકે તેમણે સારી નામના મેળવી હતી. પોતાની વ્યવહારદક્ષતા અને સૌજન્યથી તેમણે ધંધામાં સારો ઉત્કર્ષ પ્રાપ્ત કર્યો હતો. તેમની પાછળ યુવાન પુત્રો અને કુટુંબ છે. અચાનક તેમનું હૃદય બંધ થવાથી સ્વર્ગવાસ થતાં એ શોકજનક અવસાન પ્રતિ અમારી હાર્દિક દિલગીરી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

ર. મ. રા.

ચિત્રશિક્ષક સંજીવનસત્ર

ચરોત્તર ચિત્ર શિક્ષક સંઘ તરફથી ઉનાળાની રજામાં ચિત્ર શિક્ષણને લગતા વિષયો પર વિચારોની આપલે કરવા ચિંતન અને પ્રયોગો કરતા શિક્ષકો અને કળાધરોનો સહકાર મેળવી એક સત્ર ભરવાનું ઠર્યું છે. આ વિષયમાં રસ લેતા તરુણો અને શિક્ષકો જરૂર તેમાં ભાગ લે. વિગતો માટે લખો: રવિશંકર રાવળ, પ્રમુખ-ચરોત્તર ચિત્ર શિક્ષકસંઘ અમદાવાદ; કાંતીલાલ કે. શાહ, મંત્રી-ચરોત્તર ચિત્ર શિક્ષક સંઘ કપડવંજ.

એક સુધારો: ગયા અંકમાં પ્રકટ થએલા લેખ 'કોલસાના ડામરમાંથી' રંગના લેખક ડૉ. નરસિંહ મૂ. શાહની ડીગ્રી ભૂલથી ડી.એસસી. લખાઇ છે તે એમ. એસસી., પી.એચડી. જાણે.

સિકંદરથી યે જબરી શહેનશાહત જમાવનાર અને નેપોલિયન-

એશિયા ખંડનો

એશિયાના ઇતિહાસની એ મહાન વિભૂતિ છે, એશિયાની મહત્તાનું એ પ્રોજ્જ્વલ પ્રતીક છે એટલું જ નહિ, પણ એશિયાના માનસનો યે એ પ્રતિનિધિ છે. કમનસીબે જગવિખ્યાત જંઘીસખાનના એ પૌત્ર કુબ્લાઇખાનનો આખો ઇતિહાસ આપણને નથી મળતો, નહિતર એની મહત્તા મધ્ય એશિયાનાં રણો-ની રેતી વચ્ચે સ્મૃતિશેષ જેવી જ ન રહેવા પામત.

જંઘીસના ચાર પુત્રોમાંના બીજા દીકરા તુલીનો એ સૌથી નાનો છોકરો. જીવનની પહેલી વીશી વટાવ્યા પહેલાં તો ઇરાનના ખલીફાને હરાવી ત્યાં મંગોલ રાજ્ય સ્થાપનાર હુલાગુ અને ખુદ જંઘીસ સાથે એ લડાઇના અનુભવો મેળવી ચૂક્યો હતો. જેટલી કુશાગ્ર એની બુદ્ધિ હતી એટલું જ અપ્રતીમ એનું બાહુકૌશલ્ય હતું.

જંઘીસે કેથે (ઉત્તર ચીન) તાબે તો કરેલું, પણ ચીન-ના શાસકોએ પીળી નદીના મુખ પર હાઇ-ફિંગફૂમાં ગાદી સ્થાપી દખ્ખણ ચીનનો પોતાનો કબજો ચાલુ રાખેલો. આ કબજાગીરીએ તાતારો ને ચીનાઓને છેવટ સુધી યુદ્ધમગ્ન રાખ્યા. કુબ્લાઈ નો મોટો ભાઈ મંગુખાન એવા જ એક યુદ્ધમાં ઝેચુઅન ખાતે ઈ. ૧૨૫૭માં માર્યો ગયો.

આથી કુબ્લાઈખાન ગાદીએ આવ્યો એના આરો-હણમાં એના ભાઇ એરિકબુધા ને પીતરાઈ કૈદુએ વાંધો ઉઠાવતાં થોડો વખત તો ચીનની જીત ખોળંબે પડી, પણ એને તદ્દન વિસારે પાડવા કુબ્લાઈ બિલકુલ તૈયાર ન હતો. ગાદી અંગેના બખેડાઓ શમાવ્યા પછી પોતાની ધ્યેયપ્રાપ્તિને પહોંચવાના પહેલા જ પગલા તરીકે ચીનની દક્ષિણ સરહદ પર યેનકિંગની જૂની રાજધાની કિન પાસે અઢાર સમચોરસ માઇલના ઘેરાવાનું નવું શહેર રાજ-ધાની અર્થે વસાવ્યું. આજનું પેકિંગ એ જ કુબ્લાઇનું એ તાતારનગર. જો કે ઉત્તરેથી એના ત્રીજે ભાગનો નાશ થયો છે, છતાં એની બંધાવેલી દિવાલો હજુ કાયમ છે.

આ નવા શહેરનું નામ તેણે તાઇન્તૂ (મહાન દરબાર) રાખેલું, પણ મોંગોલ અને પશ્ચિમના લોકો તો તેને ખાનબલીઘ (ખાનના શહેર) તરીકે જ ઓળખતા. ૧૨૬૭માં તેનું બાંધકામ પૂરૂં થયું કે બીજે જ વર્ષે કુબ્લાઇએ દખ્ખણના શુંગ વંશ સામે લડાઈ જાહેર કરી.

એના સેનાપતિ બયાને હેંગચિંગ (ત્યારની દુનિયાના સૌથી મોટા નગર)નો નાશ કરી, શહેનશાહ અને તેની માતાને કેદ કરી ખાનબલીઘ મોકલી આપ્યા; છતાં ચીના લોકોએ નમતું ન આપતાં અનુક્રમે બે કુંવરીઓને શાસકપદે બેસાડી તેમના નામે લડાઈ ચાલુ રાખી. પરંતુ આખરે એમને નમતું પડયું ને અરધી સદી સુધી મોંગોલોને યુદ્ધમાં રોકી રાખનાર એ યુદ્ધનો અંત આવ્યો. કુબ્લાઇ આખા ચીનનો સમ્રાટ્ બન્યો, એટલું જ નહિ પણ એક જ વ્યક્તિના હાથ નીચેની શાસિત પ્રજાનો સૌથી મોટો શહેનશાહ થયો. જગતના ઇતિહાસમાં પહેલી જ વાર કાળા સમુદ્રને પેલે પારનું પોલાંડ સુધીનું યુરોપ એક એશિયાઈ શહેનશાહતનો ભાગ ગણાયો. ફ્રાન્સના રાજાઓ પણ તેનાથી બીવા લાગેલા. અને તેના પુરાવા તરીકે તેમણે તબ્રીઝના તેના સુબાઓને લખેલા કાગળો હજુ પણ પારીસના મ્યુઝિયમમાં સચવાએલા પડયા છે.

કુબ્લાઇનો દાદો જંઘીસ તો એક વંટોળિયો જ હતો. મંગોલોના પાશવી ઝનૂનમાં જોશ ફૂંકી એણે એમનો મનફાવતો ઉપયોગ કર્યો, પણ એ જાતિને એના જંગલી-પણામાંથી સંસ્કૃતિની પગથાર પર મૂકનાર તો કુબ્લાઇ ખાન જ. અલબત્ત પૂર્વજોની યુદ્ધતૃષા ને તુમુલ બળ તેનામાં હતાં. આખા એશિયાના સૈનિકોથી પોતાનું પ્રચંડ લશ્કર એણે જમાવ્યું હતું. જાપાન પર એણે ચડાઈ કરી હતી, ચંપા (પ્રાચીન ચીન) પર આક્રમણ કર્યું હતું ને મિયેં (બ્રહ્મદેશ) પર પણ સફળ આક્રમણ કરી ઠેઠ ઇરાવતી સુધી સત્તા જમાવી હતી. તેનો છેલ્લો પ્રયાસ જાવા સામે હતો, જે એના અવસાનથી અધૂરો રહ્યો. આવી યુદ્ધપિપાસા મધ્યકાળમાં સ્વાભાવિક હતી, એટલે એટલા ખાતર કુબ્લાઈ દોષપાત્ર નથી ઠરતો. ઉલટું, આજની સંસ્કૃત પ્રજાઓની વિજીગિષા ખ્યાલમાં લેતાં યુદ્ધમાં એણે વાપરેલી નીતિ માન પેદા કરે છે.

કુબ્લાઇખાનની સાચી મહત્તા તો એક વિજેતા કરતાં આખી પ્રજાનું માનસ ઘડનાર તરીકે જ પ્રકાશી ઊઠે છે. શાસિત પ્રજાની આબાદી માટે તે આજીવન પ્રમાણિકપણે મથતો રહ્યો હતો. એનાં વહાણો દખ્ખણ હિંદથી તે પૂર્વ આફ્રિકા ને માડાગાસ્કર સુધી વાણિજ્ય

થી પણ વિશેષ વિજિગીષા સેવનાર

પહેલો ચક્રવર્તી



કુબ્લાઇખાન

★

એશિયા અને યુરોપ પર આંધી ફેલાવી જનાર એના દાદા જંઘીસની યુદ્ધતૃષા અને તુમુલ બળ તો એનામાં હતાં જ; પણ એની સાચી મહત્તા તો એક વિજેતા કરતાં સમસ્ત પ્રજાનું માનસ ઘડનાર તરીકે હતી. આખી મંગોલ જાતિને એણે સંસ્કૃતિની પગથાર પણ આપી મૂકી. ચીનાઇ સાહિત્ય અને સંસ્કૃતિને અપૂર્વ ચેતના આપી જનાર, એશિયાઈ સંસ્કૃતિની એ મહાન વિભૂતિ, માત્ર ચક્રવર્તી વિજેતા જ નહિ પણ પોતાની પ્રજાની સંસ્કૃતિનો ધ્વજધારી બન્યો હતો.

★

એડતાં. દેશદેશની અવનવીન ચીજો સંઘરવામાં ને તેનની કુતૂહલભરી વાતો સાંભળવામાં તે બહુ રસ લેતો.

ચીનાઇ સાહિત્ય અને સંસ્કૃતિએ એના શાસન નીચે અનનુભૂત વિકાસ સાધ્યો છે. જ્ઞાનની એની તૃષા અજબ હતી. વિજ્ઞાનની એકેએક શાખાનો એને શોખ હતો. ખગોળનિરીક્ષણ અર્થે પેકિંગમાં એણે ખાસ યંત્રો ઊભા કરાવેલાં, જેના અવશેષો હજુ કાયમ છે. લોકોને સુશિક્ષિત બનાવવા તેણે ઠેઠ યુરોપથી પાદરીઓ તેડાવવાનો પ્રયાસ કરી જોયો, પણ એશિયાથી અસ્પૃષ્ટ એવા ત્યારના યુરોપે એને સહકાર ન આપતાં એણે તિબ્બતના બૌદ્ધો તરફ નજર દોડાવી.

પ્રજાને સંસ્કારસંપન્ન બનાવવા ત્યાંના મતિધ્વજ નામના સાધુને તેણે આમંત્ર્યો. એની તરફથી મંગોલ ભાષાના પહેલવહેલા જ મૂળાક્ષર તેણે નીપજાવ્યા ને સમગ્ર પીળી પ્રજા બુદ્ધના નેજા નીચે આવી.

એ ખૂબ વિશ્વાસુ હતો ને મોટા અમલદારો નીમી પરાજિત પ્રજામાં તેણે જેવો વિશ્વાસ મૂક્યો એવો જ પરદેશીઓ ને પરધર્મીઓને પણ પોતાના એલચી નીમવામાં એણે મૂક્યો હતો. પ્રસિદ્ધ મુસાફર માર્કો પોલોના બાપ નિકોલો પોલો ને કાકા મૅફીઓ જે તેના રાજ્યની મુલાકાત લેનાર પહેલા જ યુરોપીઅનો હતા તેમને કુલ સત્તા સાથે તેણે પોપના એલચી તરીકે મોકલેલા. એમની બીજી મુસાફરી વખતે ઓગણીસ વર્ષના માર્કો પોલોએ ખાનની ભૂમિમાં પહેલો પગ મૂક્યો ને ખાને તેને ઊંચા હોદ્દા પર નીમી એની સારી કદર કરી. ખાન વતી એણે દક્ખણ હિંદની પણ મુલાકાત લીધેલી.

આ માર્કો પોલોએ ખાન સાથે પોતે ગાળેલાં વર્ષો અને મધ્ય એશિયાની પોતાની મુસાફરીઓનું વિસ્તૃત વર્ણન કર્યું છે. એના લખવા પ્રમાણે માવિત્રો પ્રત્યે ઉદ્ધતાઇથી વર્તનારા માટે એણે ખાસ ટ્રિબ્યુનલ નીમી હતી, દર ત્રણ વર્ષે એ બધા કેદીઓને મુક્તિ આપી દેતો હતો ને પીળી પ્રજાને સહજ એવા જુગારના અને છેતરપિંડીના બધા પ્રકાર સખતરીતે દાબી દીધા હતા.

અંગ્રેજ કવિ કોલરિજની કલ્પનાને બહેલાવનાર કુબ્લાઈખાનનો મહેલ તો ખરેખર હેરત પમાડે એવો હતો. માર્કો પોલોના લખવા મુજબ એ મહેલને આઠ માઇલ ઘેરાવાનો પાકો કોટ હતો. એ કોટ પછી એક ખાઈ આવતી ને ત્યાર પછી બીજો ગઢ. આ બંને ગઢોની વચ્ચે ખાનનું લશ્કર રહેતું. અંદરની દીવાલના અંતર્ભાગમાં આઠ વિશાળ મહાલયો હતાં જેમાં બધો શસ્ત્રસરંજામ રહેતો. એકમાં લગામો, જીનો, પડછી વગેરે ઘોડેસ્વારીનો સામાન તો બીજામાં ધનુષ, પણછ, ભાથાં વગેરે બાણોનો સામાન, એમ આઠે મહાલયો જુદા જુદા વર્ગમાં વહેંચાએલા હતા.

આ બીજી દિવાલો અને મહાલયોની પછી ત્રીજી દિવાલ હતી, જે પચીસ ફૂટ ઊંચી ને ખૂબ જાડી હતી. તેમાં ખાનના જ ખાસ ભંડારો હતા. અને તેની અંદર પાછો દીવાલોથી ઘેરાએલો રાજપ્રાસાદ હતો!

આરસની જાળી બ્યાસપીઠ પર ખડો કરેલો

આરસનો એ રાજપ્રાસાદ આજના ભલભલા રાજપ્રાસાદોને આંટી જાય એવો હતો. એની ખૂબી તો એ હતી કે ટુકડે ટુકડે આખો ને આખો સંકેલી લઈ, પાછો ધારે ત્યાં ઊભો કરી શકાય એવી એની બાંધણી હતી. એની બધી દીવાલો સોનાનાં પતરાંથી મઢેલી હતી ને તેના પર પશુ, પક્ષી, યોદ્ધા અને બુદ્ધ ભગવાનની મૂર્તિઓ કોતરેલી હતી. છત ઉપર પણ સોનેરી ને રૂપેરી રંગોમાં ચિત્રો આલેખેલાં હતાં. એના ઘુમ્મટ પરના ચીનાઈ તુંગ રંગો માઈલોનાં માઈલો સુધી એની ઝાંખી કરાવતા.

એ રાજપ્રાસાદમાં પાછા કુબલાઈએ બનાવટી પહાડો ને ઝરણાં સાથેનો જબરો બગીચો રચાવ્યો હતો. પર્વત બનાવવા માટે જે જમીનોનું ખોદાણ થએલું તેને પાકી બંધાવી એણે સુંદર સરોવરો બનાવ્યાં હતાં. એનો બગીચો અતીવ સમૃદ્ધ હતો. ક્યાંયથી પણ નવા રોપની બાતમી મળે તો તરત હાથીઓ સહિત પોતાનાં માણસોને મોકલતો ને મૂળ–માટોડી સહિત તે મગાવી પોતાના બગીચામાં વાવતો.

આજની સંસ્કૃતિની તુલનામાં પણ એશિયાના એ ખાનનું મહારાજ્ય જરા યે પાછું પડે તેમ નથી. ઉલટું આજની દાંભિકતા કરતાં માનવતાને તેમાં વધુ અવકાશ હતો. આજે તો ચીન દુકાળિયો દેશ ગણાય છે, પણ કુબલાઈના વખતમાં તેમ ન હતું. જો કે નબળાં વર્ષો તો ત્યારે યે આવતાં, પણ સુકાળના વખતમાં ખાન ઢગલાબંધ ધાન ખરીદી લઈ પોતાના રાજકોઠારો ભરાવી રાખતો ને નબળાં વર્ષોમાં તે વડે પ્રજાને પોષતો. ગરીબો માટે એને હાથીના દાંત જેવા 'પુઅર લૉઝ' કરવાની જરૂર જ નહોતી રહી. અનાજ અને કાપડના વેપારીઓ ઉપર એણે કર નાખ્યા હતા ને તેની આવકમાંથી હરકોઈ ગરીબને તેના ભંડારમાંથી અન્નવસ્ત્ર પૂરાં પાડવામાં આવતાં. કોઈને પાછો વાળવામાં ન આવતો.

બાગાયતનો તો તે ખૂબ શોખીન હતો. ઠેર ઠેર બગીચાઓ ઉપરાંત બધા જાહેર રસ્તા–ઓછી વસ્તીવાળા પ્રદેશો સુદ્ધાં–ઉપર એણે ઝાડો રોપાવ્યાં હતાં. સ્વચ્છતા માટે પણ એનો એટલો આગ્રહ હતો કે નગરના રસ્તાઓ પર કોઈ થૂંકી ન શકતું. બધાને ફરજિયાત પિકદાની રાખવી પડતી, જેનો ચાલ હજુ સુધી ચીનના કેટલાક પ્રદેશોમાં જળવાઈ રહ્યો છે.

રાત્ર રાજપ્રાસાદમાં ડંકા વાગતા ને ત્રીજા ડંકા પછી કોઈને યે રસ્તા પર ફરવાની મનાઈ હતી. અગત્યના કારણસર બહાર નીકળવું પડ્યું હોય તો તેનાં કારણો આપવાં પડતાં ને સાથે સળગતું ફાનસ રાખવું પડતું.

યુરોપ સાથે રેશમનો સીધો વેપાર પણ એણે જ સાધ્યો ને એ માટે એણે ધોરી મહામાર્ગો બનાવ્યા. યુરોપિયનોને એ વેપાર એટલો તો ફાયદાકારક માલૂમ પડ્યો હતો કે મુસલમાનોએ પાલેસ્ટાઈન, અરબસ્તાન ને આનાતોલિયા જીતી લઈ એ મહામાર્ગો બંધ કર્યા પછી વાસ્કો ડા ગામા ને કોલંબસને પણ 'રાજકર્તા મહાન ખાન'ને ઉદ્દેશીને જૂનો વેપાર તાજો કરવાનાં વિનતિપત્રો પોર્ટુગીઝ ને સ્પેનની સરકારે લખી આપેલાં.

અને એ બધાથી અજબ એવી તો ખાને વિકસાવેલી ટપાલપદ્ધતિ હતી. પોતાના સામ્રાજ્યમાં બધે એણે પાકા રસ્તા બંધાવેલા ને દર પચીસ માઈલે ટપાલનું એક થાણું રાખેલું. એ થાણાપરથી અંદરના ભાગમાં ટપાલ પહોંચાડવા ૪૦૦ ઘોડેસવારો તૈયાર જ રહેતા. એક થાણેથી બીજે થાણે પગપાળા ટપાલ પહોંચાડનારાઓ માટે ત્રણ ત્રણ માઈલે વિશ્રામસ્થાનો ઊભાં કરેલાં. તેમની કેડે એક ઘુઘરાવાળો પટો રહેતો, જે દોડતી વખતે વાગ્યા કરતો. માત્ર ટપાલ પદ્ધતિ જ નહિ, પાર્સલ પોસ્ટ અને સ્પેશિયલ ડિલીવરીની પદ્ધતિઓ પણ તેણે હસ્તીમાં આણેલી. કાગળનું નાણું પણ એણે પ્રચલિત કરેલું. જ્યોતિષનાં તેણે જે સાધનો ઊભાં કરેલાં તે તો બૉક્સર બળવા વખતે એ બર્લિન ઉઠાવી જવામાં આવ્યાં ત્યારે જ એના મહત્ત્વની ખબર પડી! અને આવા વિકાસનો એ યુગ તો હતો, યુરોપ જેને અંધારો યુગ ગણી રહ્યું છે એ યુગની એશિયાની તેરમી સદી!!

ઈ. ૧૨૧૬માં જન્મી ૧૨૯૪માં અવસાન પામેલી એશિયાની આ વિભૂતિને વીંટતાં તવારીખના થરો હજુ જગત ઓછામાં ઓછા ઉખેડી શક્યું છે, છતાં સિકંદરથી યે જબરી શહેનશાહત જમાવનાર અને નેપોલિયનથી યે વધુ ખતરનાક વિજિગીષા સેવનાર એશિયા ખંડનો પહેલો ચક્રવર્તી ને એની પ્રજાની સંસ્કૃતિનો ધ્વજધારી આ કુબલાઈખાન આપણી માનની નજર તો માગી જ લે છે. **અશોક હર્ષ**

मनोमंथन

પોતાની કુમાર-કિશોર વયનાં સ્મરણો સાથે 'સ્મરણયાત્રા' પૂરી કરીને તે પછીના કૉલેજ-જીવનનાં સ્મરણો 'મનોમંથન' નામથી આપવાનો કાકાસાહેબનો ઇરાદો હતો, અને તેનાં થોડાં પ્રકરણો લખાયેલાં પણ ખરાં. પણ પછી તેમાં આગળ વધવાનું બન્યું નહિ. હાલ તો એ તૈયાર પ્રકરણો અત્રે ક્રમશઃ પ્રકટ કરીએ છીએ.

२ आगनो अनुभव

એક દિવસ તાર આવ્યા કે સરકારે લાલા લજપતરાય અને અજીતસિંહને પકડીને ક્યાંઈક મોકલી દીધા છે.

તે દિવસે લોકમાન્ય સિંહગઢ પર હતા. એમને ખબર પહોંચાડવામાં આવી હશે. બીજે દિવસે તેઓ સિંહગઢથી ઊતરી પૂને આવ્યા હતા. તે જ દિવસે કોઈક દક્ષિણ તરફની કોઈ વિદ્વાન બાઈનું સંસ્કૃતમાં વ્યાખ્યાન થવાનું હતું. તિલકે અધ્યક્ષસ્થાન સ્વીકાર્યું. અમે કૉલેજના ઘણા વિદ્યાર્થીઓ તિલકનું વ્યાખ્યાન હોય ત્યાં અચૂક હાજર રહેવાના. ઘણીવાર એવા ખબરો મળે કે આજે તિલક કંઈ ખાસ બોલવાના છે અને તેથી પોલીસો સાદા વેશમાં સભામાં આવી ધાંધલ કરી સભામાં ભંગાણ પાડવાના છે. એવે દિવસે અમે વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં અને વિશેષ તૈયારી કરીને જતા. હાથમાં સરસ લાકડી હોય, ધોતિયાની અંદર લંગોટ બરોબર કસેલો હોય. ગજવામાં પાંચ પચ્ચીસ પથ્થર તો હોય જ. જેને ફેંટો બાંધવાની ટેવ હોય તે તો એ દિવસે ટોપીને બદલે ફેંટો જ કસીને બાંધે. અને શરીર ઉપર સૌ જાડા કોટ પહેરીને જઈએ.

આવે દિવસે હંમેશની પેઠે વિદ્યાર્થીઓનું ટોળું એકત્ર થઈને ન બેસે. સભાસ્થાનમાં સરખે અંતરે એક બે, એક બે, એમ અમે ફેલાઈ જતા. જેટલા પોલીસોને ઓળખીએ તેમને વીણી કાઢી પોલીસ દીઠ બબ્બે વિદ્યાર્થીઓ એને પડખે જ બેઠેલા હોય. પોલીસો જરા પણ તોફાન કરે તો એમને ત્યાં ને ત્યાં જ ઘાયલ કરતાં અમને વાર લાગે તેમ ન હતું. લોકમાન્યને તો અમારી આ તૈયારીની ખબર પણ નહિ હોય. પોલીસોનો ધાંધલ કરવાનો ઇરાદો સાચે જ હતો કે નહિ એ અમે ક્યાંથી જાણીએ? પણ અમારા તરફથી અમે સજ્જ રહેતા. એટલું જ સમાધાન અથવા આવી ઉત્તેજના અમારે માટે બસ હતાં. પોલીસો તોફાન ન કરે તો આપણે પણ શાંત રહેવું, હાથે કરીને ઝગડો ન કરવો, એટલો સંયમ અમારામાં પૂરેપૂરો.

આજની સભામાં વિદ્યાર્થીઓ બહુ ઓછા હતા. સંભવ છે કે એ રજાના દિવસો હોય. ક્યો મહિનો હતો એ આજ યાદ નથી. કેરળની પેલી વિદુષીએ दुर्लभं भारते जन्म એ શ્લોક લઈ સંસ્કૃતમાં લાંબું પ્રવચન કર્યું. લોકોમાં એની કદર કરવા જેટલી શાંતિ હતી જ નહિ. લજપતરાયની હદપારી વિષે તિલક શું બોલવાના છે એ જાણવાની ઉત્કંઠા જ દરેકના મનમાં હતી. આખરે સંસ્કૃત વ્યાખ્યાનનો અંત આવ્યો અને લોકમાન્ય બોલવા ઊઠ્યા. એમણે કહ્યું કે માણસ-જન્મ દુર્લભ છે એ ખરું; હિંદુસ્તાનમાં જન્મવું એ પણ પરમ ભાગ્ય છે. પણ આજનો સવાલ એ છે કે આપણે માણસ છીએ કે નહિ અને હિંદુસ્તાન તો આપણો નથી જ. હિંદુસ્તાન આપણો હોત અથવા આપણે માણસો હોત તો લાલાજી જેવા દેશભક્તને વગર ગુન્હે, વગર તપાસે હદપાર થવું જ ન પડત.

લોકમાન્ય જ્યારેજ્યારે બોલતા ત્યારેત્યારે હૃદયથી બોલતા, અને આજે તો એમનો આત્મા કકળી ઊઠ્યો હતો. ભાષણ પૂર જોસમાં આવ્યું હતું, એટલામાં પાછળની બાજુ ક્યાંઈક દૂર આગ લાગ્યાની બૂમ સંભળાઈ. સાંજનો વખત હતો. અંધારું થવા આવ્યું હતું. એટલામાં આકાશમાં લાલ ધુમાડાના ગોટેગોટા અને તણખા ઊડવા લાગ્યા. મારા મનમાં વિચાર આવ્યો, ભાષણ સાંભળવા બેસીએ કે આગ ઓલવવા જઈએ. આ ધર્મસંકટનો નિવેડો મનમાં કેમે કરીને થાય નહિ. એ વખતે ભાષણ સાંભળવું એ સ્વચ્છંદ લાગતો ન હતો. એ એક ધાર્મિક ક્રિયા છે, દીક્ષા છે એમ જ લાગતું. બીજી બાજુ એવો પણ વિચાર મનમાં આવતો કે જે પ્રજાને સ્વરાજ્ય મળે એટલા ખાતર આપણે પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર છીએ એ પ્રજાની પ્રત્યક્ષ સેવા કરવાની આ તક છે તે કેમ છોડાય? એ પણ એક દીક્ષા નથી!

એટલામાં લોકમાન્યે પાછા વળીને એ આગનું દૃશ્ય જોયું અને બોલવા લાગ્યા, 'આટલી નાનકડી આગ જોઈ તમે આટલા અસ્વસ્થ થયા છો, પણ આખા દેશને આગ લાગી છે એનો કોઈ વિચાર કરે છે! એ મોટી આગ ઓલવવા દરેકે દોડવું જોઈએ.' આ જ જાતનું કાંઈક વિવરણ આગળ ચલાવીને એમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

પછી તો ધર્મસંકટ હતું જ નહિ. હું એકદમ આગની દિશાએ દોડતો ગયો. ત્યાં જોયું તો અમારી કૉલેજના બીજા પાંચસાત જણ બીજે રસ્તેથી દોડતા આવતા હતા. હવે તો કાંઈક જરૂર કરી શકીએ એવી મનમાં ખાતરી થઈ. સામે નવું જ બાંધેલું એક મકાન હતું. કેટલાક ગરીબ લોકોએ પોતાની મૂડી ભેગી કરી એક ચાલ જેવું મકાન બાંધ્યું હતું અને બિચારા સુખેથી રહેતા હતા. એટલામાં અગ્નિ નારાયણનો કોપ થયો અને કોઈની ભૂલથી મકાન સળગી ઊઠ્યું. અમે પહોંચ્યા ત્યાં સુધીમાં તો જ્વાળાઓ ઉપરના છાપરા સુધી પહોંચી ગઈ હતી. બૈરાંઓનો કકળાટ તો સાંભળ્યો જાય એમ ન હતો. કેટલાક ભાઈઓ દોડમદોડા કરતા હતા અને કેટલાક તો હેબતાઈ જઈને બેસી જ ગયા હતા. તેઓ ન તો રડે, ન કશો પ્રયત્ન કરે. લોકોની તો ઠઠ જામી હતી. અમે એ ગીરદીમાંથી અંદર ઘૂસ્યા અને શું કરી શકાય એ જોવા લાગ્યા. અમારી ટોળીમાં શરીરે દુર્બળ હું એકલો જ હતો, પણ હિમ્મતમાં બીજાથી ઊતરતો જરાય ન હતો. અને અભિમાનપૂર્વક કહી શકું કે અણીને પ્રસંગે શું કરવું એની સૂઝમાં બીજા કરતાં કાંઈક ચઢિયાતો જ હોઈશ.

અમે જોયું કે ઘર આગળ એક બંબો ઊભો છે અને પાસે જ એ ચલાવવાનું એક ઍંજીન છે! મ્યુનિસિપાલિટીવાળાઓ આગ ઓલવવાની તૈયારી તરીકે એ ઍંજીન સળગાવવા બેઠા હતા. આસપાસ પાણી ન હતું. દૂરથી પાણીની ગાડીઓ આવતી હતી. પણ લોકોની ઠઠને લીધે ગાડીઓને આવવાનો મારગ મળતો ન હતો. આફતને વખતે, નિરાશાને વખતે, અણીને પ્રસંગે જેનું મગજ ઠેકાણે હોય છે, જેને કંઈક સૂઝ પડે છે એનું જ રાજ્ય વગર તકરારે ચાલે છે. રસ્તા પર જે પોલીસો હતા તેમને મેં કહ્યું—ના હુકમ કર્યો—કે પાણીની ગાડીઓ આવવાનો રસ્તો કરી આપો. લોકોને હઠાવો અને ન માને તો ચાબુક ચલાવો. મોટા ઘાંટા પાડીને મેં લોકોને પણ વિનંતિ કરી કે આમ રસ્તો રોકવો એ ગરીબ લોકોના જાન લીધા બરાબર છે. સમજુ લોકો તરત જ ખસ્યા. કેટલાક કુતૂહલપ્રધાન બાયલા લોકોને ચાબુકથી સમજાવવા પડ્યા. એક ઠેકાણે તો મારે જ ચાબુક હાથમાં લેવો પડ્યો. જેમતેમ ગાડીનો મારગ ખુલ્લો થયો અને પાણી પણ ઝટ ઝટ આવવા લાગ્યું. બે પોલીસોને મારગ ફરી બંધ ન થઈ જાય એ સંભાળવા માટે નીમી દીધા અને હું બંબા પાસે આવ્યો. ત્યાં મેં થત્તેને જોયો. એ ભીષણ પ્રસંગે પણ એની વીર મૂર્તિ તરફ કદરની નજરે જોતાં ઊભા રહેવાનું મને મન થયું. શરીર પર ફક્ત એક પહેરણ અને એના ઉપર પૅન્ટ. માથાના વાળ ગમે તેમ વિખરાઈ ગએલા અને પરસેવાથી કંઈક બેસી ગએલા. એ ગમે તેવા બળતા ઘરમાં ઘૂસી જાય અને લોકોની ચીજો બહાર કાઢી આપે. એણે ફુલબૂટ પહેરેલા એટલે એને ગમે ત્યાં જતાં આંચકો આવતો ન હતો. મલા કળમકર ચંપલ પહેરીને જ આવેલા, પણ એ પણ ગમે ત્યાં ઘૂસી જાય.

મેં આવીને પેલા ઍંજીનવાળાને કહ્યું કે ઍંજીન સળગાવવાનું પડતું મેલો. ઍંજીન સળગતાં વાર થશે અને ઍંજીનથી પાણી પંપ કરવા જેટલું પાણી પણ આપણી પાસે નથી. આપણે હાથે જ બંબો ચલાવીશું. પ્રથમ તો અમારા કૉલેજના વિદ્યાર્થીઓ બંબાનાં લાંબા હૅંડલો સામ સામા પકડીને ચલાવવા લાગ્યા. બહાદુર થત્તે એ બંબાની હોઝ (સૂંઢ) પકડી અને એને જ્યાં અગ્નિની જ્વાલા ખૂબ ફાટી નીકળતી હતી ત્યાં પાણીનો મારો ચલાવ્યો. બે હાથે સૂંઢ પકડી એ ગમે ત્યાં ઘરી જાય.

પાણીનો વર્ષાવ ક્યાં કેટલો કરવો એ નક્કી કરનાર હું છું એ જોઈ ઘરવાળાઓ કરગરીને મને કહે 'થોડું પાણી આ મારા ઘર પર રેડો; તમારું ભલું થશે.' ધીરજપૂર્વક સમજાવવાનો ત્યાં વખત ન હતો. ચીડાઈને હું કહેતો, 'મને મારા ભલાની પણ પડી નથી અને તમારા ભલાની પણ પડી નથી. મારે તો આગ દબાવવાની છે. બે ત્રણ જણને મેં આમ કાઢ્યા એટલામાં એક બાઈ આવીને મારા પગને વળગી અને કહે, 'મારા ઘર પર પાણી ન છાંટો તો તમને અહીંથી

ખસવા ન દઉં.' એ મારે પ્રસંગ હતો. મેં એ બાઈને સમજાવવાનો થોડો પ્રયત્ન કર્યો. પણ એનું મગજ ક્યાં ઠેકાણે હતું. આખરે મારા પગ છોડવવા ન છૂટકે મારે એ બાઈને લાત મારવી પડી. તેવખતે મારા આખા શરીરમાં શું થયું એ એક ભગવાન જ જાણે!

મેં જોયું કે આગ ઓલવવા માટે પૂરતા લોકો નથી એટલે બંબો ચલાવનાર મારા મિત્રોને મેં થત્તે અને કળમકરને મદદ કરવા મોકલી દીધા અને આગ જોવા ભેગા થએલા તમાશબીને માંથી મજબૂત મજબૂત લોકોને સખ્તાઈથી વિનવી બંબે વળગાડયા. લોકો આવે ખરા પણ જરાક થાકે એટલે ખસી જાય. મારે ફરી ફરી નવા લોકો આણીને ગોઠવવા પડતા. પણ સદ્‌ભાગ્યે એ લોકોમાંથી જ એક જણે આગળ આવી મને કહ્યું કે તમે અહીંથી જાઓ. હું બંબો ચાલતો રાખવાની જવાબદારી મારે માથે લઉં છું. હું ત્યાંથી ખસ્યો. જરાક માથું ઊંચું કરીને જોયું તો આગના ક્ષેત્રથી કાંઈક દૂર ઘાસની એક મોટી ગંજી માથું ઊંચું કરીને ઊભી છે અને પવન પણ એ ગંજી તરફ જ વાય છે. મારા પેટમાં ફાળ પડી. જો આગમાંથી બે ચાર તણખા એ ગંજી સુધી પહોંચી જાય તો આખી સદાશિવ પેઠ બળીને ભસ્મ થઈ જાય.

હવે બળતા મકાનો બચાવવાની દૃષ્ટિ ન રહી. આગ ફેલાય નહિ એ જ જોવાનું કામ મુખ્ય રહ્યું. નાનપણમાં અમારા શાહપુરમાં લાતીઓમાં એક ગાડી-ખાનું હતું તે બળતું મેં જોએલું. એ વખતે અમારી શેરીના એક પહેલવાન સમાજસેવકે પોતાના અખાડાના મલ્લને હુકમ કર્યો હતો કે પહેલું કામ છાપરૂં તોડીને ચાર દિવાલની અંદર નાંખવાનું છે. જેથી લાતીમાં આગ પહોંચે નહિ. એ વાતનું મને સ્મરણ થયું અને તરતજ અમે લાંબા લાંબા વાંસ લઈ બળતું છાપરૂં અંદર તોડી પાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. હોઝ બીજાના હાથમાં સોંપી થત્તે પણ અમારી ભેગો થયો. અનેકવાર કળમકર અને થત્તેના હાથ દાઝી જતા. પણ તેઓ એક ક્ષણ પણ વિસામો લેવા થોભ્યા નહિ.

અમારૂં કામ ધમધોકાર ચાલતું હતું એટલામાં આ ચાલમાં રહેનાર એક બાઈ બહાર ગએલી હશે તે તે જ ક્ષણે પાછી આવી. અને એણે તો મારો દીકરો ઘરમાં બળી જાય છે એવી બૂમ ચલાવી. એણે બતાવેલા ઘરમાં હું ઘૂસી ગયો. કેમકે મારા પગમાં પણ ફુલબુટ હતા. ધુમાડામાંથી મારગ કાઢતો, જ્વાલામાંથી પોતાને બચાવતો હું બધે ફરી વળ્યો. પણ બાઈનું બાળક ક્યાંઈ જડે નહિ. નિરાશ થઈને પાછો ફર્યો. એટલામાં થત્તેએ લાંબા વાંસ વતી ગબડાવેલું મોભીયું બરાબર મારા માથા પર આવી પડ્યું. એક બે જણનું મારા પર ધ્યાન હતું તેઓ તરતજ મારી વ્હારે ધાયા. મોભીયું માથા પર ત્રાંસું પડેલું એટલે મને જૂજ જ વાગેલું. માથા પરના વાળને સહેજ ઝાળ લાગી ગઈ એટલુંજ. બહાર આવીને તપાસ કરતાં ખબર પડી કે એ બાઈનું બાળક એના પડોસીએ આગની શરૂઆતમાં જ ઘરમાંથી બહાર કાઢી એક ખૂણે બેસાડ્યું હતું. બાઈ તો હજી યે 'મારો દીકરો' 'મારો દીકરો' કરીને રોતી હતી. આસપાસના લોકો એને કહેતા કે તારો દીકરો છે. પરંતુ એ સાંભળે ત્યારે ને? એની તો એક જ વાત "મારો દીકરો, મારો દીકરો." જ્યારે કોકે એનો દીકરો આણીને એના ખોળામાં મૂક્યો ત્યારે જ એ બાઈનો જીવ હેઠો બેઠો.

બધા છાપરા આખરે દિવાલ વચ્ચે આવ્યા. બચાવી શકાય એટલો માલ બહાર અણાયો હતો અને આગનું જોર પણ ઓછું થયું હતું, હવે અમને છાત્રાલયમાં પાછા જવાનું સૂઝો આવ્યું. સગડીની પેઠ ભડભડ બળતા મકાનોને એમ ને એમ છોડી અમે કૉલેજ તરફ વળ્યા. ખાવાનું ઠંડું થઈ ગયું હતું. અને અમને પણ ઉત્સાહ રહ્યો ન હતો.

બીજે દિવસે 'દૈનિક જ્ઞાનપ્રકાશ'માં રાત્રે આગ લાગ્યાની ખબર પ્રસિદ્ધ થઈ હતી અને અંતે એક લીટી હતી કે આગ ઓલવવામાં કૉલેજના વિદ્યાર્થીઓએ સારી મદદ કરી હતી. બીજે દિવસે બે જ વિચાર મારા મનમાં આવતાઃ પેલી બાઈને લાત મારતાં મારો જીવ કેમ ચાલ્યો અને પોલીસોએ અમારી સૂચનાનો આટલી રાજીખુશીથી અમલ કેમ કર્યો? પણ દેશમાં લજપતરાયની વાતો એટલી બધી ચાલતી કે દેશમાં સળગેલી એ મોટી આગમાં અમે રાતની પેલી નાની આગ સહેજે ભૂલી ગયા.

दत्तात्रेय बालकृष्ण कालेलकर

માજા વેલાનું મૃત્યુ



પ્રાચીન કાળના કોઈ કુલપિતાની અદાથી માજો વેલો બેઠો હતો. તેના માથે, આકાશમાં અદૃશ્ય થતી ડાળીઓવાળા, કોઈ તપોવનના વૃક્ષ જેવા ઊંચા ઊંચા ટાવરની છાયા ઢળી રહી હતી. તેની આસપાસ તેનો ત્રણત્રણ ચારચાર પેઢી સુધીનો પરિવાર ફેલાઈને પડ્યો હતો. તેની દીકરીની દીકરીનાં જોડિયાં બાળક તેના બે ખભા પર ટીંગાયાં હતાં. તેનો સાઠ વરસનો દીકરો તેને પડખે જ ઊભા પગ પર માથું ઢાળી બેઠો હતો. તેના પચાસ વરસના બીજા છોકરાના બે છોકરાની વહુઓ થોડેક છેટે તેમનાં બચ્ચાંને ધવરાવતી દોણીઓમાંથી કંઈક વસ્તુઓ તાંસળીમાં કાઢતી બેઠી હતી. અને એવાં બીજાં અનેક સ્વજનો, જેની સંખ્યા ગણતાં કે યાદ રાખતાં માજા વેલાને આવડતું ન હતું તે બધાં નક્ષત્રના તારાઓની પેઠે આમતેમ ફેલાતાં બેઠાં હતાં.

શિયાળાની સાંજના સાતેકનો વખત હતો. અને તપોવનના યજ્ઞના ધુમાડાની પેઠે કારખાનાંનો ધુમાડો સર્વત્ર વ્યાપેલો હતો. યજ્ઞના ધુમાડાની પેઠે તે પણ આંખોને બાળતો હતો. યજ્ઞના ધુમાડાની પેઠે તેનામાં પણ ગંધ હતી, પણ તે માત્ર ગટરની, સુગંધિત હવિની નહિ. શહેરના કોટ બહાર મોટરોના એક અડ્ડા પાસે એક ઊંચા ટાવરની પડખે ફુટપાથ ઉપર, રોજની પેઠે આજે પણ માજા વેલાની સંતતિ ભેગી થએલી હતી.

સાંજ વેળાએ, પોળના લોકો ખાઈ પરવારવાની તૈયારીમાં હોય ત્યારે માજા વેલાની સંતતિ માથે એક નાનકડું દોણું મૂકી મીઠા તીણા રણકતા અવાજે 'માબાપ, કંઈ આલજો કે . . .'ના ટહુકા કરતી ગલીએ ગલીમાં ફરી વળતી અને પોતાનું દોણું ભરાયે પેલા ટાવર પાસેના અડ્ડા તરફ લહેકાતી ચાલે રવાના થતી. આદમીઓ પોતપોતાના શાકના કે પ્યાલા–બરણીના ટોપલા સાથે કે ખાલી હાથે ત્યાં ક્યારના આવીને બેસતા. જેમજેમ દોણાં આવતાં થતાં તેમતેમ તેમાંની વસ્તુઓને ઈન્સાફ અપાયે જતો; અને છેવટે થોડુંઘણું વધે તે વાસમાં પડી રહેતાં ઢોસાંડગરાં માટે લઈ જવાતું.

આજે માજા વેલાને થોડો તાવ આવેલો એટલે ઘણાંએ ના કહેલી, છતાં તે આવવા તૈયાર થયો. ગઈ કાલે એક લગ્નમાંથી જે વસ્તુઓ આવેલી તે પરથી તે લગન માટે તેનો અભિપ્રાય ઊંચો બંધાએલો. અને એ લગન, નાત, જમણ બધું જોવા માટે તેની ઉત્સુકતા વધેલી.

'માજા દાદા, તમને બરાગત ચડી છે ને શું કરવા આવો છો!' નીકળતાં નીકળતાં તેમના ભત્રીજાએ કહ્યું.

'અરે બરાગતની મા પરણે!' માજા વેલાએ ખૂં ખારીને કહી નાખેલું અને લાકડીને ટેકે મોટરોથી ભરેલા રસ્તા ઓળંગતો, હોટેલોના ભપકદાર દીવા જોતો, માજો વેલો આવીને ટાવરની ભીંતે બેસી પડ્યો. તેને સહેજ હાંફ ચડી. પણ તે થોડી વારમાં બેસી ગઈ.

તેની દીકરીની દીકરીનાં જોડિયાં બાળક તેની આસપાસ બે ગલૂડિયાંની પેઠે વીંટળાઈ તેની મૂછો ખેંચતાં, તેને ખભે ચડી જતાં, તેનો ખોળો ખૂંદતાં ગેલ કરવા લાગ્યાં. માજો વેલો એ છોકરાંઓને રમાડતાં, આસપાસનાં છોકરાં–વહુઓની વાતો સાંભળતાં સાંભળતાં, માણસોથી ભરાઈને જતા ખટારા, સાઈકલો, મોટરસાઈકલો, મોટરો વગેરેને જોઈ રહ્યો.

મોટરના અડ્ડા ઉપર એક માણસ સિગારેટ પીતો ઊભો હતો. તેની મીઠી ધુમાડી માજા વેલાના નાકમાં આવી. તેની જીભ સળવળી. પેલા માણસને ફૂંક લેતા

દાતણ વેચતી અને એઠાં ઉઘરાવતી નીચલા સમાજથરની સૃષ્ટિનું જીવનચિત્ર

આલેખક · સુન્દરમ્

તે તાકીને જોઈ રહ્યો. સિગારેટ પીનારે તે થોડીક પીને નાખી દીધી. માજી વેલાએ તરત એક છોકરાને દોડાવ્યું: 'જા તો, લલિયા, પેલી બીડી લઈ આવ.'

'સીગરેટ, દાદા'

'હા. શીગરેટ; માળા શહેરી થઈ ગયા તો બહુ!' માજી વેલાએ પોતાનો મોટો અસંતોષ જણાવ્યો. અને છોકરો સિગારેટ લઈ આવ્યો તેને, વચ્ચે વચ્ચે છોકરાને એકાદ દમ ભરવા દઈ, પોતે પીવા લાગ્યો અને આસપાસનાંને કહેવા લાગ્યો:

'હજી વીજી ન દેખાઈ!' 'મલકાને ક્યાં મોકલ્યો છે!' 'વહાલડી, તું તો જાણે નકરી વાણિયણ જેવી લાગ છ.' 'અરે, ભાણકા, તારી છોડી કેમ આટલી બધી રોવે છે!' 'કલી ડોસી માંદી પડી છે!' 'હેં, પેલો મગિયો હસ્પિતાલમાં મરી ગયો!'

તેનાં સાતેક વરસની ઉમર સુધીનાં 'છોકરાં' આ પ્રશ્નોના ખપજોગા જવાબ આપી વળી પાછાં પોતાની વાતમાં ઢળી જતાં હતાં. છેવટે માજીએ એક સવાલ કરી બધાંને ચોંકાવી મૂક્યાં: 'અને પેલા ધાડમાં ગયા છે તેમની તો તમે કોઈ મને વાતે ય નથી કરતા!'

માજી વેલાની પાસે બેઠેલો તેનો પળિયાંવાળો છોકરો એકદમ કાન સરવા કરી બોલ્યો: 'બાપા, જરા ધીરે બોલો કે' પોલીસવાળો અહીં જ આંટા મારે છે.'

એવામાં જ અફા ઉપર આવીને ઊભેલી મોટી ઘર જેવડી મોટરમાંથી એક ઊંચો પોલીસ ઊતર્યો અને કેડ પરનો દંડો હલાવતો ચાલ્યો ગયો. તેની પાછળ તુચ્છકારની નજર નાખતો માજી વેલો ધીરેથી બોલ્યો:

'હવે જોઈ તારી પોલીસવાળી! આ એવા તો સત્તરને ગૂંજામાં ઘાલીને અમે ફર્યા છીએ!'

'દાદા, એક વાત કહો ને, પેલી તમારી ધાડની!' તેમનો એક પ્રપૌત્ર આવીને તેમને વળગ્યો. અને માજી વેલાએ કેટલામી ય વાર પોતે શહેરમાં ધાડ પાડી હતી તેની વાત કહેવા માંડી. મોટાં માણસોને તો એ વાત જૂની થઈ ગઈ હતી એટલે તેઓ પોતાની વાતમાં મચ્યાં રહ્યાં. માત્ર તેમણે ડોસાને કહ્યું: 'ડોસા, હળવેથી બોલો. હળવેથી.'

માજી વેલાએ વાત ધીરેથી કહેવા માંડી. પણ તેની કહેવાની છટા એવી હતી કે બીજી વાતો કરનારનો એક કાન તો તેના તરફ જ રહેવા લાગ્યો.

અને માજી વેલાએ ભૂતકાળ ઉખેળવા માંડ્યો. 'ગામડેથી શહેરમાં અમે આવેલા ત્યારે આ કોટ બહાર દરવાજા કને પડી રહેતા. દાતણ વેચતા, એંઠું માગી લાવતા, અને રાતને પહોર એકલદોકલ કોઈ મળે તો તેને ખંખેરી લેતા. પણ તે આ દરવાજા આગળ નહિ. હોં કે! આ શહેરને તો બધા સત્તર દરવાજા છે. તે બીજા કોક દરવાજે. અહીં તો ગરીબ ગાય થઈને જ રહેવું પડે ને? અને આ જ્યાં ટાવર છે ત્યાં તો કશું ય નહોતું!—હા, કશું ય નહિ. એક ઊંડો ખાબોચો હતો. તેમાં લોક ઝાડે ફરવા આવે, એંઠ નાખી જાય, પતરાળાં નાખી જાય. અમે તો ઠેરવેલું કે આ દરવાજે કશું ય ના કરવું. પણ એક વાર લગનગાળો હતો અને તારી દાદી એંઠ લઈને આવતાં ખબર લાવી કે એક ઘાંચણ હજારેક જેટલાના દાગીના પહેરીને પતરાળાં નાખવા આવે છે. તે મેં તો ઘણો ય વાર્યો. પણ મારો પેલો નગુડિયો ઝાલ્યો ન રહ્યો અને ઘાંચણને ખંખેરી લીધી. પણ એ તો બહુ બુમાટા કરવા લાગી. પછી શું થાય? એની ગળચી દાબી દીધી અને ખાડામાં નાખી દઈ નાસી ગયા. હા, પછી પોતાના ભાગનાં ઘરેણાં વેચતાં અમારામાંનો એક પકડાયો હતો. પણ મારા ભાગનાં તો મેં ગાળી જ નાખ્યાં હતાં. તો ય અમને બબ્બે વરસની સજા થએલી. એ અમારી પહેલી થાપ.'

છોકરાંઓ નવાઈભરેલે મોંએ સાંભળી રહ્યાં. 'હેં દાદા, તે અહીં ટાવરે ય નહોતો!' 'ના.' 'અને દાદા, આ પેલી મોટી બત્તી યે નહોતી!' 'ના, ભાઈ. આવા રસ્તા ય નહોતા. અને હાથહાથની ધૂળ, અને કૂતરાં ય કેટલાં બધાં. ભસ ભસ કર્યા કરે. પણ અમને ઓળખે હાં કે! અને લોક તે વેળા તો ખાઈ જાણતા, ઓઢી–પહેરી જાણતા. ભાઈલા. હવે તો એ ખાય છે ય શું! હવે તો ઘી વગરના વરા, અને તે ય મહીં શું મળે! અને હવે બાયડીઓ ઠાઠવાળી શણગારેલી તો ભારે હોય છે, પણ એ તો બધાં ખોટાં ઘરેણાં, ખાલી શોભાનાં. કોઈને ખંખેરીએ તો ય માંડ આઠ

દસ રૂપિયાનો માલ હાથ આવે!'

'તે દાદા સીગરેટો ય નહોતી?'

'ના ભાઇ, પહેલે તો લોક હુક્કા પીતા. ને હું ને મારો ભાઇ એક લુવાણાને ઓટલેથી હુક્કો ઉઠાવી લાવેલા. આખી રાત વાસમાં બેસી પીધા કર્યો. દહાડે તો કંઈ આપણા વાસમાં બેસી પીવાય! સાતેક રાત અમે હુક્કો પીધો, પછી હુક્કો વહેંચવાની તકરાર થઇ એટલે અમે તે ભાંગી નાખ્યો!'

'તે દાદા, કહે છે તમે રૂપિયા બનાવતા?'

'હા!' માજો વેલો બોલવા જતો હતો, પણ એના છોકરાએ એને રોકી રાખ્યો: 'બાપા, મૂંગા રહો કે. એ વાત અહીં ના કાઢશો.'

માજો વેલો ઘડીક ચૂપ રહ્યો. વાતો સાંભળવામાં મગ્ન એવું એક છોકરું બોલી ઊઠ્યું: 'મા, મને ભૂખ લાગી છે.' અને ઊઠીને મા તરફ જતુંજતું બોલ્યું: 'દાદા, રૂપિયાની વાત ઘેર જઇને કહેજો, હો કે?'

'હા, બેટા' જા, જો કે તારી મા શું લાવી છે?'

'તે દાદા. તમે કેટલા બધા રૂપિયા બનાવેલા?' એક બીજા છોકરાએ પૂછ્યું.

'આટલા બધા!' હાથને માટલી માય તેવડા પહોળા કરી માજો વેલો બોલ્યો. અને એ પહોળા કરેલા હાથમાં તે છોકરાને તેણે ઉપાડી લીધું.

'દાદા, તમારી મૂછો રૂપિયા જેવી ધોળી છે, નહિ?' છોકરાએ માજા વેલાના થોભિયા જોડે રમતાં કહ્યું. માજો વેલો હસ્યો અને મૂછને હથેળીની પૂંઠથી ઊંચી ચડાવતાં બોલ્યો: 'ના' બેટા. એ તો સૂતરફેણી જેવી છે. ખંભાતની સૂતરફેણી જેવી''

'એ શું દાદા!' છોકરાની જિજ્ઞાસા વધી.

'અરે બાપ, તેં હજી સૂતરફેણી નથી ખાધી!' માજો વેલો જમાના પર અફસોસ કરવા લાગ્યો. 'અરેરે, અમે જેટલું ખાધું છે તેટલું તમને જોવાનું ય નહિ મળે. હવેના લોક શું ખાઈ જાશે!' અને દૂર બેઠેલા ટોળા તરફ જોઇને બોલ્યો: 'અલ્યા, કોઇનામાં સૂતરફેણી આવી હોય તો લાવજો અહીં!'

સ્ત્રીઓ જરાક રણકતું હસી. પુરુષોમાંથી કોક ધીમેથી બોલ્યું: 'ડોસાને ય શું મરતેમરત બસકા થાય છે!'

'અલ્યો, કોઇ સાંભળો છો કે નહિ!' માજો વેલો ફરી બોલ્યો.

'એ, આવશે તો આપશું, દાદા, આ હજી દાળ ભાત આવ્યાં છે.' કોકે કોમળ અવાજે કહ્યું.

'એ સારું સારું, ભાઈ; મારે નથી ખાવી, આ તો છોકરાને જરા બતાવવી હતી.'

'અને સૂતરફેણી આવે ત્યાં લગી તેનું વર્ણન કરવાનો છોકરાંઓએ આગ્રહ કરતાં માજો વેલો સમજાવવા લાગ્યો: 'છે તે, તમે છાણાં થાપો છો ને, છાણાં, તેવી નાનકડી છાણા જેવી હોય હોં કે.'

'છી: છી:!' છોકરાં બોલી ઊઠ્યાં.

'અરે સાંભળો તો ખરાં! પણ તે ધોળી, સાવ ધોળી. નકરી દૂધ જેવી!'

'હેં!'બાળશ્રોતાઓની આંખો આશ્ચર્યથી પહોળી થઈ. અને ગળી ગળી! અને અંદર કેસર હોય તો પીળી.'

'પીળી? ખીચડી જેવી?'

'હા, એવીક. અંદર એલચી, બદામ, પીસ્તાં, જાવંત્રી, એવું એવું બધું હોય!'

'દાદા, એ બધું શું!' છોકરાં બોલી ઊઠ્યાં.

'અરે, તમે એ બધું નથી ભાળ્યું હજી?' માજો વેલો નવાઈ પામ્યો. તેને પોતાનાં છોકરાંઓ ઉપર તિરસ્કાર આવ્યો કે આ નાનાં છોકરાંઓને તેણે હજી લઇ કંઇ ખવડાયું નથી, બતાવ્યું નથી. તેને કોક ગાંધીની દુકાન ફોડીને બધો સૂકો મેવો છોકરાંઓ માટે લઈ આવવાનું મન થયું. તે ધીમેથી બોલ્યો: 'કોક દી દેખાડીશ, બેટા. જીવતો રહ્યો તો.'

'તે દાદા, તમારી મૂછો કેમ ધરૂજે છે?' એક છોકરું બોલ્યું.

'અરે દાદાના બભા ધરૂજે છે!' બીજું બોલ્યું.

'દાદા, સૂતરફેણી ખાવો તો મટી જાય!' ત્રીજું બોલ્યું.

'રહો કે, હું લઇ આવું.' અને એમ કહી પોતાના બાપા પાસે જઈ તેને વળગી કહેવા લાગ્યું: 'બાપા, દાદાને સૂતરફેણી ખવાડી હોય તો! દાદા ધરૂજે છે!'

તે મોટો માણસ, માજા વેલાનો પુત્ર, માજા વેલા તરફ ફર્યો: 'ડોસા, બરાગત ચડી કે શું વળી? મેં ના નોહતું કીધું!'

'કંઈ નથી, બેટા! એ તો સહેજ ટાઢ વાય છે!' માજો વેલો બોલ્યો: 'તમે તમારે કરતા હો એ કરો, બાપા!' પણ ડોસાની પાસે આવીને તેના ભત્રીજા

વનાએ ડોસાને હાથ અડાડી જોયો. ડોસાને તાવ ચડવા માંડ્યો હતો. પોતાના શરીર પરની લીલી કામળ ડોસાને તેણે ઓઢાડી ને કહ્યું: 'સૂઓ હવે. બહુ બોલશો મા!' અને તે છોકરાંને દૂર ભગાડી મૂકવા લાગ્યો. ત્યાં માજા વેલાએ કહ્યું: 'છો બેઠાં એ મારી કને!'

તે ટાવરની ભીંતને અઢેલી જરા વધુ ઢળ્યો અને પોતાની આસપાસની હિલચાલો તરફ તરફ જોઈ રહ્યો. તેની વહુ દીકરીઓ વારેવારે ઊઠબેસ કરતી હતી. કોક એક દોણું હાલવી વળી ફરી દરવાજા ભણી જતી હતી. દૂરદૂરથી બેન્ડવાજાં સંભળાતાં હતાં. દરવાજાની અંદર આગે બત્તીઓનો મોટો ઉજાસ દેખાતો હતો. લોકોનો કોલાહલ રોજ કરતાં વિશેષ હતો.

માજા વેલાને અહીં આવતાં રોકનાર ભત્રીજાને દાદા તરફ વિશેષ વહાલ હતું. તે દાદા પાસે આવ્યો અને બોલ્યો: 'દાદા, કંઈ ખાવું છે?'

'ના ભાઈ, આવશે તે ખાઈ લઈશું.'

'ના, ના, તમે કંઈ સુતરફેણીની વાત કરતા હતા ને?'

ના ભાઈ, એ તો આ છોકરાંને દેખાડવી'તી જરા!'

'સારું બીજું કાંઈ જોઈએ છે!' અને તે પાસે પડેલું ઓચિયું ઉપાડી, માથાનું ફાળિયું ઠીક કરતો, હાથમાં લાકડી લઈને ઊપડ્યો. તેને જતો જોઈ માજો વેલો ચોંક્યો. છોકરો ભારાડી હતો. ક્યાંક હાથ મારીને જરૂર ઉપાડી લાવશે. પણ ઝલાઈ ગયો તો? માળા પોલિસવાળા હવેના બહુ હોશિયાર થઈ ગયા છે. ના, ના, આજનો દહાડો એણે ખમી જવું જોઈએ. અને માજા વેલાએ જોરથી બૂમ પાડી: 'વના, એ વના, પાછો આવ. પાછો.'

પણ વનાને તેનો અવાજ પહોંચ્યો નહિ. દરવાજા પાસેની બત્તીના અજવાળામાં તેની પડછંદ પીઠ માજા વેલાને દરવાજામાં દાખલ થતી દેખાઈ..... માજા વેલાને એકદમ થાક ચડી આવ્યો. એ જરાક ટૂંટિયું વળી વિશેષ સંકોચાયો.

તેનાથી બે એક હાથ છેટે છોકરાં, તેની પાસેથી આઘાં હટી, આવેલી દોણીઓની સામગ્રી ઉપર ઝૂકતાં હતાં. બેએક તાંસળીમાં દોણીમાંના પદાર્થો હાલવવામાં આવતા હતા. તેમને બે ય હાથે લઈ તેઓ ખાતાં હતાં અને ખાતાં ખાતાં કશુંક પોતાને ન ઓળખાય એવું નીકળે કે તરત બોલી ઊઠતાં હતાં: 'અલ્યા, ઉતરફેણી! ઉતરફેણી!

ટાવરમાં દસના ટકોરા પડ્યા. સામેના દરવાજા પાસે પહેરા પર ઊભેલો પોલિસ હટી ગયો. પોલિસને ગએલો ભાળી માજા વેલાને ક્યાંકથી એકદમ નિરાંત વળવા લાગી. માજો વેલો પોતાની જાત પર ચિડાયો. સિપાઈડાંની બીક લાગે છે ડોસા તને? ના, ના. હજી તો પોતે ધાડામાં જાય એવો છે! પણ એને વનો યાદ આવ્યો. એ પેલા દરવાજામાં ઘડી વાર ઉપર દાખલ થયો ત્યારે એની પીઠ કેવી દેખાઈ હતી? એ પોલિસના હાથમાં ઝડપાઈ ગયો તો? એ ય હજારને ભારે પડે એવો તો છે. પણ આજે એમ થાય છે કે છોકરો પોતાની કને જ રહે તો કેવું સારું!

'અલ્યો, કંઈક ઓશીકે મૂકવાનું છે કે?' થોડી વારે માજા વેલાએ પૂછ્યું.

'દાદા, આ ટોપલીનો ટેકો કરો.' કહી એક પ્યાલા-બરણીવાળી છોડીએ ડોસાના માથા નીચે પોતાનો ટોપલો ગોઠવી આપ્યો.

માજો વેલો 'હાશ' કરી લાંબો થયો. 'પથરા માળા ટાઢા લાગે છે, કોઈ દી નહિ ને આજે જ વધારે!' તેને મનમાં થયું. પણ તે શાંત પડ્યો પડ્યો. પાસે છોકરાં ઉમંગભેર ખાતાં હતાં તેમને જોવામાં મન પરોવવા લાગ્યો.

એક જુવાન છોડી ઢળકતી ચાલે માથે દોણી લઈને આવી પહોંચી. એ વનાની છોડી હતી. માજા વેલાને ખાસ વહાલી હતી. તેણે દોણી નીચે મૂકી ન મૂકી તેટલામાં છોકરાં તેની આસપાસ ફરી વળ્યાં: 'શું લાવી, ખુડી?' 'ખુડી, મને!' 'ખુડી, મને!'

'રહો કે, બહુ સારુંસારું લાવી છું. ખમો જરા.' કહી દોણી પર હાથ ઢાંકી તે બધાંને દૂર રાખવા લાગી. છોકરાં ખાવાની વસ્તુઓથી ખરડાએલાં તાંસળાં હાથમાં લઈ તેની આસપાસ ભમવા લાગ્યાં. રાણીની છટાથી ખુડી બોલી: 'જુઓ, એમ લેનબંધ બેસી જાઓ. દરેકને થોડું થોડું મળશે! હાં, બરાબર; બેસો હવે, આપું છું હો કે!' અને તે તેના વહાલા દાદા પાસે પહેલાં ગઈ.

'દાદા, ઊંઘી ગયા કે? કંઈ ખાવું છે!'

માજો વેલો સહેજ ઝબક્યો. ખુડીને જોઈ તેની આંખમાં હેત આવ્યું. ઝાંખા અજવાળામાં તે છોડીને જોતો બોલ્યો: 'ખુડી કે? બેટા, શું છે! શું લાવી છે?'

અને દાદાના કાન પાસે મોં લઈ જઈ ખુડી બોલી: 'આઇસ્ક્રીમ!'

'આવી રીતે આઇસ્ક્રીમ!'

'હા, દાદા, એક કલાગમાં જઈ ચડી હતી. તે પાંચ-ચાના પડિયા મેં ભરી આણ્યા છે. એવો તો સારો છે! દાદા, એક લગીરેક ખાઓ ને!'

'ના, ના, મને ઠીક નથી.'

'એ તો મટી જશે દાદા, લગીરેક, તમને મારા સમ!'

અને માજો વેલો ખુડીના આગ્રહથી, થોડો બેઠો થઈ પડિયો મોંઢે વળગાડી આઇસ્ક્રીમ પીવા લાગ્યો. પીતાં પીતાં પોતાની ધોળી મૂછો પલળતી તેને તે હથેળી વતી સાફ કરતો જતો હતો.

આઇસ્ક્રીમ પીતાંપીતાં છોકરાંઓનું ધ્યાન દાદા તરફ ગયું અને બોલી ઊઠયાં:' 'જુઓજુઓ, લ્યા, દાદાની મૂછો કેવી લાગે છે!' અને ખડખડાટ હસવા લાગ્યાં.

આઇસ્ક્રીમનો પડિયો પૂરો કર્યા પછી માજા વેલાને નીચેના પથરા વધારે ટાઢા લાગવા માંડયા. તેણે પૂછ્યું: 'છોડીઓ! કોઈ કને કંઈ પાથરવાનું છે?'

ખુડી તેની પાસે આવી. દાદાને ધ્રૂજતા જોઈ તેમને ડીલે હાથ અડાડી તે બોલી: 'માડી રે! દાદા, કેવીક બરાગત તમને ચડી છે' ચાલો વાસમાં જઈએ.'

'એ તો ઊતરી જશે, બેટા; તારો બાપો હમણાં આવે, પછી સૌ ભેગાં જઈએ.'

બીજા આદમીઓ ડોસાની વધારે નજીક આવ્યા અને 'કાકા, કેમ કંઈ ઠીક નથી વળી?' 'આવા ડીલે શું કરવા આવ્યા!' 'અરે, કેવું ડીલ ધ્રૂજે છે!' એમ બોલતા તેની આસપાસ બેઠા અને વળી પોતાની વાતોએ વળગ્યા તથા જે જે ઘરાક આવતો જતો હતો તેને ઈન્સાફ આપવા લાગ્યા.

ખુડીએ પ્યાલા-બરણીઓવાળા પાસેથી આવેલાં લૂગડાં ઝૂંટવી લાવીને દાદાની નીચે પાથરી આપ્યાં. માજા વેલાને હૂંફ વળી. 'દીકરી, આ વરસની થઈ. બેસ બેટા, મારી પાસે ઘડીક બેસ.' અને તે તેના માથા પર હાથ ફેરવવા લાગ્યો. અને મનમાં મનમાં બોલવા લાગ્યો: 'ખોડિયાર મા! મારી ખોડિયાર મા!'

ખુડી ખોડિયાર માતાની આપેલી હતી. એની બાધા આખડીઓ માની ડોસાએ છોકરીને જીવની રાખી હતી. ડોસાને પોતાના સગા છોકરાછોકરીઓનાં છોકરાં કરતાં પણ ખુડી પર વધારે વહાલ હતું.

'બેટા, જો તો, તારો બાપો ક્યાંય દેખાય છે!' માજા વેલાએ પૂછ્યું. એને બેચેની વધવા લાગી હતી. ખુડી ઊભી થઈ દરવાજા ભણી નજર નાખવા લાગી.

બધાંએ લગભગ ખાઈ લીધું હતું. છોકરાં હજી એક તાંસળીમાં બબ્બે ત્રણત્રણ ભેગાં મળી થોડુંથોડું બટકાવતાં હતાં અને દોણીમાંથી નીકળતી વસ્તુઓનાં નામ બોલતાં જતાં હતાં. માજો વેલો તે સાંભળતાં મનમાં હસતો હતો. 'ભુખડીઓ સાવ. આ છોકરા ય તે કેવાક! કશું જ લાવતા નથી!'

વસ્તીની અવરજવર ઓછી થવા લાગી હતી. આસપાસની દુકાનો બંધ થવા લાગી. દુકાનોના દીવા ઓલવાતા ગયા. દૂર માત્ર એક રસ્તા વચ્ચે બત્તી સળગતી રહી. જાણે હવે જ રાત પડી હોય એમ લાગતું હતું.

માજા વેલાની નજર એકાએક ટાવર ભણી ગઈ. અધધધ, કેવડોક ઊંચો બાંધ્યો છે! આ જરાક થથરે ને તૂટી પડે તો' માજા વેલાને ટાવર થથરતો લાગ્યો. 'ઘડપણ દેખાવા લાગ્યું તને, માજા વેલા!' ડોસો મનમાં બબડ્યો: 'અરે આટલે ઊંચેથી તો અમે ભૂસકા મારીને નાઠા છીએ.' અને તેની નજર આગળ પોતાના રોમાંચક જીવનના પ્રસંગો ખડા થવા લાગ્યા. પોતાની આ નવી પ્રજા પોતાની સરખામણીમાં કેટલી કાયર હતી' 'આ ઘર ફોડ્યું કે કોકનું ખિસ્સું કાતર્યું, કે ક્યાંક પડેલી ચીજ ઉપાડી આણી; બસ! હા, વનો એક હતો. ખરો ભારાડી. કંઈક મારું નામ રાખે એવો!'

અને વનો પોતાની પાસે નથી તે તેને યાદ આવ્યું. તે બોલી ઊઠ્યો: 'વનો હજી ના આવ્યો?'

'આવતો હશે, ચાલો આપણે હવે જઈએ બધાં.' કરી કેટલાક આદમીઓએ ઊઠવા કર્યું. 'ઊઠો દાદા, તમને ઘેર પહોંચાડીએ. કેવાક ધ્રૂજો છો!'

'જાવ તમારે જવું હોય તો! હું ને વનો જોડે આવીશું!' કહી ડોસો ટાવર ભણી પડખું ફરી ગયો.

'લો આવ્યા, આવ્યા, મારા બાપા આવ્યા!' ખુડી બોલી ઊઠી. ડોસાએ ડોકું ફેરવ્યું. સામેના દરવાજામાંથી વેગભેર પણ સાવધાનીથી લપાતો વનો આવતો હતો. બધાં આતુરતાથી તેની રાહ જોવા લાગ્યાં.

વનાએ પાસે આવી લૂગડામાં વીંટેલો એક કંડિયો નીચે મૂક્યો. છોકરાં કંડિયાની આસપાસ 'શું છે! શું છે!' કરતાં વીંટળાઈ વળ્યાં.

'બધું ય છે!' વનો થોડુંક ચિડાઈને બોલ્યો.

'ઉતરફેણી ય છે!' પેલા જોડિયાંમાંથી એક બોલ્યું.

'હા!' ફરી વનો હસ્યો અને કંડિયો ખોલવા લાગ્યો.

'ઘોળા છાણા' જેવી એક મઘમઘતી વસ્તુને તેણે કંડિયામાંથી બહાર કાઢી. અને તેને ભાંગી ભાંગી દરેકને વહેંચવા માંડી.

'અલ્યો, તમે દાદાને કંઈ ખવાડ્યું કે નહિ? ખવાડ્યું! આઇસ્ક્રીમ ખવાડ્યો? ખુડીએ! અરે વાહ રે વાહ! લાવો, દાદાને એક તાંસળી આપો.' અને એક તાંસળી લઇ તેમાં કંડિયામાંથી આણેલી બધી વસ્તુઓ થોડી થોડી મૂકી તે ડોસા પાસે લઈ ગયો. 'દાદા, થોડુંક ચાખશો કે?'

માજો વેલો બેઠો થઈ ગયો. હમેશની ખાવાની ટેવ પ્રમાણે તે બેય પગે ઊભો બેઠો. જમણા હાથમાં તાંસળી લીધી અને ડાબા હાથથી અંદરની વસ્તુઓને અડવા લાગ્યો.

'બધે અંધારું થઇ ગયું છે. કશું દેખાતું નથી. શું શું લાવ્યો છે?'

'તમે ઓળખો ને દાદા?' વનો સહેજ હસીને બોલ્યો.

'એમ કે!' માજા વેલાએ સામે હસીને કહ્યું. અને દરેક ચીજમાંથી એકેક બટકું લેતાં તે બોલવા લાગ્યો: 'આ તો જલેબી, આ તો હલવો છે. હં, આ મેસૂર છે. આ કળીનો લાડવો? આ શું મગશ કે મોહનથાળ? અને અરે આ, હેં શું સૂતરફેણી પણ લાવ્યો છે!' અને તેણે વનાને પાસે બોલાવી કાનમાં પૂછ્યું: 'ક્યાંથી ઉપાડી લાવ્યો બધું? હેમખેમ છે ને બધું?'

'ખોડિયાર મા બધું હેમખેમ રાખે છે, દાદા' તમે તમારે ખાઓ ને!' અને ઊઠીને તેણે કંડિયાની વસ્તુઓ બધાંને વહેંચી દીધી અને કંડિયાને દૂર એક કચરપેટીમાં નાખી આવ્યો.

ઊભે પગે બેઠોબેઠો માજો વેલો પરમ સંતોષથી ખાવા લાગ્યો. ખાતાંખાતાં તેની ટેવ પ્રમાણે તે મૂછોને હથેળી વતી ઊંચી ચડાવતો જતો હતો. સૂતરફેણી ખાતાંખાતાં તેને ખંભાત યાદ આવ્યું. દરિયાની ભરતી તેને દેખાવા લાગી. હા, એ તો જિંદગીની મોટામાં મોટી થાપ હતી. ખંભાતમાંથી હાથ મારી રીધા એક હોડકામાં બેસી કાઠિયાવાડમાં ઊતરી પડ્યા હતા. અને દરિયામાં એકલી સૂતરફેણી જ ખાયા કરી હતી! છેવટે છોકરાંને ઉદ્દેશી માજો વેલો બોલ્યો:

'અલ્યાં, ખાધી કે સૂતરફેણી?'

'હા, દાદા, આ કે?' એમ બોલતાંબોલતાં બે-ચાર છોકરાં તેની પાસે આવ્યાં અને સૂતરફેણીનું એકેક બટકું દાદાને ધરતાં બોલ્યાં: 'લ્યો દાદા, ખાઓ, ખાઓ! ખાઓ દાદા!'

'બહુ ખાધું, બેટા' હવે તમે ખાઓ; ખાવા જેવાં થયાં છો!' અને તે એકદમ બોલી ઊઠ્યો: 'વના''

તેનો અવાજ બદલાઈ ગયો હતો. વનો સફાળો તેની પાસે આવ્યો. 'શું છે દાદા?'

'મને પકડ જોઇએ, બેટા! મને કંઈક થાય છે!'

વનો ડોસાની પાસે બેસી પડ્યો.

'મને અઢેલવાનું કંઈક દે તો'' ડોસો બોલ્યો. તેનું આખું શરીર કાંપવા લાગ્યું. વનાએ માજા વેલાના શરીરની આસપાસ કામળને ચબદીને લપેટી. અને કહ્યું, 'દાદા, મારા પર આડા પડો.'

'ખુડી ક્યાં છે, મારી મા, ખોડિયાર?'

'એ આવી દાદા!' કહેતી ખુડી દૂર ઊભી હતી તે નજીક આવીને બેઠી.

માજો વેલો બોલ્યો: 'આવ, મારા દીકરા, સો વરસની થજે.' કહી તેણે ખુડીને માથે હાથ મેલ્યો. 'વના, મારી ખુડીને સારો વર પરણાવજે, હોં કે!' અને 'ખોડિયાર મા! ખોડિયાર મા!' બોલતાં ડોસાએ ભત્રીજાના ખોળામાં માથું ઢાળી દીધું.

વનાએ માજા વેલાના હાથમાંથી તાંસળી લઇને નીચે મૂકી. ડોસાએ લગભગ બધું ખલાસ કર્યું હતું. ડોસાની મૂછો વનાએ હાથ ફેરવી ચોકખી કરી.

'શું થયું! શું થયું?' કરતાં બધાં તેની આસપાસ ભેગાં થઈ ગયાં.

'કંઈ નથી થયું!' વનો દઢ અવાજે બોલ્યો. 'કોઇએ રડવાનું નથી, ખબરદાર! ડોસો સુખી થઇને ગયા છે!'

બધાં ઉપર એક શાંતિ છવાઇ રહી. બેએક જણે ભેગા મળી માજા વેલાને ઉપાડવા પ્રયત્ન કર્યો, પણ છેવટે તે એકલો જ ડોસાને પોતાને ખંધોલે નાખી ચાલવા લાગ્યો.

તેની સાથે ધીરેધીરે ચાલતી માજા વેલાની ત્રીસેક જણની સંતતિ અંદરઅંદર ધીરેથી વાતો કરતી ચાલવા લાગી: 'ડોસો બહુ સારું મોત પામ્યા. બહુ સુખી મોત. બહુ સારું મોત!'

ન્યૂ ઑર્લિઅન્સની માર્ગરેટ

ન્યૂ ઑર્લિઅન્સના સુન્દર નગરમાં તમે કદાચિત્ જાઓ તો ત્યાંના જૂના ચૌટામાં બૅંકો, દુકાનો ને હોટેલો છે ત્યાં કોક તમને અચૂક તેડી જાય, અને નાનકડા ચોકમાં એક પૂતળું છે તે તમને બતાવે. પૂતળું નીચી ખુરશી ઉપર બેઠેલી એક સ્ત્રીનું છે, અને એક બાળકને એણે બથમાં લીધેલું છે. એ સ્ત્રી કાંઇ રૂપવતી નથી; એણે જાડા સાધારણ જોડા તથા સાદાં કપડાં પહેર્યાં છે, એનું શરીર જાડું મોટું છે, એનું કાડું નીચું છે, અને એનું મોઢું ચોરસ હડપચીવાળું આઇરિશ ઢબનું છે; પણ એની આંખો-માંથી માતૃપ્રેમ તમારા ઉપર જાણે ઝરે છે.

આ પૂતળું એક રીતે નવી નવાઈ જેવું છે; અમેરિકા-માં સ્ત્રીનું પૂતળું આ પહેલું જ ઊભું થયેલ છે.

એ પ્રતિમા માર્ગરેટ નામે એક બાઈની છે.

માર્ગરેટ નાની બાળ હતી ત્યાં જ એનાં માબાપ મરી ગયાં, અને એનાં માબાપ જેવાં જ નિર્ધન તથા દયાળુ એવાં તરુણ દંપતીએ એને પાળી પોષીને મોટી કરી. પછી એ પરણી ને એને એક છોકરું થયું, પણ એનો વર તથા બાળક એક પછી એક મરી ગયાં, અને માર્ગરેટ જગતમાં એકલી પડી. એ ગરીબ હતી, પણ શરીરે સુદૃઢ હતી અને પરિશ્રમ કરી જાણતી હતી.

સવારથી સાંઝ લગી એ ધોબીઘરમાં કપડાંને ઇસ્ત્રી કરતી, અને એક અનાથાશ્રમનાં નાનકડાં નમાયાં છોકરાં શેરીમાં રમતાં એને એ બારીમાંથી જોતી. થોડા વખત પછી શહેરમાં મરકી આવી તેમાં એટલાં બધાં માબાપ મરી ગયાં કે અનાથાશ્રમ કદાપિ ન સંભાળી શકે એટલાં છોકરાં અનાથ થઈ પડ્યાં. આ અનાથનો નાથ કોણ બને? ધોબીઘરમાં કામ કરતી ગરીબ સ્ત્રીનું એ થોડુંક કામ હતું? પણ માર્ગરેટે એ બીડું ઝડપ્યું. અનાથાશ્રમ ચલાવનારી સાધ્વીઓને એણે કહ્યું કે મારા પગારનો અમુક ભાગ તમને આપીશ, તથા કામ પણ કરીશ. ધોબીઘરમાં આકરી મહેનત કરીને એણે થોડાક પૈસા બચાવ્યા એમાંથી એણે બે ગાય ને એક નાનકડી ગાડી લીધી. નિત સવારે ગાડીમાં દૂધ રાખીને એ ઘરાકને પહોંચાડતી, અને ફરતાં ફરતાં હોટેલોતથા સાહુકારને ઘેરથી ખાતાં વધેલ ખોરાક માગીને અનાથાશ્રમનાં છોકરાં સારુ ગાડીમાં લઈ આવતી.

પોતાની કમાણીનો અમુક ભાગ માર્ગરેટ દર અઠ-વાડિયે અનાથાશ્રમને દેતી. થોડાંક વર્ષ પછી આ ભાગ માં ઠીકઠીક રકમ આવવા મંડી, કેમ કે માર્ગરેટ એટલી વ્યવહારકુશળ હતી કે સતત દાન કરતાં છતાં પણ તે વધારે ગાયો લેતી ને કમાણી વધારતી ગઈ. આ વધારા-માંથી એણે એક સ્વતંત્ર બાળાશ્રમની સ્થાપના કરી.

થોડાક વખત પછી માર્ગરેટે રોટીની ભઠ્ઠી રાખી. અને ગોવાળનો ધંધો છોડ્યો. પહેલાં જેમ એ ગાડીમાં દૂધ પહોંચાડતી એમ હવે રોટી પહોંચાડવા મંડી. અનાથાશ્રમમાં પૈસા આપવાનું તો ચાલુ જ હતું. એટલામાં યુનાઇટેડ સ્ટેટ્સમાં આંતરવિગ્રહનાં પગ-રણ થયાં. તો પણ માર્ગરેટની રોટીગાડી ચાલતી રહી. અને પોતે રોટી વેચતી તે ઉપરાંત ભૂખે મરતા સૈનિકો તથા તેનાં છોકરાંને પણ ખવરાવતી. છતાં એને એટલી કમાણી થઈ કે લડાઈ પૂરી થયે એણે રોટીની વરાળભઠ્ઠી ચણાવી. હવે તો આખું શહેર એને ઓળખતું થઈ ગયું.

એમ કરતાં કરતાં એક દિવસે એ મરી ગઈ. અને એનું વસિયતનામું વાંચવા બેઠા તો લોકોએ જોયું કે આટલું આટલું દાન કરતાં છતાં એણે ઠીક ઠીક રકમ બચાવી હતી, અને એ આખી રકમ શહેરનાં નોખાં નોખાં બાલાશ્રમ વચ્ચે વહેંચી દીધી હતી. બાલાશ્રમ પછી કાળાં છોકરાંનો હોય કે ગોરાંનો, યહૂદીનો હોય કે ખ્રિસ્તીનો, કૅથલિકનો હોય કે પ્રોટેસ્ટંટનો પણ એનું કાંઇ નહિ; કેમ કે માર્ગરેટ કહેતી કે 'એ બધાં એકસરખાં અનાથ બાળકો છે.' અને એ ભવ્ય વસિયતનામા નીચે નામ નહોતું પણ ઇશુની ત્રિશૂળીનું ચિહ્ન જ હતું, કારણ માર્ગરેટ કદાપિ લખતાં વાંચતાં શીખી નહોતી.

માર્ગરેટના મૃત્યુ પછી શહેરમાં એનું ચિરસ્મરણ રહે એટલા સારુ ન્યૂ ઑર્લિઅન્સના લોકોએ એનું પૂતળું ઘડાવીને ચોકમાં સ્થાપ્યું, તે માર્ગરેટના પરમ પ્રેમ તથા પરમશક્તિના સ્મારકરૂપે હજી ઊભું છે.

(સારા કોન બ્રાયંટના અંગ્રેજી ઉપરથી) હ. વા.

ભૂતકાળની શોધમાં. . .ઉત્તર ગુજરાતનાં પ્રાચીન ઇતિહાસકેન્દ્રોનો પગપાળા કરેલો પ્રવાસ

ગતાંકથી ચાલુ


ધોમ ધખતો હતો. ગાઉ એક પંથ કાપ્યા બાદ ગાયકવાડી છોડી અમે રાધણપુરીમાં પ્રવેશ્યા. રાજકીય સીમાને જાણે કુદરતી સીમા પણ સાથ આપતી હોય તેમ સીનેમા ચિત્રપટની માફક પ્રાકૃતિક દૃશ્ય પણ પલટાવા લાગ્યું. પાટણવાડાની ગરમીથી ધગધગી રહેલાં અમારાં ગાત્રોને હવે વઢિયારની લીલી વનરાજિ ઠારવા લાગી. ચરોતરના જેવી ઊંચાનીચી પણ કાળી ધરતી, હાથીને યે ઓથ આપે તેવી હાથલાની ફેંગેરી વાંડાની શીતલ છાયામાં પંથ કાપ્યે જતા હતા.

વઢિયાર ભૂમિ

પાટણવાડા એટલે પાટણની ચારે પાસનો પ્રદેશ. એની તથા વઢિયારની વચ્ચે હાલ કોઇ નદી વગેરે કુદરતી સીમા નથી. આખા ઉત્તર ગુજરાતમાં વઢિયારના જેવો રસાળ એકે પ્રદેશ નથી. પૂર્વે ગાયકવાડી એને સ્પર્શી રહી છે, દક્ષિણે રૂપેણનાં રૂપ એને પંચાસર સુધી ખેંચી ગયાં છે, પશ્ચિમે કચ્છના રણનો સુકાએલો સાગર એની અડોઅડ પ્રસરેલો છે ને ઉત્તરે જતોનો જતવાડા એને આગળ જતો અટકાવે છે. વઢિયાર એટલે શું? ભાટ–ચારણોના ચોપડા કહે છે કે આ પ્રદેશમાં ઝાલાઓએ વઢવાડ કરી એટલે આ વઢિયાર કહેવાયો. પણ સોલંકી મૂળરાજના તામ્રપત્રોમાં એનું નામ 'વર્દ્ધિવિષય' લખ્યું છે, ને એ જ ખરૂં છે. એની રસાળતાને લઇ એ 'વૃદ્ધિકર' છે એટલે જ આ નામ પડ્યું.

પ્રાચીન કાળમાં ઉત્તર ગુજરાતની સીમા પૂર્વે અરવલ્લીની હારમાળા અને ઉત્તર લુણીના પ્રવાહ સુધી ચાલી ગઇ હતી. આ પ્રદેશનું નામ આનર્ત્ત હતું. તેમાં હાલના પાટણવાડા કાંકરેજ (સારસ્વત–મંડલ) અને વઢિયાર (વર્દ્ધિવિષય)ના વિસ્તારમાં મોટું વન હતું જે ધર્મારણ્ય કહેવાતું હતું, જ્યાં કણ્વ મુનિનો આશ્રમ હતો. મહાભારત તેમજ લગભગ બધાં પુરાણોમાં ધર્મારણ્યનો ઉલ્લેખ મળે છે. સ્કંદપુરાણાંતર્ગત મોઢપુરાણ પ્રમાણે વૈવસ્વત મનુનું બીજું નામ 'ધર્મ' પણ હતું. એણે આ અરણ્યમાં આવીને તપ કર્યું, એટલે એનું નામ 'ધર્મારણ્ય' પડ્યું હતું. આ વાત અસંભવિત લાગતી નથી, કારણ બ્રહ્માવર્ત્ત (જ્યાં મનુ રાજ્ય કરતો હતો તે)ના સીમાડા ઉત્તરે આનર્ત્તને મળતા હતા.

વઢિયારમાં પ્રચલિત સ્થાનિક કથાઓ પ્રમાણે બીજાં બે પૌરાણિક સ્થળો એમાં સંભવે છે. બનાસના મુખ નજીક ગૌતમાશ્રમ હતો જે હાલ ગોતરકા કહેવાય છે અને મુંજપર નજીક લોટેશ્વરમાં શિવે લોહાસુર રાક્ષસનો વધ કર્યો હતો. ઋષિઓ જ્યારે આશ્રમો બાંધી તપ કરતા તે જમાનામાં ધર્મારણ્યમાં પુષ્કળ રાક્ષસો વસતા હતા. આ પ્રદેશના મૂળ વતની 'પાટણવાડીઆ' શાખાના કોળીઓ છે. ને ધર્મારણ્યમાં વસતા આ ઋષિઓને સંતાપનાર રાક્ષસો તે એમના અસભ્ય પૂર્વજો જ હશે. ઇસ્વીસનના પ્રારંભ સુધી એમાં દુર્ગમ



ડાબી બાજુથી: (૧) ઉત્તર ગુજરાતના વઢિયાર પ્રદેશની ઘાસની ગંજી; (૨) ભારહુતમાં બૌદ્ધ જાતકોનાં ભાસ્કર્યોમાં મળી આવતી સ્તૂપોની પ્રારંભિક આકૃતિ; (૩) વઢિયાર પ્રદેશના કોળીઓની ઝૂંપડી. સરખામણી અને વિવેચન માટે જુઓ આ લેખ

જંગલો જ હતાં. ફક્ત સિદ્ધપુર અને વડનગર તરફનો જ ભાગ આબાદ હતો. કોળીઓ કહે છે કે સૌ પહેલાં અમારા વડવાઓએ જ આ પ્રદેશનાં જંગલો કાપી જમીનને ખેડવા લાયક બનાવી હતી.

કણબી જાતિનું ગુજરાતમાં આગમન

મારા ધારવા પ્રમાણે આ પ્રદેશમાં સૌ પહેલાં ઉત્તર હિંદથી કણબીઓ આવીને વસ્યા હતા. ચાવડા કે સોલંકીઓ તો રાજ્યવંશો હતા; અને એમ સમજવાનું નથી કે એમના શાસન કાળમાં ખેડુતવર્ગ પણ એમની જ કોમનો હતો. હાલ 'કડવા' કણબીઓ આ પ્રદેશમાં વસે છે. એમના ભાટો એમના આગમન વિષે કહે છે કે કણબીઓ અસલ તો અવધ કે કાન્યકુબ્જમાં વસતા હતા. લવ અને કુશ અયોધ્યા છોડી મથુરામાં આવ્યા એટલે એઓ પણ તેમની સાથે મથુરાના પ્રદેશમાં જઇ વસ્યા. યાદવોએ મથુરા પર આક્રમણ કર્યું એથી કણબીઓ મારવાડના માર્ગે કનકસેન રાજા સાથે ગુજરાતમાં આવીને વસ્યા. અહીં સાબરમતી તથા મહી વચ્ચે આવેલો 'ચરોતર' પ્રદેશ એમનો ખાસ મથક બન્યો.

જૅક્સનના મત પ્રમાણે કણબીઓ હૂણોની ગુર્જર અને મિહિર શાખાઓના વંશજો છે ને છઠ્ઠા સૈકાની અધવચ્ચે પંજાબથી રજપૂતાના થઇ ગુજરાતમાં આવીને વસ્યા છે. એમની દંતકથાઓ પ્રમાણે કનકસેન રાજા એમના આગેવાન હતા જે ઘણે ભાગે કુશનરાજ કનિષ્ક હતો. કથાઓ ગમે તે કહે, પણ ગુજરાતી પ્રજાની મૂળજાતિઓનો નિર્ણય Anthropometry (માનવ-શરીરમાન) મારફતે જ થઇ શકશે.

આ પ્રમાણે ઇસ્વીસનની શરૂઆતમાં ધર્મારણ્યમાં કણબીઓ આવીને વસ્યા ને તેમણે મૂળ વતની કોળીઓ મારફત આ પ્રદેશનાં જંગલો કપાવી જમીનને ખેડાણ યોગ્ય કરાવી. ગુજરાતના લેખોમાં એમનો સૌથી પહેલો ઉલ્લેખ ઇ. સ. ૬૦૭ના શીલાદિત્યે આનર્ત્તપુર (વડનગર)ના એક બ્રાહ્મણને લખી આપેલા તામ્રપત્રમાં મળે છે. એમાં કણબી માટે સંસ્કૃત શબ્દ 'કુટુમ્બિ' વપરાયો છે.

વઢિયારની પહેલી નવીનતા

ચારેકને સુમારે કદિ નહિ જોએલા એવા આકારવાળી ઘાસની ગંજીઓ દૂરથી દેખાવા લાગી. મંદિરના ગોળ ઘુમ્મટ જેવો આબાદ ઘાટ અને ઘુમ્મટના કળશસમાં શોભી રહેલાં ટોચે મૂકેલાં બે નાનાંમોટાં માટલાં જાણે કે ઘાસનાં જ મંદિરો ઊભાં કર્યાં ન હોય, તેવાં ભાસતાં હતાં. જોતજોતામાં અમે એક ગામને પાદરે આવી પહોંચ્યા. એનું નામ હતું ગુંડા. ગંજીઓના વાડામાં ઘણા માણસો કામ કરતા હતા. આ ગંજીઓ વિષે મેં એમ ધાર્યું હતું કે દેખાવ સારો લાગે એટલા માટે એ ઘુમ્મટાકારે ખડકવામાં આવતી હશે. એની ખાતરી કરવા મેં આ માણસોને પૂછ્યું કે શું શોભા સારૂ તમે આવી ગંજીઓ ખડકો છો? તેઓ બોલ્યા 'નારે ભાઇ, શોભા અમારે અહીં કોને બતાવવી હતી? ચોમાસાનું પાણી અંદર ન પેસે એટલે એમને ગોળ ઘાટ આપીએ છીએ. એમને નીચેથી ખડકતા ખડકતા ઉપર આવીએ છીએ. ને ગોળ આકાર છતાં ટોચમાં થઇ પાણી પેસવાની બીક રહે છે એટલે એક મોટા માટલાને તળીએ તેના મોઢા જેવડું જ બાકોરૂં પાડી છેલ્લો પૂળો તેમાં ભરાવી દઇએ છીએ. તોય વળી પૂળાને છેડેથી થોડુંક પાણી માંહી પેસવાનો ભય રહે છે એટલે તેના ઉપર એક આખું નાનું માટલું ઊંધુ વાળી દઇ આ છેડાને ઢાંકી દઇએ છીએ. (જુઓ ચિત્ર નં. ૧)

ઝૂંપડીમાંથી સ્તૂપની ઉત્પત્તિ

હિંદમાં પ્રારંભકાળમાં બંધાતી ઝૂંપડીઓના આકારમાં જ મંદિરો તથા સ્તૂપોની ઉત્પત્તિનાં મૂળ રહેલાં છે એ તો હું જાણતો જ હતો. ઐતિહાસિક કાળના હિંદના સ્થાપત્યનો પ્રાચીનતમ નમૂનો ભારહુત (અલ્લાહાબાદ અને જબલપુર વચ્ચે સતના પાસે)માં મળી આવેલો છે. ત્યાં બુદ્ધના પૂર્વજન્મોને લગતાં ભારકર્યાં (Bas Reliefs)માં હિંદની પ્રાચીનતમ દહેરીઓનાં ચિત્રો દેખાય છે. એ ગોળ ઝૂંપડીઓના જેવાં જ છે. સ્તૂપોની રચના દહેરીઓ કરતાં પણ પ્રાચીન છે. સાંચી, સારનાથ અને બીજાં સ્થળોના સ્તૂપો એ જ આકારના છે. મૃત પૂર્વજ પ્રત્યે માન અને ભયની ભાવના સર્જનજૂની છે ને જગતની દરેક પ્રજામાં તે રહેલી છે. મૃતકને દાટી કે બાળી, તે સ્થળે ઝૂંપડી બાંધી દેવામાં આવતી. પછી જ્યારે સંસ્કૃતિએ આગે કદમ માંડ્યાં ને લોકો રહેઠાણ માટે પથ્થર વાપરવા લાગ્યા એટલે આ મૃત વ્યક્તિની યાદગીરીની ઝૂંપડીઓ પણ તેની જ બનવા લાગી. ધાર્મિક વિષયોમાં માનવહૃદય જૂની પરંપરાને અનુસરે છે; એથી પથ્થરનાં આ સ્મૃતિસ્થળોનો આકાર મૂળ ઝૂંપડીના જેવો જ

રખાયો. રાજાઓનાં એવાં બાંધકામો મોટા આકારનાં થવા લાગ્યાં. આ પ્રમાણે ગોળ સ્તૂપોની ઉત્પત્તિ થઇ.

પીરામિડ અને ડૉલ્મેન

કળાના પ્રકારોને જન્મ આપવાને ભૌગોલિક વિશેષતા મોટે ભાગે કારણભૂત હોય છે. કાંપના પ્રદેશોમાં પથ્થર મળતો નથી, એટલે ત્યાં લોકો કાચી કે પાકી ઇંટો પાડી તેનાં બાંધકામો કરે છે. ઈંટો આકારે ચોરસ હોય એટલે તેઓનાં ચણતરો ચોરસ જ થઇ શકે છે. એવા પ્રદેશોમાં મૃતકની દહેરીઓ (સમાધિઓ) ચોરસ ઘાટની થવા લાગી. આમ ચોરસ સ્તૂપો કે જે સામાન્ય રીતે પારામિડ (Pyramid)ના નામથી ઓળખાય છે તે નીપજ્યા. બાબીલોનીઆ તથા મિસરના કાંપના પ્રદેશોમાં એવી જ સમાધિઓ થતી. હિંદમાં તો આજપર્યંત બાવા કે ગોસાંઇ લોકોની સમાધિઓ આ જાતની જ થાય છે. મિસરમાં પ્રાચીનતમ એવો સક્કારાનો પીરામિડ, બાબીલોનીઆની ઝિગ્ગુરત નામની કબરો અને આપણા આ ગોસાંઈ—બાવાઓની સમાધિઓ આકારપ્રકારે સરખાં જ છે.

ત્રીજા પ્રકારની સમાધિ ડૉલ્મેન (Dolmen) અથવા 'છતેડી' (છત્રી) કહેવાય છે. ઉપર વર્ણવેલી બે પ્રકારની સમાધિઓ તો સભ્ય પ્રજાઓની થઇ. આ સિવાય આપણે ત્યાંનાં જંગલોમાં ભીલ, કોળી, દુબળા વગેરે વસતા હતા. આ લોકો પોતાના માટે વાંસ કે ઘરનાં ઝૂંપડાં બાંધીને રહેતા ને હજી પણ રહે છે. જ્યાંનાં જંગલોમાં આ નથી થતાં, ત્યાં ઘાસ કે પાંદડાંઓનાં છાપરાં બાંધી રહે છે. શરૂઆતમાં આ લોકો પોતાનાં મુડદાંને દાટી તે સ્થળે નાનું છાપરૂં ઊભું કરી દેતા. પણ પછીથી પથ્થરોની શિલાઓ રોપી સમાધિ બાંધવા લાગ્યા. એકેકી શિલા જમણી, ડાબી તથા પાછલી બાજુએ તે સ્થિર ઊભી રહી શકે તેટલી જમીનમાં દાટી દેતા. પછી એક મોટી શિલા ઉપર આડી મૂકી દેતા. સામેનો ભાગ ખુલ્લો જ રાખતા. આદિકાળથી જ માનવજાતિ આવી છતેડીઓ બાંધતી આવી છે. એ પ્રાગૈતિહાસિક કાળનાં મનાય છે. હિંદમાં મોટે ભાગે તે નાગલોકોના સાગરથાણા સમા કચ્છમાં તથા ગુજરાતની કચ્છની પડોશ ઉપરાંત મદ્રાસ ઇલાકા અને આસામમાં તે મળી આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આપણા પ્રાંતના કોળીઓ હજી પણ પોતાની માનીતી વ્યક્તિનું મૃત્યુ થતાં તેના શબને દાટી ઉપર એવી છતેડી રચે છે અને કચ્છના રાજવંશમાં તો દરેક રાજકુટુંબીની સમાધિપર પ્રાચીન કાળથી જ આવી છતેડી ઊભી કરવામાં આવે છે. કેટલાંકની અંદર નાગની પાકી માટીની પ્રતિમાઓ જોવામાં આવે છે. એ સઘળાંઓનું વર્ણન યથાસ્થળે થશે. એક વેળા પીરામિડ સંસ્કૃતિની પેઠે જ આખા જગતમાં આ ડૉલ્મેન સંસ્કૃતિ પ્રવર્તતી હતી. આ વિષયના સંશોધકો માટે ગુજરાત કાંઇક નવીન આપી રહેશે એમ હું માનું છું.

સ્તૂપમાંથી મંદિર

આ ગુંડા ગામના લોકોએ મને કહ્યું કે ગામને દખણાદે ઝાંપે મહાદેવનું એક જૂનું દહેરૂં છે. રસ્તો પૂછી તે જોવા હું જવા લાગ્યો. નજીકમાં જ ગામ બહાર કોળી, વાઘરીઓનાં ઝૂંપડાં હતાં. આ ઝૂંપડાંઓના આકારે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. (જુઓ ચિત્ર નં. ૨).

સ્તૂપો કેવી રીતે રચાયા એ તો આપણે જોયું. મૃતક પૂજા પછી મૂર્તિપૂજા અસ્તિત્વમાં આવી. મૃતક વડવો તો કુટુંબીજનોમાં જ પૂજાતો પણ દેવને તો આખું ગામ આરાધે. આમ સ્તૂપોમાંથી દેવસ્થાનો રચાયાં. પ્રારંભનો માનવ શિકાર કે ફળમળાદિ પર ગુજરાન ચલાવતો ને તેને સહકુટુંબ રહેવા માટે એક ઝૂંપડી બસ થઇ પડતી. પછી તેણે ભરવાડનું જીવન ગ્રહણ કર્યું, એટલે ઢોરઢાંખરને રાતે બાંધી રાખવા, ઝૂંપડીની સામે, બારણાની લગોલગ, એક છાપરૂં બાંધવું પડ્યું. પાછળથી, વરસાદનાં પાણી ને જીવજંતુઓથી રક્ષણ મેળવવા માટે માટીનો ઓટલો કરી તેના ઉપર આ બંને બંધાતાં. આમ ઝૂંપડી મટી તે ઘર બની રહી, ને ધીમેધીમે ઓટલો, ઓરડો, પરસાળ અને ઘુમટ એવા તેના ચાર ભાગ થયા. આપણા એ પ્રારંભિક ઘરને દેલમાળના પેલા દહેરા સાથે સરખાવી જોશો તો માલૂમ પડશે છે કે તે એ પ્રારંભિક ઘરની જ કળામય અનુકૃતિ છે. ઘરનાં ઓટલો, ઓરડો, પરસાળ અને ઘુમટ તેમાં અનુક્રમે પીઠ, ગર્ભમંડપ અને શિખર થઇ ગયાં છે. આગળ જતાં વિશેષ કૌટુંબિક જરૂરીઆતોને કારણે આ ઘરમાં પરસાળની સામે થોડીક ખુલ્લી જગ્યા રાખી દઇ ચોક કરવામાં આવ્યો ને એની સામે વધારાનું એક બીજું છાપરૂં બાંધ્યું જે હાલ ઓસરી કહેવાય છે. મંદિરનો સભામંડપ એનું પ્રતિરૂપ થયો.

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

નર્મદામૈયા



'નર્મદે હર!' સ્નાન કરતી વખતે બાને રોજ બોલતાં સાંભળેલાં. 'त्वदीय पादपंकजम् नमामि देवी नर्मदे' આ નર્મદાષ્ટક પણ અનેક બ્રહ્મદેવોને મુખે સાંભળેલું, પણ જ્યારે ભરૂચ–પ્રાચીન ભૃગુકચ્છ–ના કોટ ઉપરથી ગુજરાતની એ જાહ્નવીનાં દર્શન કર્યાં ત્યારે એનો વિશાળ તટવિસ્તાર જોઈ સ્તબ્ધ જ થઇ ગયા. એના અવિરામ ધસ્યા જતા જળપ્રવાહમાં નહાવાની વાત તો બાજુએ રહી. પણ પગ માંડવાનીયે હિંમત ચાલી નહિ. કાળા કાંપને ઘસડી લાવતી ને કિનારાઓ પર ઠાલવતી નર્મદાને બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવેના નવા બાંધેલા તોતીંગ પૂલ નીચેથી પોતાની વિશાળતાને વિસ્તારતી, અરબી સમુદ્ર તરફ ધસી જતી જોવામાં યે હિંમત જોઇએ છે. ઘુમરી લેતાં વાંસજાળ પાણીને જોઇને ભલાભલા મસ્તાન ત્રાપાવાળા થથરી ઊઠે. એના ઊંડાણનો તાગ પામવા નિષ્ણાત તારાઓ પણ અસમર્થ નીવડે છે. અહીં નર્મદા નિર્મળ સલિલા નથી. અહીં તો એ ન્હાના ત્રાપાઓથી માંડીને સઢવાળાં મોટાં વહાણોને પોતાના દેહ ઉપર નચવવામાં, પોતાના જળવમળમાં ઘડીભર ઘૂમાવી દેવામાં, હો . . . હો કરતા મરજીવા જળખેડુઓને પણ ક્ષણભર હંફાવવામાં મઝા માને છે. ચાલો દોસ્ત! અહીં નર્મદામૈયાના ખોળે જળખેલ ખેલવા મુશ્કેલ છે. અહીં તો એના ચંડ સ્વરૂપનાં દર્શન જ બસ છે. ચાલો થોડે ઉપરવાસ.

અમે ગુજરાતની રસબસતી ધરતીનો ખોળો ખૂંદવા નીકળેલા. ધરતી માતાસ્વરૂપ ગણાય છે પરંતુ નદી તો જગજ્જનની-'બા' નહિ પણ 'મા'. અમને એ મૈયાનાં દર્શનમાત્રથી શી રીતે શાન્તિ વળે? અને દાદીમાનો ખોળો ખૂંદવાના કોડ ક્યાં બાળકોને હૈયે ન હોય? સાઇકલો લઇને અમે ઊપડ્યા શુક્લતીર્થને પંથે–એક પંથ ને દો કાજ. નર્મદાનીરમાં મસ્તીની મઝા માણાયને ગુજરાતનાઅવધૂતકબીરવડનીકાવ્યમયતાપણનિરખાય.

ઊંચાનીચા ઢોળાવવાળા રસ્તાઓને ઓળંગતાં અમે ભરૂચની હદ છોડી; ને પછી તો જાણે કોઇ દેવી ભક્ત પર પ્રસન્ન થઇને બુરખો ખસેડી પોતાનાં દર્શન દેતાં હોય એમજ અમને અમારી ગરવી ગુજરાતે દર્શન દીધાં, જે દર્શન અમદાવાદ, વડોદરા, ભરૂચ, કે સુરતના રસ્તાઓ પર ભમવાથી નહોતાં મળ્યાં. અમારી દૃષ્ટિ-મર્યાદામાં એનું મૂર્તિમંત જનનીસ્વરૂપ ખડું થતું હતું. ક્ષેત્રેક્ષેત્રે એનું ક્ષિતિજવર્તુલ આનંત્યમાં વિસ્તરતું લાગ્યું. નર્મદાનાં સ્તન્યપાન કરીને ધરાઇ ગઇ હોય એમ કાનમની કાળી ધરાણી અંગે અંગે પુલકી રહી હતી, કેમ જાણે બાનું હૈયું અમને બાળકોને જોઇ ફાટફાટ ન થતું હોય! ખેતરે ખેતરે કપાસના છોડવાઓની લીલી જાજમો ને ઉપર શ્વેત જરીના બુટ્ટા જેવું તાજું ફૂટતું રૂ. ગમે ત્યાં નજર નાખો, બસ એ જ અમીભર્યું દૃશ્ય. આ જોઈને તો અમારી છાતી ઉછળવા લાગી. કેમ ન ઉછળે? કાનમની કાળી ધરતીમાં તો સારા ગુજરાતનું બલ્કે ભારતભરનું ગૌરવ છે. કાનમના કપાસે હિંદને દુનિયાભરના દેશોમાં મગરૂબ બનાવ્યું છે. મિસરનું દિગ્વિજયી ગણાતું રૂ ફક્ત કાનમના રૂ સાથે જ ટક્કર લેવામાં નિરાશ થયું છે.

સાડાત્રણ માઇલે રેવાતટે ઝાડેશ્વર ગામ આવ્યું. કેટલું સુંદર! લૌકિક છતાં યે અલૌકિક જેવું. ગામ બહાર ખેતરો તરફ જતાં ધીંગા બળદોને ગળે બાંધેલી ઘંટડીઓનો રણકાર ને ખેડૂજુવાનના તાલબદ્ધ ડચકારા, હોકારા ને ગીતો નિસર્ગના મહાસંગીતમાં જાણે પોતાનો નિતરવ ન પુરાવતાં હોય! જગતની પ્રગતિથી બેપરવા પણ જીવનના-માનવતાના સંરક્ષકો સમા ખેડૂઓ-આકાશ ને પૃથ્વીપૂજકો આ ગુજરાતના ગૌરવની સાચી પ્રતિમા છે.

પાંચ માઇલ પૂરા થયા ને ટવરા ગામ આવ્યું. નર્મદાની ઊંચી ભેખડ પર એ વસેલું છે. રસ્તાએ જમણી તરફ વળાંક લીધો, ને અમારાથી અચાનકજ સાઇકલને બ્રેક મરાઇ ગઈ. ગતિબંધ–રેવા મા–નર્મદામૈયાનું અતિભવ્ય સ્વરૂપ જોતાંજ અધ્ધર થઇ ગયા. બન્ને બાજુ કાંઠાઓની દૂર ઊભેલી ભેખડોની વચ્ચે પથરાએલી સફેદ રેતીમાં એનો આસમાની જળદેહ કવિકંઠેથી સરતી કવિતાની જેમ સર્પે જતો હતો. દૂર પૂર્વક્ષિતિજમાં આકાશ સાથે એકાકાર બનવાનો પ્રયત્ન કરતી આછી ભૂરી ડુંગરમાળાઓ ઊભી હતી. પ્રભાતકિરણોને પ્રતિબિંબિત કરતી, આકાશના ગાંભીર્યને અંતરે સમાવતી

નર્મદાનીરની ઝળક દૃષ્ટિપથમાં ક્યાંય સુધી ચમકારા કરતી દેખાતી હતી. થોડાજ માઇલમાં આટલો અજબ ફેરફાર! પ્રવાહમાં નથી ઉન્માદ, નથી મસ્તી. અખંડ ગાંભીર્ય ખરું ને સ્નેહભર સ્મિત પણ ખરું જ. જાણે ખોળા ફરૂંગને સસભાવે સાચવતી વાત્સલ્યભરી જનની!

છ માઇલ આગળ દોડયા. અને આવ્યું શુક્લતીર્થ. આર્યોના ઇતિહાસને અંગે લપેટીને બેઠેલું, તપસ્વીઓની તપોભૂમિ. ભૂદેવોનું નિવાસસ્થાન. ગામમાં જઈ ચાર શેર દૂધ લીધું. બશેર તો ત્યાં જ પી ગયા. બશેર સાથે લીધું. શુક્લતીર્થથી કબીરવડ જતાં નદીના રેતાળપટમાં વધારે ચાલવું પડે. પણ ત્યાંથી દોઢ માઇલ દૂર મંગળેશ્વર ગામની સામે જ કબીરવડ છે. શુક્લતીર્થથી મંગળેશ્વર તરફ કૂચ કરી.

મંગળેશ્વર નાનું ને નમણું, સુખી ગામડું છે. કિલ્લોલ કરતા નિશાળિયા ખભે દફતર ભરાવી, શુક્લતીર્થની નિશાળ તરફ જતા હતા. અમે ઊતર્યા નદીમાં. સામે જ કવિકંઠે ગાએલો 'ભૂરો ભારયો ઝાંખો દૂરથી ઘુમસ ખ્વાડ સરખો,' કબીરવડ નદી વચ્ચે નિર્ભયપણે ઊભેલો. પણ કબીરવડની શાખાગૂંથણીમાં રમવા કરતાં અમને નર્મદાને હૈયે ખેલવાનો વધુ ઉમળકો હતો.

અહીં તો પહોળા પટવાળી નર્મદા પોતાનો દેહ સંકોચતી, મંગળેશ્વર ગામની ઊંચી ભેખડોને ઘસાતી નીરવ વહી જતી હતી. હવે હૈયાં ઝાલ્યાં ન રહ્યાં. રેતીમાં પડાવ નાખ્યો ને કછોટા બીડી ઊતરી પડયા ખેલવા—ગાંડાની જેમ જબરા તરવૈયાની અદાથી ત્રાટક્યા—પણ ભેખડ નીચે પાણી તો કમર સુધી જ ઊંડું નીકળ્યું. પડયા પણ શરમાયા.

'અરે આટલામાં ક્યાંય ઊંડું પાણી છે કે નહિ?' એક સ્નાન કરતા ભૂદેવને પૂછી જોયું.

'કેમ નથી? નર્મદા તો મૈયા છે. એનાં ઉંડાણનાં શા કહેવાં? અરધોક માઇલ આગળ જાવ એટલે નીકોરા ગામ પાસે ઊંડા ધરા છે.' ભૂદેવે જવાબ આપ્યો. સામાનને ત્યાં જ રહેવા દીધો ને અમે પાણીમાં મસ્તી કરતા ઉપડયા. ભૂદેવનું કહેવું ખરું હતું. નીકોરાની ભેખડોનાં ઉંડાણ ભયંકર તો નહિ પણ ડર લાગે તેવાં તો હતાં જ. ડુંગરી દિવાલ નીચે ઊંડા ધરા હતા. અમે ત્રાટક્યા. ખૂબ કૂદ્યા—નાચ્યા, જાણે મનમૂકીને માને ખોળે ખેલતા બાળએ એમ ખૂબ નાહ્યા. અહીં નર્મદાદર્શનની હૃદયસ્પર્શી આહ્લાદકતા જીવનમાં વજ્રલેપ થતી લાગી. ઊતરતા શિયાળાનો સૂર્ય માથે તપતો હતો, દૂર ક્ષિતિજમાં નદીતટો સંધાતા હતા. 'નર્મદે હર!' અમારાથી સ્વાભાવિક જ બોલી જવાયું.

મધ્ય હિંદના મુકુટ શા વિંધ્યગિરિ ને એની જટારૂપ અમરકંટકમાંથી સરી. અસંખ્ય ગિરિમાળાઓમાં આળોટતી, ખેલતી, આઠસો માઇલની લાંબી અવિરામ સફર કરીને આવતી મૈયા નર્મદા અહીં પણ એટલી જ સ્ફૂર્તિમાં છે. એના અંતરે અમાપ સત્ત્વ છે, આઠે પહોર તાઝગી છે, સંજીવનીશક્તિ ને વાત્સલ્ય છલોછલ ભરેલાં છે. ગુજરાતમાં પ્રવેશતાં પહેલાં તો એ મધ્ય હિંદની મહત્તાને મહેકાવતી આવે છે. વિંધ્યની ગિરિકન્દરાઓ એને ભેદવી પડે છે, જબલપુર પાસે તો એને શ્વેત આરસપત્થરો વીંધી માર્ગ સાનુકૂળ કરવો પડે છે. હિંદના આઠસો માઇલના વિસ્તાર પર એનું વહાલ વહેતું આવે છે. એ પરિણમે છે ગીચ ઝાડીઓ ને વનસ્પતિસમૃદ્ધ કાન્તારોના રૂપમાં, વાયુહિંડોળે ડોલતા છોડવાઓના રૂપમાં, દિગ્વિસ્તરતાં ખેતરોના રૂપમાં. એના મર્મરધ્વનિમાં ભૂતકાલીન સંસ્કૃતિના ધબકારા સંભળાય છે. પાતાલપાણી પાસે એનાં ઊંડાણ અતાગ ગણાય છે. ત્યાં એનું રૂપ મહાગંભીર છે. જબલપુર પાસે એ શુભ્ર સલિલા છે. સ્ફટિકશાં વારિવહનમાં ત્યાંના શ્વેત આરસનું સૌન્દર્ય ભેળવાય છે ને એ બને છે સુરદર્શન. પણ ગુજરાતમાં આવતાં તો એનું હેતાળ હૈયું એટલું ઉભરાય છે કે જાણે ઝાલ્યું રહેતું નથી. ગાંભીર્યને એ ઘડીભર ભૂલતી જાય છે. બચ્ચાંને છાતીએ દાબતી માતાની અધીરતા એને અંતરે ઉદ્ભવે છે. એ ધસે છે, શૂલપાણેશ્વરને આવેગમાં પ્રણમે છે, ને મોખડીઘાટ ઉપરથી સોએક ફૂટની ઊંચાઇએથી એ યત્કિંચિત સંદેહવિના ધોધરૂપે પછડાય છે ને જળધોધનું ભવ્ય દર્શન રચાય છે. એનો કલકલ નિનાદ ગર્જનામાં પરિણમે છે. માઇલોના વિસ્તારમાં પ્રતિઘોષ પથરાય

છે. અહીં એનાં જળ આમંત્રે છે મરજીવાઓની મસ્તીને, સાહસિક તારાઓની તાકાતને, ધબકતા નવજીવનને. શિલાઓ પર શતધારે પછડાતું એનું પ્રચંડ સ્વરૂપ રૌપ્યવર્ણું બની કવિઓ ને કલાકારો, સૌન્દર્યપિપાસુઓ ને સંસ્કૃતિસર્જકોને નિમંત્રી રહે છે

અને એ નિમંત્રણ કાંઈ આજનાં છે? એ તો યુગો પૂર્વના આર્યકાળથી અપાતાં આવ્યાં છે. નર્મદાના તટપ્રભુત્વે, એકાન્ત મનોહરતાએ ઋષિકાળ સંસ્થાપ્યો. અનેક તપસ્વીઓને એણે જન્માવ્યા ને પોષ્યાં છે. એના કાંઠાના કણે કણ પવિત્ર છે, દૈવી છે. એની ઊંચી ઊંચી ભેખડો પર તપોવનો રચાયાં. આશ્રમો સ્થપાયાં. શ્રુતિ ને સ્મૃતિશાસ્ત્રો રચાયાં. ભૃગુઋષિના તપોબળે ભૃગુકચ્છ-ભરૂચ જન્મ્યું. આ જ કાંઠાઓ ઉપર ગુજરાતની સબળ અસ્મિતાનો ઇતિહાસ રચાયો. એનાં વાત્સલ્ય-વહેણ ગુજરાતના જીવનને કેટલાય કાળથી સીંચતાં આવ્યાં છે. અવિરામ સફર એનો જીવનધર્મ છે, સર્જાતા ને વિનાશ પામતા ઇતિહાસનાં તટસ્થ નિર્લેપ અવલોકન એનો જીવનક્રમ છે, અંતરનાં અમીદાન એનું જીવનસાફલ્ય છે. સ્તબ્ધ બની કદીયે ક્યાંયે એ અટકી નથી. એના સ્નેહમાં અંતરાય નથી. એના દર્શનમાત્રે કવિકંઠે કાવ્યો સ્ફૂર્યાં છે. એના નિનાદે એક કાળમાં સમૃદ્ધિને સોનાપારણે ઝૂલતા ભરૂચના નાવિકોને ઉન્મત્ત બનાવ્યા છે. ગંગાની જેમ નર્મદાએ પણ કંઈક વહેપારી વહાણોને પોતાના જળ પર નચાવ્યાં છે ને હજીયે રહી સહી પનાઈઓને, સઢવાળાં વહાણોને એ બચ્ચાંની જેમ રમાડે છે. ગંગાનું પાપવિનાશક, પતિતપાવન પાવિત્ર્ય નર્મદાના જળબિંદુઓમાં પણ ભરેલું છે. એ મુક્તિદાતા મનાયું છે.

નર્મદાના પવિત્ર સ્પર્શે અમારાં હૃદય મત્ત બની ગયાં. એના જળમાંથી બહાર નીકળવાનું મન જ ન થાય. એમ જ થઈ આવ્યું કે બધે અહીં જ કાયમનો પડાવ નાખીએ. બપોરના ત્રણ વાગવા આવ્યા હતા. અમે પાણીની બહાર નીકળ્યા. મંગળેશ્વર આગળ નાખેલો પડાવ ઉપાડ્યો ને ત્યાંથી કબીરવડની ઘેરી ઘટાઓમાં જમાવ્યો. નર્મદાની વિશાળતા કબીરવડના નાનકડા ટાપુને વિંટળાઈ વળી છે. કહેવાય છે કે કબીરવડ દાતણની ચીરીમાંથી જન્મ્યો. ગમે તેમ પણ અહીં સંત કબીરે 'કહત કબીરા સુનો ભાઈ સાધુ'ની અભંગ ભજન ધૂન મચાવી હશે. વડ પણ કોઈ અવધૂત તપસ્વી જેવો જ લાગે છે. અનેક ખખડધજ ડાળીઓ, એ ડાળીઓમાંથી બનેલાં થડ, વડવાઈઓની ભૂલભૂલામણી, આ બધું વિસ્મયજનક છે. વડની ડાળીએ ઝૂલતાં ઝૂલતાં અમે ઉપહાર લીધો.

સાંજે મંગળેશ્વરના કિનારા પર 'નર્મદે હર'ની આરતીનો ઘંટારવ વાતાવરણમાં રણકી રહ્યો ત્યારે અમેય ઊઠ્યા. આકાશરંગે રંગાતી નર્મદા મૈયાનાં એકવાર ફરીથી આંખ ભરી ભરીને દર્શન કરી લીધાં ને હૃદયમાં એનું અવિસ્મરણીય સ્મારક રચતા 'જય નર્મદેમૈયા–જય ગુજરાત'નો આછો પડઘો પાડતા અમે પંથે પડ્યા.

નંદલાલ જોષી

અથાણું

આયર્લંડનો પ્રખ્યાત વકીલ બર્ક એક દિવસ એક ન્યાયાધિકારી સાથે ફરવા નીકળ્યો. ત્યાં રસ્તામાં એક પુરાણો વધસ્તંભ જોઈ પેલા ન્યાયાધિકારીએ પ્રશ્ન કર્યો, 'આ વધસ્તંભ અત્યારે ભોગ માગે તો તારું શું થાય?'

'મારે નામદારશ્રીએ એકલા ઘેર જવું પડે, નામદાર' બર્કે ઉત્તર આપ્યો.

બાપા: મનુ, આજ નિશાળે શું શીખ્યાં?

મનુ: (ગર્વથી) કોઈ પણ કાંઈ પૂછે તો તેના જવાબમાં એકલું 'હા' કે 'ના' નહિ પણ 'હાજી' અથવા 'નાજી' કહેવું જોઈએ.

બાપા: ખરેખર?

મનુ: હા, હા.

'હું પહેલવહેલો મુંબાઈમાં આવ્યો ત્યારે મારા ગજવામાં ફૂટી બદામ પણ ન હતી; અરે, મારે ગજવું સરખું યે નહતું!'

'એમ કેમ?'

'હું ત્યાં જન્મ્યો હતો.'

ઉર્દૂના કવિ ગાલિબના એક મિત્રને કેરી નહોતી ભાવતી, અને એ બાબત બંને મિત્રોને વારંવાર રસાકસી થયા કરતી. એક વાર બંને બેઠા હતા ત્યાંથી એક ગધેડા નીકળ્યો, અને રસ્તામાં પડેલા કેરીના છોતરાને સૂંઘીને આગળ ચાલતો થયો. એ બતાવી પેલા મિત્રે કહ્યું, 'જોયું? ગધેડા પણ કેરી નથી ખાતા.'

કવિ ગાલિબે તરત જવાબ દીધો: 'ખરી વાત છે; ગધેડા જ કેરી નથી ખાતા!'

ઈંગ્લંડના પ્રથમ કોટિના ચૅપમૅન સર્કસમાં પોતાનાં અંગકસરતનાં કામો વડે અપ્રતિમ લોકપ્રીતિ મેળવનાર હિંદી તરુણો

★



કસરતકુશળ શેજવળકર બંધુઓ

★

જે અંગ્રેજ કુટુંબ જોડે હું વસતો હતો તેમાંનો દરેક જણ શહેરના સીનેમા નાટક વગેરે પ્રકારોથી મારી જેમ ખૂબ જ કંટાળેલો હતો એટલે ક્રિસ્ટરની રજાઓ પડી ત્યારે એકાદ જુદા જ પ્રકારનો મનોરંજક કાર્યક્રમ સૌ શોધતા હતા. પણ મોટા માણસો કરતાં નાનાં છોકરાં આ બાબતમાં વધારે હોંશીલાં અને ચોકસીવાળાં હોય છે. એટલે સૌથી નાનો જોન પહેલી ખબર લાવ્યો કે 'એનફીલ્ડ'માં એક સારું સર્કસ આવ્યું છે ત્યાં બીજાં પ્રાણીઓ સાથે હાથી વાઘ બતાવવામાં આવે છે. અને વધારામાં બે ત્રણ 'કાળા' છોકરાઓનાં કામ ખૂબ જ જોવા લાયક ગણાય છે.

આ નવો કાર્યક્રમ સૌને ગમ્યો. મેં પણ સર્કસ ઘણા વખતથી જોયું નહોતું. વળી જે કાળા છોકરાઓની કીર્તિ નાનકડા જોન સુધી પહોંચી હતી તે કાળા છોકરા છે કોણ તે જાણવાની પણ સહજ ઉત્સુકતા થઈ. એટલે મેં અને સર્વ મંડળીએ સર્કસને એક દિવસ ઉદાર આશ્રય આપવાનું ઠરાવ્યું.

એનફીલ્ડ લંડનની પાસેનું જ એક નાનું ગામ છે. અને ત્યાં જ ચેપમેનના આ સર્કસનો મુકામ હતો. આપણા દેશમાં પ્રો. દેવળનું સર્કસ જેટલું પ્રસિદ્ધ છે તેટલું જ ત્યાં ચેપમેનનું નામ જાણીતું છે. ગ્રેટ બ્રિટનનું તે જૂનામાં જૂનું સર્કસ છે અને તેમાં કામ કરવાની તક કોઈને મળે તો એ બહુ માનભર્યો પ્રસંગ ગણાય. અવ્વલ દરજ્જાનો ખેલાડી હોય તેને જ ત્યાં રાખવામાં આવે છે. સર્કસનો પ્રચંડ તંબૂ, પાળેલાં જાનવરોનો ઉત્તમ સંગ્રહ અને જોવા આવેલ બેશુમાર ગર્દી જોઈને મને લાગ્યું કે ઈંગ્લંડનું તે પહેલી પ્રતિનું જ હશે.

ઠરેલા સમયે ખેલની શરૂઆત થઈ. પ્રથમના બે ત્રણ કાર્યક્રમો પતી ગયા બાદ બે કૃષ્ણવર્ણના યુવકો હસતા હસતા ગોળના દ્વારમાં દાખલ થતાં જ પ્રેક્ષકોના ટોળાએ પ્રચંડ ગડગડાટ અને અવાજોથી તેમનું સ્વાગત કર્યું. ગોરી જનતા તરફથી કાળા આદમીનો આ પ્રમાણે જાહેર રીતે તેમજ સ્વયંસ્ફુરણાથી સત્કાર થતો ઇંગ્લંડમાં ક્વચિત જ નજરે પડે છે.

એ સ્વાગતનો નમ્રપણે સ્મિત કરી તેમણે સ્વીકાર કર્યો અને પોતાના ખેલનો આરંભ કર્યો. કંઈ નહિ તો પોણા કલાક સુધી તેમણે પોતાના કસરતકૌશલ્યથી પ્રેક્ષકોને મુગ્ધ કરી નાખ્યા હતા. એક રોલર ઉપર લાકડી અને પાટિયાથી તેઓ સમતોલનના પ્રયોગો કરતા હતા ત્યારે પ્રેક્ષકોમાંથી આનંદના ઉભરા

રૂપે ઉપરાઉપર તાળીઓનો વરસાદ થતો હતો. તાર ઉપર કસરત કરતાં અચૂકપણે સમતોલ રહી માથા ઉપર ફેંટો બાંધવો, કપડાં પહેરવાં કાઢવાં, ખાનપાન લેવું ઇત્યાદિ ખેલો જોઈ પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની જતા. એ વખતના તેમના આનંદ અને અભિનંદન દર્શક ઉદ્‌ગારો સાંભળી મારી જેમ કોઈ પણ કૃષ્ણવર્ણી માણસને અભિમાન અને હર્ષ થાય જ.

પરદેશમાં જઈ પોતાના કૌશલ્યની છાપ પાડવી અને આટલી લોકપ્રિયતા સંપાદન કરવી એ સીધી કે સહજ સાધ્ય વાત નથી. તે માટે માણસમાં કંઈક વિશેષ દૈવત હોવું જોઈએ. અને તે નિભાવી રાખવા તેવો જ પ્રચંડ દીર્ઘોદ્યોગ, અવિશ્રાંત પરિશ્રમ, ચિકટપણું ઇત્યાદિ સદ્‌ગુણોનો સંચય હોવો જ જોઈએ.

એટલામાં તેમના ખેલ પૂરા થયા. મારા સંબંધી ગૃહસ્થે મારા તરફ જોઈ પૂછ્યું, 'ખરેખર અતિ નવાઈ ભર્યું કામ આ જુવાનોએ બતાવ્યું છે, કેમ ખરુંને? તમારા જ દેશના હોય એમ લાગે છે.' મેં તેને જવાબ દીધો, 'હજુ તે બાબત હું નક્કી કરી શક્યો નથી.'

વચલા વિરામના સમયમાં હું મેનેજર પાસે જઈ તે વિષે પૂછપરછ કરવા લાગ્યો, ત્યાં તે બેઉને મારી તરફ જ આવતા જોયા. મેં પહેલાં તેમને મારો પરિચય અંગ્રેજીમાં આપ્યો એટલે તેમાંનો એક જણ એકદમ મરાઠીમાં જ બોલ્યો, 'અહો, અમે પણ તમારા જ દેશના છીએ એટલું જ નહિ પણ તમારા જ પ્રાંતના. અમે અહીં "રાવ બંધુઓ" તરીકે પ્રસિદ્ધ થયા છીએ, પણ 'શેજવલકર' નામનું હજુ પણ અભિમાન થાય છે. ખરેખર કેટલાય સમયથી કોઈની જોડે મરાઠીમાં મોકળા મને બોલવાનું મળ્યું નથી. આજે આપને મળતાં કેટલો આનંદ થાય છે!'


આ પરિચયથી મને પણ આનંદ ઓછો નહોતો થયો. કસરતના કૌશલ્યમાં ઇંગ્લંડમાં લોકપ્રિય થએલા આ યુવકો હિંદી છે એટલું જ નહિ પણ મહારાષ્ટ્રીય છે એ જાણી તે વિષયમાં મેં સાભિમાન રસ લેવા માંડ્યો. અને તેમની સાથે ઘણીવાર સુધી જુદા જુદા વિષયો પર ચર્ચા કરી. તેમનો આજ સુધીનો જીવન-ઇતિહાસ પણ મને પુષ્કળ ઉદ્‌બોધક જણાયો.

આ બેઉ ભાઈઓમાંથી બાબુરાવ મોટા અને શંકરરાવ નાના છે. સાંગલી સંસ્થાનના મ્હૈસાળ ગામના તે રહીશ છે. હિંદુસ્તાનમાં સર્કસના ધંધામાં સુપ્રસિદ્ધ થએલું દેવળ કુટુંબ કેટલાંય વર્ષોથી આ ગામનું સ્થાયિક થયું છે. દેવળના ઉત્તેજનથી નાના મોટા તરુણોને કસરતી તાલીમનો નાદ ખૂબ લાગ્યો હતો. એમાંના કેટલાક જુવાનોને સર્કસમાં સારી જગ્યાઓ મળી હતી. ગામના છોકરાઓને કસરતની સોઈ કરી આપવા દેવળે એક સ્વતંત્ર તાલીમખાનું મ્હૈસાળમાં બાંધેલું જે 'દેવળની પાગા' તરીકે જાણીતું થયું છે. આ તાલીમખાનામાં ગમે તેને વિનામૂલ્યે કસરતી શિક્ષણ મળતું.

આવા વાતાવરણવાળા ગામમાં શેજવલકર બંધુઓનો જન્મ થયો હતો. તેમના વડિલ ગણપતરાવ મ્હૈસાળમાં જ વડિલોપાર્જિત ખેતીનો ધંધો કરતા હતા. બાબુરાવને સારું શિક્ષણ આપી કોઈપણ ઠેકાણે ઑફિસલાઈનમાં નોકરી અપાવવી એવી તેમની મહેચ્છા હતી. અને તેથી છોકરાઓને નિશાળે મૂક્યા. બાબુરાવની બુદ્ધિ બહુ તીવ્ર હતી એટલે પુસ્તકિયા ભણતરમાં ધ્યાન બેસતું નહિ. નાનપણથી કસરત તેને બહુ ગમતી. તે બાબત વડિલ વાંધો લેતા નહિ પણ પુસ્તકશિક્ષણ ઉપર બહુ ભાર દેતા. બધો વખત તાલીમખાનામાં છોકરા પડ્યા રહે એ તેમને પસંદ નહોતું. પણ બાબુરાવ તો શાળામાંથી છૂટ્યા કે તાલીમખાનામાં જ પહોંચે. કેટલીકવાર શિક્ષકની નજર ચૂકવીને પણ દેવળની પાગાનો રસ્તો લેતા. એની ફરિયાદ થતાં વડિલે ખૂબ કાનપટી પણ કરી છતાં એ નાદ છૂટ્યો નહિ અને કસરતમાં ધ્યાન પરોવ્યું.

સર્કસના ધંધામાં પડી કંઈક વિશેષ કરી બતાવવું એવી તેની બાળપણથી જ મહત્ત્વાકાંક્ષા હતી. શિક્ષણ પૂરું કરી ચૌદ પંદરમે વર્ષે તેણે 'રૉયલ મરાઠા સર્કસ'માં નોકરી લીધી અને પછી જુદાં જુદાં સર્કસમાં પાંચ છ વર્ષ કાઢ્યાં. ઝૂલા ઉપર, તાર ઉપર અને બીજાં કૌશલ્યભર્યાં કામોમાં તેણે અવધિપર્યંત શીખી લીધું. દૂર દૂરની કસરતકુશળ વ્યક્તિઓ સાથે રહેવાનું મળવાથી આ બધાં કામોમાં તેને પ્રત્યક્ષ શિક્ષણ મળી શક્યું. બાબુરાવની ગ્રહણશક્તિ તીવ્ર હતી જ, એટલે એ જુદા પ્રકારોમાં તેની પ્રગતિ ઝપાટાબંધ થતી.

પણ પાંચ છ વર્ષ સુધીમાં પૈસાની બાબતમાં તેને હાલાકીથી દિવસો કાઢવા પડતા. ઘરનો ખર્ચ પૂરો કરતાં વડિલોને નાકે જીવ જતો. તેમને બાબુરાવ



'શોલ્ડર બૅલૅન્સિંગ'ના ખેલો માટે શેજવળકર ભાઇઓ ઇંગ્લંડમાં અતિશય લોકપ્રિય થઈ પડયા છે

શું મદદ કરે? કેવળ ઉમેદવાર થઈને કામ કરતા હોવાથી દર મહિને બાંધેલો પગાર નહોતો મળતો. સર્કસના સામાન્ય નોકર વર્ગ માટે તૈયાર કરેલા જાડા ભડકા જેવા અન્ન ઉપર તે પોતાની ભૂખ શમાવતો. વર્ષ આખરે માલિક તરફથી મળતાં કપડાં પર જ નભી રહેવાનું હતું. એવા નિકૃષ્ટ જીવન પર તેને ખરેખર કંટાળો આવતો અને ઉદ્દિષ્ટ માર્ગ છોડી દેવાનું મન પણ થતું. સર્વત્ર તેને નિરાશા દેખાવા લાગી. પણ તેનો આશાવાદ મજબૂત હતો. શરીરનું તોલ સંભાળવાનું શીખતી વખતે મનનું તોલ પણ સંભાળવાનું બાળપણમાં મળ્યું ન હોત તો આજનો દિવસ જોવાનો હોત નહિ.

તેના આ પ્રયત્નોમાં સક્રિય માર્ગદર્શક બનનાર એક વ્યક્તિ જલદી મળી તેથી જ તે પોતાનું ધ્યેય પામી શક્યા. એ વ્યક્તિ, જેને શેજવળકર બંધુઓ ગુરુ સમ માને છે, તે પ્રો. વસંતરાવ હતા.

પ્રો. વસંતરાવ એ વખતે કસરતપ્રવીણોમાં આગળ હતા. તોલ સંભાળવાં, સાઇકલ ઉપર જુદાં જુદાં કામો કરવાં, નિશાનબાજી વગેરેમાં તે સિદ્ધ હતા. બાબુરાવને તેમની ઓળખાણ થતાં જ તેમની પાસે રહેવા ઇચ્છા બતાવી અને વસંતરાવ પણ એક દિલદાર આદમી હોઈ એવા આશા આપતા તરુણોને ઉત્તેજન આપી શીખવતા અને પોતાના જેવા જ પ્રવીણ બનાવી છોડતા. થોડા વખત પછી બાબુરાવે પોતાના નાના ભાઈ શંકરરાવને પણ પોતાની પાસે બોલાવી લીધો અને બંનેએ પ્રો. વસંતરાવ પાસે પાઠ લેવા માંડયા.

પ્રો. વસંતરાવ એક દક્ષિણી કંપનીમાં નોકર હતા અને શેજવળકર બંધુઓ પણ તેમાં જ કામ કરવા લાગ્યા. પગાર પણ ઠીક મળતો થયો. તેમનું કામ લોકોમાં વખણાવા લાગ્યું. ચારે તરફ તેમની વાતો થવા લાગી અને જુદી જુદી સર્કસ કંપનીઓ તરફથી તેમને નોકરીનું નિમંત્રણ મળવા લાગ્યું. નિયમિત ભરપૂર વેતન મળવાથી પરિસ્થિતિ સુધરી. કુટુંબને પણ મદદ કરવા લાગ્યા. એમણે આ પરિસ્થિતિનો લાભ લઇ પોતાની શક્તિમાં વિશેષ વિકાસ સાધ્યો અને તેઓ પ્રથમ પંક્તિના કસરતબાજો ગણાવા લાગ્યા.

હિંદુસ્તાનની જુદી જુદી સર્કસ કંપનીઓમાં કામ કર્યા બાદ 'બ્લેકપૂલ'ના ઇન્ડીઅન થીએટરના સંચાલકોએ શેજવળકર બંધુઓને સામેલ કર્યા. તે મુજબ ૧૯૩૬માં છ મહિના તે થીએટરમાં કામ કર્યું હતું.



શેજવળકર ભાઈઓના ગુરુ પ્રો. વસંતરાવ

હિંદુસ્તાનમાં પાછા આવ્યા બાદ સુપ્રસિદ્ધ 'વ્હાઈટવે સર્કસ'માં ૧૯૩૮ સુધી કામ કર્યું. ફરી 'બ્લેકપૂલ'ના ઇન્ડીઅન થીએટર માટે આમંત્રણ મળ્યું. ત્યાંનો કરાર પૂરો થતાં જ 'ચેપમેન્સ સર્કસ' એ જૂની અને જામેલી કંપનીમાં જોડાયા અને આજે ત્યાં જ છે. અને તેમના નૈપુણ્યથી અત્યંત લોકપ્રિય થયા છે. ત્યાંના વર્તમાનપત્રો આવું આવું લખે છે: 'જુદા જુદા ખેલાડીઓના કામનો વિચાર કરતાં રાવબંધુઓના તોલ સંભાળવાના અત્યંત વિસ્મયજનક ખેલો જેવા પ્રકારો ઇંગ્લંડમાં પૂર્વે કદી જોવામાં આવ્યા નથી." એથી એમની ક્રીડાપટુતાની પૂરી સાક્ષી મળે છે.

આટલી લોકપ્રિયતા અને કીર્તિ મળ્યા છતાં બંને ભાઈઓનો સ્વભાવ અત્યંત નિર્ગર્વ અને નિખાલસ છે. બે ભાઈઓનું એક જ ધંધામાં ઉભય સાથે સાહચર્ય મળવું દુર્લભ છે. બેઉની વ્યવહારપદ્ધતિ, જીવનધ્યેય અને સ્વભાવમેળ પરસ્પરને અનુકૂળ હોય એવું ક્વચિત જોવામાં આવે છે. પણ આ બંધુઓ એ બાબતમાં અત્યંત અપવાદરૂપ છે. મોટો કે નાનો એવો ભાવ એમનામાં છે જ નહિ. મતભેદ કોઈ વાર જણાય તો તેના છેડા આવે એટલી ખેંચ કોઈ રાખતું નથી.

કસરતકૌશલ્ય અને સર્કસના ધંધા બાબત મેં તેમને કેટલાક પ્રશ્ન પૂછ્યા અને તેના જવાબો તેમણે નીચે મુજબ આપ્યા.

પ્રશ્ન: હિંદી લોકોને પરદેશી સર્કસ કંપનીમાં કેવીક તકો છે?

ઉત્તર: પુષ્કળ છે. હિંદુસ્તાનના સર્કસો જેવા વિવિધ ધાડસી અને મનોરંજક ખેલોની માહિતી બીજા કોઈ દેશોમાં છે જ નહિ. જંગલી જનાવરો પર કાબૂ મેળવવામાં હિંદી લોકો પૂર્ણ વાકેફગાર છે. તેવી જ રીતે શારીરિક ચપળતામાં અને ગતિનિરોધની બાબતમાં પણ હિંદી લોકો પાશ્ચાત્યો કરતાં ચઢિયાતા છે. એથી પરદેશી સર્કસમાં હિંદી માણસ બીજા ખેલાડીઓને જલદી પાછળ મૂકી શકે છે. વર્ણભેદનો પ્રશ્ન ધંધાની બાબતમાં માલિકો આગળ કરતા જ નથી. ઉત્પન્ન કેમ વધે એટલો જ વિચાર તે કરે છે. પણ ગમે એટલું દારિદ્ર્ય વધે, બેકારી આવે, જીવન દુ:સહ થાય, છતાં પોતાનો દેશ છોડવા હિંદી માણસ તૈયાર નથી. તેથી જ પરદેશમાં ઉપજીવિકાનાં સાધનો કેટલાં છે તે તેની નજરે પડતું નથી. દેશાટન કરે તો કેટલાય અજ્ઞાત ક્ષેત્રો હિંદી લોકોને મળી રહે એમ છે.

પ્રશ્ન: તુલનાત્મક દૃષ્ટિએ હિંદી અને પાશ્ચાત્ય સર્કસ કંપનીમાં કોણ ચઢે એમ તમને લાગે છે?

ઉત્તર: હિંદી કંપની માટે મને યોગ્ય અભિમાન છે પણ વ્યવસ્થા રાખવામાં અહીંની સર્કસ કંપની કાર્યક્ષમ છે, એવો મારો મત છે. આપણા ખેલાડુઓનું કામ અહીંના કરતાં સારૂં હોય છે પણ ગેરવ્યવસ્થા અને પાર્શ્વરચનાના અભાવે તે જેટલું ઉઠાવદાર થવું જોઈએ તે થતું નથી. ખેલના પોશાક, સામાન, મનોરંજક કાર્યક્રમ વગેરેમાં જે વૈચિત્ર્ય અને વૈવિધ્ય અહીં તમે જુઓ છો તે હિંદી કંપનીમાં દેખાશે નહિ.

પ્રશ્ન: આપે ભાવિ કાર્યક્રમની કંઈ રૂપરેખા આંકી છે?

ઉત્તર: નિશ્ચિત કંઈ નથી. પરંતુ હિંદુસ્તાનમાં પાછા જઈને સરસ ક્રીડાકુશલ લોકોનો જો સહકાર મળી શકે તો પાશ્ચાત્ય સર્કસ કંપનીની ઢબે એક નવી સર્કસ કંપની કાઢવી એવી મારા મનમાં દિવસોથી કલ્પના ઘોળાય છે. સીનેમા સિવાય બીજા મનોરંજક કાર્યક્રમમાં વધુ કમાણી નથી એવી સામાન્ય માન્યતા દૃઢ થઈ ગઈ છે પણ વસ્તુસ્થિતિ એવી નથી સમયાનુસાર સર્કસના ધંધામાં જોઈતા નવા ફેરફારો કર્યા હોય તો

એ ધંધાને પણ લાભદાયક કરી શકાય. કોઈ પણ બાબતમાં નકલીઆપણું છેવટે હાનિકારક થાય છે.

પ્રયત્નવાદી માણસ બહુધા યશસ્વી જ થાય છે એનું મનનીય ઉદાહરણ શેજવલકર બંધુ છે. મરજી હોય તો માર્ગ થઈ જાય એ અંગ્રેજી એમને સંપૂર્ણ લાગુ પડે છે. મેંશાળ જેવા સામાન્ય ગામડાના ખેડુની ઝૂંપડીમાં જન્મેલા બાળકના પગ લંડન જેવા પ્રથમ પ્રતિના શહેરમાં જઈ પહોંચે એ કલ્પના પહેલાં કોઈને પણ થઈ હશે ખરી! એમણે સંપાદન કરેલ સુયશ ઉત્તરોત્તર વધ્યે જાય એવી ઇચ્છા મારી જેમ કોઈ પણ કરશે એમાં સંશય ન હોય.

(કિર્લોસ્કર માસિકમાં આવેલા વા. ચિં. કુલકર્ણીના લેખ પરથી)




દૂરની ને નજીકની

હવે રૂમાનિયાનો વારો ?

યુરોપમાં બાલ્કન દ્વીપકલ્પને ઉત્તરભાગે આવેલા આ દેશનો અર્થ થાય 'રોમનોની ભૂમિ.' ગયા મહાયુદ્ધ વખતે જુદાં જુદાં રાજ્યો પાસેથી એણે પડાવેલાં મુલ્કોને લઈ એનું કદ પહેલાં કરતાં લગભગ બમણું ફૂલી ગયું છે. બલ્ગારિયા પાસેથી ડોબરૂજા એણે ૧૯૧૩માં જ પડાવી લીધેલું, જ્યારે મહાયુદ્ધ પછી રશિયા પાસેથી બેસારેબિયા, ઑસ્ટ્રિયા પાસેથી બુકોવિના તથા હંગેરી પાસેથી ટ્રાન્સિલ્વાનિયા. અને બાનાતનો થોડો પ્રદેશ. બાલ્કનનાં બધાં રાજ્યોમાં રૂમાનિયા સૌથી સમૃદ્ધ હોવાથી હંગેરી, રશિયા તથા તુર્કીનો ડોળો એના પર હંમેશ રહેતો આવેલો છે ને તેમાં એની આ પચાવગીરી એને ફરી રણક્ષેત્ર બનાવી દે તો નવાઇ નહિ.

રૂમાનિયાના ઘઉં તથા તેલ પર હિટલરની લાલચુ નજર ક્યારની ઠરી ચૂકી છે. એણે ચેકોસ્લોવાકિયા હજમ કર્યું ને એ ભગ્નાંગ રાષ્ટ્રનો બાકી વધેલો પ્રાંત એણે હંગેરીને લઇ લેવા દીધો ત્યારે ઘણાને નવાઈ લાગેલી કે રૂમાનિયાની સરહદને અડતો એ પ્રાંત હિટલરે કેમ જવા દીધો. પણ હિટલરનો વિચાર એ પહાડી ભૂમિમાં સૈન્ય ઉતારવાનો ન હતો. એના કરતાં પોલાંડ કે હંગેરીનો માર્ગ સહેલો હતો. તેથી એણે પોલાંડ કબજે કર્યું. ઈટલીએ આલ્બેનિયા લીધું તે પાછળ પણ હિટલરની ચકોર નજર રહેલી છે. મિત્રરાજ્યોનું લશ્કર ગ્રીસના સાલોનિકા પ્રાંતમાંથી આગળ વધી યુગોસ્લાવિયાની વાટેર બાજુ એકંગી જર્મનીની પીઠ ઘા ન કરે તે માટેની એ અગમચેતી હતી. આ પછી પોલિશ ગેલિસિયામાંથી કૂચ કરી બુકોવિના મુકામેથી રૂમાનિયા પર હલ્લો કરવો હિટલરને સરળ થઇ પડ્યો છે, કારણ રૂમાનિયાનાં તેલક્ષેત્રો તથા કળદ્રુપ ખેતરો અહીં જ આવેલાં છે. એ સપાટ પ્રદેશ પાકા રસ્તાથી ઠેઠ અંદરના ભાગ સુધી જોડાએલો છે. ત્યાં નથી એને પર્વતોનું કુદરતી કે કિલ્લેબંદીનું કૃત્રિમ સંરક્ષણ.



રશિયાનો પણ સ્વાર્થ રૂમાનિયામાં રહેલો છે. એ પોતાનું ગુમાવેલું બેસારેબિયા મેળવે એટલે પોલિશ યુક્રેનનું એનું સંરક્ષણ મજબૂત બને. બરફથી મુક્ત રહેતા કૉન્સ્ટન્ટા બંદર પર પણ રશિયાની લાંબા સમયથી નજર રહી છે. મિત્રરાજ્યોએ કોઇ પણ યુરોપિયન સત્તાના આક્રમણ સામે રૂમાનિયાને સંરક્ષણ આપવાનાં વચનો આપ્યાં છે, પરંતુ હિટલરના ઉપરોક્ત પેચ સામે તેમને એક જ રસ્તો રહ્યો છે અને તે ડાર્ડેનલ્સ મારફત કાળા સમુદ્રમાં પહોંચવાનો. પરંતુ એમાં પાછી તુર્કીની રશિયા સાથેના સંધિ આડે આવે છે. રશિયા વાંધો ઉઠાવે તો તુર્કીને મિત્રરાજ્યોની યુદ્ધનૌકાઓને પ્રવેશતી અટકાવવી પડે, એટલું જ નહિ પણ રશિયાની મંજૂરીથી જર્મની અથવા તો રશિયા પોતે રૂમાનિયા પર હલ્લો કરે તો તુર્કી કોઇ દિવસ વિરુદ્ધ ન પડે.

રૂમાનિયા પાસે અત્યારે ૨,૨૦,૦૦૦નું લશ્કર છે. એની પાસે સૈન્યસરંજામની એકેએક વસ્તુની ઊણપ છે--વિમાનો, ટૅન્કો, તોપો, પોશાક અને બૂટ જોઈએ, રશિયા અને જર્મનીનો સહકાર બાલ્કનમાં કેવી નવી બાજી રચે છે.

आकाशदर्शन

[काकासाहेब कालेलकर]

આજ સુધી આપણે જે આકાશદર્શન કરી ગયા તેપર થોડી ચર્ચા કરી લઈએ. પૃથ્વી પશ્ચિમથી પૂર્વ તરફ ફરતી હોવાથી સારું આકાશ અને એમાં પ્રકાશમાન ગ્રહો, તારાઓ આદિ પૂર્વથી પશ્ચિમ તરફ ગતિ કરતા જણાય છે. ચોવીસ કલાકમાં આકાશનું આ જે એક આવર્તન પૂરું થાય છે તેની કાલ્પનિક ધરી ઉત્તર ધ્રુવથી નીકળી, પૃથ્વીના પેટને ચીરતી મધ્ય બિંદુમાંથી પસાર થઈ દક્ષિણ ધ્રુવ સુધી જાય છે. આપણે હિંદુસ્તાનવાસીઓ દક્ષિણ ધ્રુવ અને એની આસપાસનો આકાશપ્રદેશ નથી દેખી શકતા; અને ઉત્તર ધ્રુવ તથા એની આસપાસનો પ્રદેશ આપણી આંખથી કદી તિરોહિત નથી રહેતો એ કારણે જ કદાચ ઉત્તર દિશાને આપણે શુભ માની હોય અને દક્ષિણ દિશાને યમરાજાની અશુભ દિશા માની હોય.

દક્ષિણ દિશામાં અગસ્તિ, એની ઝૂંપડી અને એની નીચેની બાજુ કૅરિના, એની બાદ ત્રિશંકુ અને જય-વિજય, ઇત્યાદિ તારા આપણે જોઈ ગયા છીએ. આકાશનો મોટો વીંછી પણ દખ્ખણનો જ નિવાસી છે.

ઉત્તર તરફ ધ્રુવ, ધ્રુવમત્સ્ય, સપ્તર્ષિ અને એની વચ્ચેનો કાલીય ઇત્યાદિ નક્ષત્રપુંજો ધ્યાનમાં રાખવા લાયક છે જ. ધ્રુવની એક તરફ સપ્તર્ષિ અને બીજી તરફ દેવયાની (કૅસ્યોપિયા) મુખ્ય છે.

આ મુજબ ઉત્તરનું અને દક્ષિણનું આકાશ જોઈ આપણે જ્યારે વચ્ચે આવીએ છીએ ત્યારે આકાશમાં ખાંગા પૈડાની વર્તુલરેખા જેવો એક રસ્તો દેખાઈ આવે છે જે પર સૂર્ય ચન્દ્ર તથા બધા ગ્રહો ઘૂમતા નજરે પડે છે. આ આકાશી રસ્તાને રાશિચક્ર કહેવામાં આવે છે. એના બાર વિભાગ બનાવી એ દરેક વિભાગનાં પ્રધાન નક્ષત્રોની આકૃતિ અનુસાર એમને રાશિનાં નામ આપવામાં આવ્યાં છે.

આ રાશિઓમાં વૃષભ, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક અને મીન—એટલી રાશિઓની આકૃતિઓ ધ્યાનમાં આવી શકે છે. એ આકૃતિઓના નકશા ભવિષ્યમાં આપીશું. બાકીની રાશિઓની આકૃતિઓ પરાણે ઊભી કરેલી છે.

ચન્દ્રમા પણ આ આકાશી રસ્તા પરથી જ જાય છે; પણ એને રસ્તાની બરાબર વચ્ચે ચાલવાની આદત નથી. ક્યારેક રસ્તાના એક છેડે ચાલશે, તો ક્યારેક વળી બીજે છેડે પહોંચશે. આ આકાશી ચક્ર તે સત્તાવીસ દિવસે પૂરું કરતો હોવાથી આપણા વેદકાલીન પૂર્વજોએ રાશિઓનો ખ્યાલ છોડી દઈને આકાશી રસ્તાના સત્તાવીશ વિભાગો બનાવ્યા તે દરેક વિભાગને નક્ષત્રનું નામ આપ્યું. બાળકોના શિક્ષણમાં ઇંગ્લંડનાં ''કાઉન્ટી''ઓનાં નામોની વેઠ ગોખાવવા કરતાં આ સત્તાવીશ નક્ષત્રોનાં જ નામ કંઠસ્થ કરાવી જ્યોતિઃશાસ્ત્રમાં એમને પ્રવેશ કરાવ્યો હોય તો વધુ સારું. આપણી પ્રાચીન શિક્ષાપ્રણાલીમાં એ પધ્ધતિ હતી જ. રવિ સોમ વગેરે સાત વારનાં નામ, અને ચૈત્ર, વૈશાખ વગેરે મહિનાનાં નામ પછી તરત નક્ષત્રોનાં નામ કંઠસ્થ કરાવાતાં. આજે તો ખેદની વાત એ છે કે આપણા દેશના મોટામોટા જ્યોતિષીઓ પણ આકાશમાં આ સત્તાવીશ નક્ષત્રો દેખાડવાને અસમર્થ નીવડે છે. જ્યારે અંગ્રેજોનું રાજ્ય અહીં કાયમ થયું ત્યારે કેટલાક ગોરા વિદ્વાનોએ આપણું જ્યોતિષશાસ્ત્ર શીખવા ઇચ્છયું. તપાસ કરતાં એમને માલૂમ પડ્યું કે આકાશમાં સત્તાવીશ નક્ષત્રો બતાવી શકે એવા જ્યોતિષી પણ આ દેશમાં બહુ કમ છે.

એ સત્તાવીશમાંનાં નીચેનાં નક્ષત્રો આસાનીથી ઓળખી શકાય છે:—કૃત્તિકા, રોહિણી, મૃગ, પુનર્વસુ, મઘા, ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, શ્રવણ અને ભાદ્રપદા.

આ નક્ષત્રોની પિછાન એટલા માટે જરૂરી છે કે ચન્દ્ર અને ગ્રહો અમુક વખતે આકાશમાં ક્યાં છે એ આકાશમાં બતાવવા માટે એમનું સ્થાન બહુ ઉપયોગી નીવડે છે. સ્થાનનિર્દેશની દૃષ્ટિએ અશ્વિની, ભરણી અને આર્દ્રા એ નક્ષત્રો પણ બહુ કામનાં છે. શ્રવણ નક્ષત્ર સાથે અભિજિત્ આપવાનો પણ ક્યાંક ક્યાંક રિવાજ છે. આ અભિજિતને જ આપણે 'દશરથ'નું નામ આપ્યું છે.

વાચક ચારેક આના ખર્ચીને નવી સાલનું પંચાંગ મેળવશે તો નક્ષત્રો અને રાશિઓ સાથે ૮ અથવા ૧૫ દિવસની આકાશની સ્થિતિ બતાવતી કુંડળીઓ પણ તેમાં મળશે. આવતે મહિને આ ચર્ચા આગળ ચલાવીએ એ દરમ્યાન એટલું જોઈ રાખશો તો ઉપયોગી નીવડશે.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'પનિહારી'—કનુ રાવત (અમદાવાદ); બીજું ઇનામ: 'હંસ'—ચતુરભાઇ પટેલ (ભાદરવા); ત્રીજું ઇનામ: 'ગૌમુખ'—એસ. એન. છીપા (અમદાવાદ). નોંધપાત્ર: (૧) 'પટછાયા'—ઘનશ્યામ દલાલ (અમદાવાદ); (૨) 'ભલેને ઝંઝાવાત આવે પણ' ચીમન મેવાડા (કલોલ).

ચિત્રનું મુખ્ય વસ્તુ તેની ચાર ધારોની વચમાં બરાબર ન ગોઠવાયું હોય તો તેનું ઘણુંખરું આકર્ષણ ચાલી જવાનો સંભવ છે. મઢેલી છબીઓની લાકડાની ફ્રેમની વચમાં જેમ ચિત્ર દીપી ઊઠે છે તેમ ચિત્રવસ્તુ પણ તેની આજુબાજુના પદાર્થોથી મઢાએલું હોય તેવો આભાસ ઉપજાવવો ઘટે. ચિત્રવિસ્તારમાં તે બહુ મોટું ન જણાવું જોઇએ. અંદરની કોઇ ચીજ; એની રેખાઓની દિશાથી કે વસ્તુની ગતિ અગર મુખથી મર્યાદા બહાર નીકળતી ન લાગવી જોઇએ. આકર્ષક અંગો કિનાર નજીક હશે તો ચિત્ર નબળું જણાશે.

ઉપરના મુદ્દાઓ ધ્યાનમાં રાખી પહેલું ઇનામ જીતનારૂં ચિત્ર 'પનિહારી' નિહાળો. એની ચારે બાજુએ કાળા પદાર્થો અગર છાયા હોવાથી બંને પનિહારીઓ જાણે ફ્રેમમાં મઢાઇ હોય એવું નથી લાગતું? જમણી તરફ ઉપલી બાજુએ ધોળું આકાશ ન હોત તો નજર તે તરફ દોડી જાત અને ચિત્રમાં અસ્થિરતા જન્મત.

પ્રમાણમાં મોટી દેખાતી ડાબી તરફની સ્ત્રી ચિત્રનું મુખ્ય લક્ષ્ય છે. ચિત્ર-વિસ્તારને ત્રણ વિભાગમાં વહેંચીએ તો ડાબી તરફના ત્રીજા વિભાગના છેડા પર એ આવે છે. એ સ્થાન હંમેશાં સંયોજનની દૃષ્ટિએ વધુ આકર્ષક અને સુરુચિકર ગણાય છે. સામેથી આવતી બાઇ પ્રમાણમાં નાની છે. વળી તે ચિત્રના મધ્ય ભાગમાં છે. આથી તેનું બળ ઘટે છે અને તે મુખ્ય વસ્તુને મદદગાર બની રહી છે. એકનો ગતિમાર્ગ બીજીથી અવળો હોવાથી પ્રેક્ષકની આંખ બે વચ્ચે સ્થિર થઈ ચિત્રનો રસ માણે છે. આમ બધી રીતે 'પનિહારી' ચિત્ર ઉચ્ચ કોટિનું છે. ભાઈ કનુ રાવતને આટલું રમ્ય ચિત્ર ઉપજાવવા બદલ અભિનંદન ઘટે.

'હંસ' ચિત્રને ઉપલી દૃષ્ટિએ વિચારતાં તરત જણાઇ આવશે કે ચિત્રવિસ્તારના પ્રમાણમાં હંસ મોટો હોવાથી કેમ જાણે દાબીને કાગળમાં રાખવામાં આવ્યો ન હોય એમ લાગે છે. તેની આજુબાજુ જગ્યા વધારે જોઇએ. આ ચિત્ર હંસનું પોર્ટ્રેટ ગણાય. પોર્ટ્રેટમાં ચિત્રનું લક્ષ્ય હમેશાં ચહેરા-મુખ-આંખ વગેરે હોય. જ્યારે એ બધાં અહીં ચેષ્ટાહીન હોવાથી ચિત્ર કેવળ રમકડા જેવું લાગે છે. વળી એનું સ્થાન ચિત્રની જમણી તરફની ધારને અડોઅડ હોવાથી હંસ ચિત્રમાંથી જમણી તરફ ચાલી જતો હોય તેવો ભાસ થાય છે. ચિત્રસંયોજનના આવા થોડાક મુખ્ય નિયમો તરફ સૌએ કાળજી રાખવાની આવશ્યકતા છે.

'ગૌમુખ' સ્થિર પદાર્થ (સ્ટિલ લાઈફ) તરીકે સારૂં ગણાય. 'સ્ટિલ લાઇફ' હોતાં એને ત્વરાચિત્ર (સ્પીડ પિક્ચર) પણ કહી શકાય. કારણકે ભાઇ છીપાએ ગૌમુખમાંથી પડતું પાણી ઝડપ્યું છે; અને કુંડના પાણી સાથે એ પાણી મળતાં ઉછળતી પાણીની છોળો જાણે સજીવ બની રહે છે. પરંતુ ઉપર જે ટીકા કહી તે જ આ ચિત્રને લાગુ પડે છે. ગૌમુખ અગર સંગમ બેમાંથી મુખ્ય શું એ પ્રશ્ન તરત ઉદ્ભવે છે. ચિત્રને ત્રણ ભાગમાં વહેંચતી ડાબી કે જમણી કોઈ લીટી પર જો એ બેમાંથી એકને રાખ્યું હોત તો તે વસ્તુ પ્રધાન બનત. ઉપર અને ડાબી તરફ થોડી જગ્યા વધારવાથી ગૌમુખનું આકર્ષણ વધશે.

બલવન્ત ભટ્ટ

શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ—અમરાવતી (વરાડ)ના વ્યાયામવર્ગો—મે ૧૯૪૦

આજથી પંદર વર્ષ પર હ. વ્યા. પ્ર. મંડળે ઉનાળામાં વ્યાયામ વર્ગો ચલાવવાની પહેલ કરી; અને ત્યારથી દર વરસે ચાલુ રહેતી તેની પ્રવૃત્તિએ જાહેર પ્રજાનું એટલું બધું ધ્યાન આકર્ષ્યું છે કે ઉત્સાહી તરુણો-ખાસ કરીને વ્યાયામશાળાઓ, જિમ્નૅસ્ટિક સંસ્થાઓ, મ્યુનિસિપલ કમિટીઓ, ડિસ્ટ્રિક્ટ કાઉન્સીલો, લોકલ બોર્ડો તથા શિક્ષણસંસ્થાઓના ચાલકો-તેનો લાભ લેતા રહ્યા છે. આ વર્ગો દ્વારા વૈજ્ઞાનિક ભૂમિકા ઉપરનો યોજક કાર્યક્રમ અપનાવી પોતપોતાની સ્થાનિક વ્યાયામશાળાઓમાં સેંકડો વિદ્યાર્થીઓ એવા વર્ગો ચલાવતા થયા છે.

વિભાગ ૧

રાબેતા મુજબ આ વર્ગો ૧લી મેથી શરૂ થઈ ૩૧મી મે ૧૯૪૦ સુધી ચાલશે. એના અભ્યાસક્રમ ત્રિવાર્ષિક છે. વ્યક્તિગત તથા સમૂહસ્વરૂપે પહેલા વર્ષમાં કુસ્તી, મલખમ, ભાલા, લાઠી, લેઝીમ, મગદળ, દંડબેઠક, સ્વીડિશ ડ્રીલ્સ વગેરેનું પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. ત્રણ વર્ષના વર્ગમાં હાજરી આપી અભ્યાસક્રમ પૂરો કરનાર ઉમેદવારને મધ્યપ્રાંતીય સરકારથી માન્ય થએલું 'વ્યાયામવિશારદ'નું પ્રમાણપત્ર આપવામાં આવે છે. એજ રીતે ફર્સ્ટ એઇડ, સ્વાસ્થ્ય, પૂર્વ તથા પશ્ચિમના વ્યાયામનો

તુલનાત્મક ઇતિહાસ, નાગરિકત્વ તથા તેને અનુષંગી વિષયો પર તદ્વિદોનાં વ્યાખ્યાનો યોજવામાં આવે છે.

લશ્કરી શિક્ષણઃ વ્યાયામ સિવાય ટુકડીવાર કવાયત, રાઈફલ ડ્રિલ, નિશાનબાજી, ગોળીબાર ને સંત્રીપણાની ઇન્ફન્ટ્રી ટ્રેઈનિંગ આપવામાં આવે છે. તદ્વિષયક ભાષણો સાથે નાગરિક સંરક્ષણદળનાં સાધનો અને સાધ્ય સાથે તોપની યાંત્રિક કાર્યશક્તિ સમજાવવામાં આવે છે. એમાં સફળ નીવડેલા ઉમેદવારને મંડળના નાગરિક સંરક્ષણદળના લૅન્સ કૉર્પોરલના પદનું ખાસ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

વિભાગ ૨

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે

આ મંડળે પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે એક ખાસ અભ્યાસક્રમ યોજ્યો છે, જેમાં તેમને વિદ્યાર્થીઓના શારીરવિકાસ તથા સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોનું ખાસ શિક્ષણ આપવામાં આવે છે.

સ્કાઉટિંગઃ સ્કાઉટિંગને ઐચ્છિક વિષય તરીકે રાખવામાં આવ્યો છે; એમાં સ્કાઉટ નિયમો તથા પરિશ્રમણ સાથે કેટલીક સ્કાઉટ રમતો શીખવવામાં આવે છે. એમાં સફળ ઉમેદવારોને એક ખાસ અને પ્રમાણિત પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ વર્ગોની દાખલસંખ્યા બહુ મર્યાદિત રાખવામાં આવી છે. હ. વ્યા. પ્ર. મંડળને વફાદાર રહી, શક્ય એટલાં બધાં સાધનોએ તેના ધ્યેયને આગળ ધપાવવાની કબૂલાત આપતા ચૂંટેલા ઉમેદવારોને જ પસંદગી આપવામાં આવે છે. કોઇ પણ ઉમેદવાર ઉપરના બંને અભ્યાસક્રમોનું શિક્ષણ મેળવી શકે છે. વિશેષ વિગત જેમને જોઈતી હોય તેમણે નીચેના સરનામે ૧૯૪૦ના એપ્રિલની ૨૦મી પહેલાં અઢી આનાના પોસ્ટલ સ્ટાંપ્સ બીડી 'પ્રૉસપેક્ટસ' મંગાવી લેવું. H.V. Deshpande, GeneralS ecretary H.V.P.Mandal, Amraoti(Berar)

સંસારનાં શહેરો

૧૦-કરાચી


ભારતનાં શહેરોમાં પાંચમા નંબરનું તથા તેનાં બંદરોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતું આજના સિંધનું પાટનગર કરાચી એક વખતે પાંચપચીસ માછીમારોનું ગામડું હોઈ, 'કલાચીજો ગોઠ' (કલાચીનું ગામડું) નામે ઓળખાતું. કલાચી એ એ માછીમારોનો મુખી હતો. ધીમે ધીમે વસતિ વધતાં તેને માટીનો એક કોટ બાંધવામાં આવ્યો. તેને પૂર્વ અને ઉત્તર દિશાએ બે દરવાજા હતા જે અનુક્રમે ખારા દરવાજા ને મીઠા દરવાજા તરીકે ઓળખાતા અને જે આજે પણ ખારાધર ને મીઠાધર તરીકે હયાત છે.

ઇ. ૧૭૭૪-૭૫માં લેફ્ટેનંટ જૉન પૉર્ટર મારફત અંગ્રેજોને આ સ્થાનની પહેલી ભાળ લાગી. હિંદુ વેપારીઓ મારફત દિનોદિન એનો બંદરી વિકાસ થતો ચાલ્યો. ઈ. ૧૭૯૫માં તાલપુરા લોકોએ ખિલાતના ખાન પાસેથી એ જીતી લીધું અને તે પર કિલ્લો બાંધ્યો. ઈ. ૧૮૩૪માં ત્યાં થઇને રશિયા સાથે અફઘાનિસ્તાનમાં લડાઈ કરવા અંગ્રેજ લશ્કર આગળ વધી રહ્યું હતું ત્યારે તાલપુરા સેનાપતિએ તેના માનમાં 'મનોરા'ની ટેકરી પરથી તોપોના બાર કરતાં અંગ્રેજ સૈન્યે લડાઇનું આહ્વાન માની લીધું ને લડાઇ કરી તે જીત્યું.

અંગ્રેજી અમલના આરંભમાં આ શહેરની વસતિ આઠથી નવ હજારની હતી પરંતુ જેમ જેમ બંદરી વિકાસ થતો ગયો તેમ તેમ વસતિ વધતી ગઈ. આજે એની વસતિ લગભગ સાડા ત્રણ લાખ છે. બીજાં મોટાં શહેરોના મુકાબલામાં આ વસતિ ઓછી કહેવાય, પણ સ્વચ્છતામાં કરાચી કદાચ બીજાં બધાં શહેરોને ટપી જાય.

ઉત્તરે કોહિસ્તાન (ડુંગરાળ મુલ્ક) અને દક્ષિણે સિંધુના આડાઅવળા ફાંટા વચ્ચે આવેલા કરાચીનાં દર્શનીય સ્થાનોમાં મંગાપીર, મનોરા, હવાબંદ એક્સ્ટેન્શન, ટેકરી, ગાંધીગાર્ડન, ભૂતખાના (મ્યૂઝિયમ), ક્લિફ્ટન, માડી અને મલીર મુખ્ય ગણી શકાય. ઇ. ૧૯૩૫ના મહાસભાના અધિવેશનનું સ્થાન આજે 'ગુજરાતનગર'માં પરિણત થયું છે. ગુજરાતીઓએ એના વિકાસમાં કદાચ સૌથી જબરો ફાળો આપ્યો છે ને મહાગુજરાતનું એ પ્રમુખ થાણું બની રહ્યું છે.

હવાઇ અને બહરી વ્યવહારથી 'એશિયાનો દરવાજો' બનનાર આ કરાચીનું કવિ ન્હાનાલાલે એક દાયકા પર ભવિષ્ય ભાખ્યું હતું કે, 'કરાચી! આવતી કાલે તારે આંગણેથી વીસમી સદીના હનુમાનવિમાનો છલંગો ભરશે. એશિયા અને યુરોપનાં આભ ઓળંગી આરપાર ઊડશે. અને તે કવિતા નહિ, કલ્પના નહિ, આશ્ચર્યકથા નહિ, પણ આજના યુગની સત્ય વાર્તા કહેવાશે.'





બા ળ વિ ભા ગ



પંચતંત્રની વાર્તાઓ

વળી કરટક કહે, 'ઉપદેશથી મૂર્ખો કોપે છે, શમતા નથી; ભુજંગને દૂધ પાવાથી એનું વિષ જ વધે છે. કહ્યું છે કે,

ઉપદેશ દિઓ છો કાં જેવા તેવા મનુષ્યને।
જુઓ વાનર મૂર્ખાએ સુઘરી નિર્ગૃહી કરી ॥૪૨૧॥

દમનક કહે, 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨૪

એક વનમાં શમાનું ઝાડ હતું. તેમાં ચકલોચકલી રહેતાં હતાં. ત્યાં એકવાર હેમન્ત ઋતુમાં મેઘ મન્દમન્દ વર્ષવા મંડ્યો. એનાથી ટાઢે ઠરતો દન્તવીણા વગાડતો એક વાંદરો શમાના મૂળ આગળ આવીને બેઠો. એની દુર્દશા જોઈને ચકલી બોલી, 'ભદ્ર,

હાથ ને પગવાળો તું દેખાય પુરુષાકૃતિ।
ટાઢથી ઠરતો મૂઢ ઘર કેમ કરે નહિ ॥૪૨૨॥

આ સાંભળીને વાંદરાએ ક્રોધસહિત કહ્યું, 'અધમે, તું મૌનવ્રત કેમ સેવતી નથી? અહો, આની ધૃષ્ટતા' મારી ઠેકડી કરે છે!

સૂચીમુખી દુરાચારી રંડા પંડિતવાદિની।
બકતાં ન ડરે લેશ એને કેમ ન મારવી ॥૪૨૩॥

ચટકાબાઈ, તું મારી ચિન્તા કરીને દૂબળી થા મા. અને કહ્યું છે:

શ્રદ્ધાલુને કરો વાત પૂછતાને વિશેષતઃ।
શ્રદ્ધાવિહીનને કીધું અરણ્યરુદિતોસમ ॥૪૨૪॥

તો પણ ચકલી તો બોલતી જ રહી એટલે વાંદરે શમી ઉપર ચડી માળો ભાંગીને ભૂકો કરી નાખ્યો.

એટલે હું કહું છું: ઉપદેશ દિઓ છો કાં ઇતિ. વળી કોકે ઠીક કહ્યું છે:

ધર્મબુદ્ધિપાપબુદ્ધિ જાણ્યા પુરુષ બે જ મેં।
વ્યર્થ પાંડિત્યથી પુત્રે ધૂમમાં તાત મારિયો ॥૪૨૫॥

દમનક કહે, 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨૫

એક નગરમાં ધર્મબુદ્ધિ ને પાપબુદ્ધિ નામે બે વણિક-પુત્ર મિત્ર હતા. તેઓએ કમાવા સારુ દેશાન્તર જવાનો વિચાર કર્યો. કહ્યું છે, કે

'દેશાન્તરમાં વિવિધ ભાષા તથા વેશ જેણે જાણ્યાં નથી એનો જન્મ અફળ ગયો જાણવો.'

'એક દેશથી બીજે દેશ ફરતો ફરતો માણસ ન ફરે ત્યાં લગી વિદ્યા, શિલ્પ કે ધન તે સરખી રીતે પામતો નથી.'

પરદેશ ખેડીને ધર્મબુદ્ધિના પ્રભાવથી પાપબુદ્ધિએ પણ પુષ્કળ કમાણી કરી. એટલે બેય ઘેર આવવા નિકળ્યા. પોતાનું ગામ પાસે આવ્યું એટલે સ્વાર્થસાધુ પાપબુદ્ધિ ધર્મબુદ્ધિને કહે, 'ભદ્ર, આ સર્વ ધન ઘેર લઈ જવું એ ઠીક નથી, કારણ કુટુમ્બી તથા બાન્ધવો એની માગણી કરે. એટલે અહિં જ ગહનવનમાં ક્યાંક ઝાડના મૂળ આગળ દાટી થોડુંક લઈ ને ઘેર જઈએ. ફરી પ્રયોજન હશે ત્યારે વળી પાછું એટલું જ અહિં આવીને લઈ જઈશું. ડાહ્યા માણસ અલ્પ ધન પણ કોઈને દેખાડતો નથી, કેમ કે તે જોઈને મુનિવરનું મન પણ ચળી જાય છે.' ધર્મબુદ્ધિ કહે, 'ઠીક, એમ કરો.'



બેય જણ ઘેર આવ્યા પછી એક દિવસ મધ્યરાતે ત્યાં જઈ ને પાપબુદ્ધિ બધું ધન કાઢી ખાડો પૂરી ને બાંય સમી કરીને પોતાને ભવને આવતો રહ્યો. ધર્મબુદ્ધિને બહોળું કુટુમ્બ હતું. એટલે કાંઇક વધારે ધન કાઢવા સારુ પાપબુદ્ધિને તેડીને તે વનમાં ગયો, ને ઝાડ આગળ ખોદ્યું તો કાંઇ ન મળે. એટલે પાપબુદ્ધિ પાષાણ ઉપર પોતાનું માથું કૂટવા મંડ્યો ને કહ્યું. 'ધર્મબુદ્ધિ, આ ધન તું જ હરી ગયો. બીજું કોઇ નહિ. એટલે એનું અર્ધું મને દે, નહિ તો રાજકુળમાં મારે રાવ ખાવી પડશે.' ધર્મબુદ્ધિ કહે, 'દુરાત્મન્, હું ચોરી કદાપિ ન કરું. કહ્યું છે:

માતૃવત પરદારાને શિલાવત પરદ્રવ્યને।
આત્મવત સર્વભૂતોને જુએ છે સજ્જનો સદા ॥૭૩॥

આમ પરસ્પર વિવાદ કરતા બેય જણ ધર્માધિકારી આગળ ગયા, ને એકબીજા ઉપર દોષ ચડાવ્યો. હવે અધિકારીએ એને દિવ્ય કરવા કહ્યું, તો પાપબુદ્ધિ કહે, 'આપે ઠીક ન્યાય ન કર્યો. પહેલાં પત્ર, પછી સાક્ષી, ને એ બેયને અભાવે દિવ્યનો આશરો લેવાય. પણ મારે તો વૃક્ષદેવતા સાક્ષી છે, તે અમારામાંથી એકને ચોર કે સાહુકાર સિદ્ધ કરશે.' એટલે કાલ સવારે આવજો એવી આજ્ઞા કરીને અધિકારીએ બેયના પ્રતિભૂ (જામીન) લીધા ને છોડી મૂક્યા.

ઘેર જઈ ને પાપબુદ્ધિએ પોતાના પિતાને પ્રાર્થના કરી. 'તાત, ધન મેં ચોર્યું છે, તે તમારા વચનથી મને પચી જાય એમ છે; નહિ તો ધન ને મારું જીવનધન બેય જવા બેઠાં છે.' તે બોલ્યો. 'વત્સ, એવું શું છે જે બોલવાથી ધન આપણા ઘરમાં સ્થિર થઈ જાય!' પાપબુદ્ધિ કહે. 'પિતાજી, તે પ્રદેશમાં શમીનું મોટું ઝાડ છે, તેમાં મોટી બખોલ છે. એ બખોલમાં તમે આ ઘડીએ જ પ્રવેશ કરો. પછી હું પ્રભાતે પૂછું ત્યારે તમારે કહેવું કે ધર્મબુદ્ધિ ચોર છે.' બાપ કહે, 'દિકરા. આમ તો આપણે બેય મરવાના છિએ. આ ઊંધો ઉપાય છે. કહ્યું છે કે. ઉપાય જેમ વિચારિએ તેમ અપાય પણ વિચારવો. એમ ન કરે તો મૂર્ખ બગલાના દેખતાં નોળિયાએ એનાં બચ્ચાં ખાધાં હતાં એવું થાય.'

પાપબુદ્ધિ કહે, 'એ કેમ?' પિતા કહે:

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

શ્રી ઈસુરૂ એ. કે. કેંજુલાબાઇ (સુરત) ઉપરનો પત્ર

હેઝ (કાન્સાસ., યુ. એસ. એ.)

પ્રિય મિત્ર

તમારો પત્ર ગઈ કાલે સવારમાં મળ્યો. સાથેનું ચિત્ર અને પત્ર બંને મને ખૂબ જ ગમ્યાં. મેં મોકલેલું ચિત્ર તમને ગમ્યું છે જાણી હું બહુ ખુશ થાઉં છું, અને હવે પછી તમને ગમે એવાં બીજાં ચિત્રો મોકલ્યા કરીશ.

તમે World Fair (વિશ્વમેળા) વિષે મને બહુ લખવા કહો છો ખરું ને? પણ એ થોડા શબ્દોમાં લખવાનું કામ બહુ કઠણ છે. છતાં તેનો ટૂંકો ખ્યાલ આપું.

આ વર્ષે અમારે ત્યાં અમેરિકામાં બે પ્રદર્શનો થયાં છે. એક ન્યૂ યૉર્કમાં અને બીજું પશ્ચિમ પ્રદેશમાં. ન્યૂ યૉર્કનું સરકારી છે. તે વિષે થોડું કહું. એ પ્રદર્શનનો ઉદ્દેશ આવતી કાલની દુનિયા રજૂ કરવાનો છે. તે કામમાં ઘણા મહાન પુરુષોએ સંયુક્ત પરિશ્રમ લીધો છે અને હવે પછી દુનિયા કેવી રચાશે તેનો ખ્યાલ લોકોને આપ્યો છે. તેની પાછળ ૧૭, ૫૦, ૦૦, ૦૦૦ ડૉલર (એટલે કે સાડા બાવન કરોડ રૂપિયા) નો ખર્ચ થયો છે. ત્યાં અમારી મોટીમોટી ઉદ્યોગ કંપનીઓ— ફૉર્ડ, જનરલ ઇલેક્ટ્રિક, જનરલ મોટર વગેરે તરફથી અંતવર ઇમારતો ઊભી કરવામાં આવી છે. અમેરિકાના અડતાલીસ પ્રાંતો અને પરદેશનાં રાજ્યોએ પણ તેમના તંબૂ રચ્યા છે. પરદેશનાં આકર્ષણોમાં રશિયા તરફનું એક કામદારનું પ્રચંડ બાવલું આગળ પડતું લાગે છે એમ ઘણા જોનારા કહે છે. આ પ્રદર્શનનાં કેટલાંક ચિત્રો તમને મોકલી આપીશ.

તમને ખબર હશે કે ઈંગ્લંડનાં રાજારાણી યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડાની મુલાકાત માટે આવ્યાં છે. તેથી રાજકર્તા તરફ પ્રેમ અને વફાદારીની ખૂબ જ નવી જાગૃતિ થઈ છે. અમારા દેશમાં પ્રેસિડન્ટે અને પ્રથમ સન્નારી—First Lady—એ (પ્રેસિડન્ટનાં પત્નીએ) તેમનો સત્કાર કર્યો, લોકોની મેદનીએ પણ પ્રચંડ હર્ષનાદોથી તેમને વધાવ્યાં. યુનાઇટેડ સ્ટેટ્સ અને સામ્રાજ્યની દોસ્તી જબરી છે.

ગંગાદીનની ફિલ્મ વિષેની તમારી ટીકા નવો ખ્યાલ રજૂ કરે છે. તમે લખો છો કે તે હિંદવિરોધી છે. કેવું વિચિત્ર! એથી ઊલટો જ પ્રકાર એમાં તો છેલ્લા પ્રસંગમાં મૃત ગંગાદીન પડ્યો છે, અને ગોરા તેમ જ હિંદી સિપાહીઓ શોકમાં તેના શબ પાસે ઊભા છે. તે વખતે અંગ્રેજ અમલદાર બોલે છે: 'ગંગાદીન તું મારા કરતાં પણ ચડ્યો. (You are a better man than I, Gangadin!)' આને હિંદવિરોધી કહો છો? હિંદનાં ચલચિત્રો પરની તમારી હકીકતમાં મને રસ પડ્યો છે. તમારો ખરેખર દોસ્ત

આ મહિનો (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૧ બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના ઈ. ૧૯૧૬

તા. ૪ ભારતમાં સૌ પહેલો પગ મૂકનાર અંગ્રેજ ફાધર ટોમસ સ્ટીવન્સ પોર્ટુગાલની રાજધાની લિસ્બનથી ઊપડ્યા-ઇ.૧૫૭૯ ● ● અંગ્રેજ કવિ ઑલિવર ગોલ્ડસ્મિથનું અવસાન-ઇ. ૧૭૭૪

તા. ૫ ૧૯૧૪-૧૮ના મહાયુદ્ધમાં અમેરિકા ઊતર્યું ઇ. ૧૯૧૭

તા. ૮ સરદાર ભગતસિંહ તથા બટુકેશ્વર દત્તે સાથે રહી વડી ધારાસભામાં બૉંબ ફેંક્યા-ઇ. ૧૯૨૯

તા. ૧૦ નવાબ અલીવર્દીખાંનું અવસાન થતાં સિરાજુદ્દૌલા બંગાળાની ગાદીએ આવ્યા-ઇ. ૧૭૫૬ ● ● મુક્તિફોજના સ્થાપક જનરલ બૂથના જન્મ -ઇ. ૧૮૨૯

તા. ૧૫ અંગ્રેજ કવિ અને વિવેચક મૅથ્યુ આર્નોલ્ડનું અવસાન ૧૮૮૮

તા. ૧૬ ઈ. ૧૯૨૧માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર મેળવનાર ફ્રેન્ચ સાહિત્યકાર આનાતોલ ફ્રાન્સનો જન્મ -ઈ. ૧૮૪૪

તા. ૧૭ બેન્જામિન ફ્રાન્કલિનનું અવસાન-ઇ. ૧૭૯૦

તા. ૨૧ લંડન કંપનીના મિ. વહાઇટ તથા બીજા ગોરાઓની જાપાનીઓએ કતલ કરી-ઈ. ૧૬૭૭ ● ● મંડાલેમાં ગોરાઓની કતલ-ઈ. ૧૮૮૨

તા. ૨૪ ગેરકાયદેસર ઠરવા છતાં દિલ્હી મુકામે કૉંગ્રેસની બેઠક મળી -ઇ. ૧૯૩૨

તા. ૨૫ મુંબઇના બારામાં ત્રણ ફૂટ વ્યાસની એક ઉલ્કા (ખરતો તારો) જબરા અવાજ સાથે તૂટી પડી-ઈ. ૧૯૧૦

તા. ૨૮ ગાંધીજીએ ઉપાડેલી લડતને અંગે હિંદના વાઈસરૉય લૉર્ડ અરવિને ઈ.૧૯૧૦નો પ્રેસ ધારો અમલમાં મૂકતો ઑર્ડિનન્સ જાહેર કર્યો-ઈ. ૧૯૩૦

તા. ૩૦ પેરૂના પ્રેસિડેન્ટ સાંચેઝ સેરોનું ખૂન-ઈ. ૧૯૩૨



આ માસની વિભૂતિ
વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર

જૂના વિદ્વાનમંડળીમાં સર્વમાન્ય શ્રી મોરશાસ્ત્રી સાઠેએ જેમને 'બૃહસ્પતિ' તરીકે ઓળખાવેલા એ કૃષ્ણશાસ્ત્રી ચિપળૂણકરને ત્યાં ઈ. ૧૮૫૦માં એમનો જન્મ થએલો. કૃષ્ણશાસ્ત્રી કેટલોક વખત દક્ષિણા પ્રાઇઝ કમિટીના સેક્રેટરી તથા પછીથી વર્તમાનપત્રોના રીપોર્ટર રહેવાથી એમને ત્યાં ઘણાં વર્તમાનપત્રો તથા સમાલોચનાર્થે પુસ્તકો આવતાં. આને લઈને ઉત્કૃષ્ટ વાચનની અભિરુચિ વિષ્ણુશાસ્ત્રીમાં બાળપણથી જ ખીલેલી.

ઇ. ૧૮૬૫માં મૅટ્રિક્યુલેશન પસાર કરી એ પૂના કૉલેજમાં જોડાયા અને ૧૮૭૨માં બી. એ. થયા. થોડોક વખત બાબા ગોખલેની શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું અને પછી સરકારી હાઈસ્કૂલમાં જોડાયા.

ભાષા પ્રત્યેનો અનુરાગ વિષ્ણુશાસ્ત્રીને પ્રથમથી જ હતો. મરાઠી ભાષા એટલે પોતાની માતા એમ જ એ સમજતા અને તેની સેવા જેટલી થાય એટલી કરવી જોઇએ એમ માનતા. એટલે એ ઉદ્દેશ પાર પાડવા સારૂ ઈ. ૧૮૭૪માં એમણે 'નિબંધમાલા' માસિક શરૂ કર્યું. એમાંના લેખોથી ઊહાપોહ થતાં

ફોને અથવા બીજા કોઈ કારણે ઇ. ૧૮૭૮માં એમની બદલી રત્નાગિરિ હાઈસ્કૂલમાં કરવામાં આવી.

રત્નાગિરિ મુકામે એમના પિતા અવસાન પામ્યા તે સાથે જ સરકારી નોકરીનું એમણે રાજીનામું આપ્યું ઇ. ૧૮૮૦માં પૂનામાં ખાનગી શાળા ખોલી. એ સાથે 'કેસરી' તથા 'મરાઠા' એ વર્તમાનપત્રો તથા ચિત્રશાળા, કિતાબખાના વગેરેનું સુકાન હાથ લીધું. આમ એમની પ્રતિભા વડે મહારાષ્ટ્રનું સંનાઇવન દિનપ્રતિદિન વધુ ને વધુ પુષ્ટ થતું જતું હતું ત્યાં ઈ. ૧૮૮૨ના એપ્રિલ મહિનાની ૧૭મીએ એ એકાએક અવસાન પામ્યા.

માત્ર બત્રીસ જ વર્ષની વયે આ વિરલ પ્રતિભા ઓલવાઇ ગઇ નહિતર એ સત્ત્વસ્થ ને નિઃસ્પૃહ મહાપુરુષ હજુ કેટલુંયે કરી શકત. એમણે પ્રથમથી જ શિક્ષણ અને વાઙ્મય એ બે ક્ષેત્રો હાથ લીધેલાં. અને એ બે ક્ષેત્રોમાં જ તમામ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓનાં બી રહેલાં હોઈ, એ રીતે એ નવા યુગના ધ્વજધારી બન્યા. મરાઠી વાઙ્મયનો એમણે સાધેલો વિકાસ જોતાં એમની 'I am the Shivajee of the Marathi language' એ ઉક્તિ સર્વથા સાચી લાગે છે.

સ્વાભિમાન, ભાષાભિમાન ને દેશાભિમાનથી ભરપુર શ્રી વિષ્ણુશાસ્ત્રીએ મહારાષ્ટ્રમાં અનેક નવી નવી સંસ્થાઓનું બીજારોપણ કરી તેમના કાર્યમાં સર્વાંગીણતા અને સંપૂર્ણતા આણી. હરિભાઉ આપ્ટે, ગડકરી આદિની વાઙ્મયસેવા એમના પ્રોત્સાહનને જ આભારી છે. એમણે અને એમના સાથીઓએ મળી નવીન મહારાષ્ટ્રને જન્મ આપ્યો; નવીન વિચારપ્રણાલી શરૂ કરી, જેનાં આછાં મોજાં આખા ભારત પર ફરી વળ્યાં. 'પ્રવર્તિતો દીપ ઇવ પ્રદીપઃ' અનુસાર મહારાષ્ટ્રપ્રતિભાની આજની દીપમાળા એ વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરને જ આભારી છે.



માધુકરી

હું માનવી સાગરને કિનારે
લહાર લેતાં નિરખી રહું, જે
ઊર્મિ તણાં નર્તન પાય ચૂમે
તે ચુંબને કર અજંપ ડંખે!

શોચું, –જડચું અંતર-વેદને, કે
એ નર્તને નિત્યયુવાન એ તો!
હું માનવી યૌવન નિત્ય ખોતો!

—મુરલી ઠાકુર

મૌલાના અબુલ કલામ આઝાદ

સાગરના શાયર દાસબાબુ કે બુલબુલે હિંદોસ્તાં સરોજિની નાયડુથી માંડી કર્મયતાના તિલકાયત લોકમાન્ય ટિલક અને અહિંસાના ઝંડાધારી મહાત્મા ગાંધીજી સુધીનું કવિકિલસૂફસંતોનું ત્રિવિધ વહેણ ભારત સિવાય ભાગ્યે જ અન્ય કોઇ દેશના રાજકારણને પાવન કરતું વહ્યું હશે. અને ચાલુ સાલના રાષ્ટ્રપતિ મૌલાના અબુલ કલામ આઝાદને પણ એ હરોળથી અળગા પાડી શકાય તેમ નથી.

પૂર્વ અને પશ્ચિમની તત્ત્વપદ્ધતિઓના એ અભ્યાસીએ પોતાની કલમથી એકલા હિંદની જ નહિ પણ અફઘાનિસ્તાનથી મિસર સુધીની જનતા પર પોતાની અસર પહોંચાડી છે. અરબી, ફારસી અને ઉર્દુ એ ત્રણે ભાષાઓના ગદ્યના એ કસાએલા કલમબાજે રાજકારણને આપદ્ધર્મ તરીકે સ્વીકારી પોતાના કવિહૃદય આડી વાસ્તવદર્શનની નક્કર દીવાલ ન ચણી દીધી હોત તો એ ઉર્દુ સાહિત્યજગતના શહેનશાહ જ બની ચૂક્યા હોત.

અને પ્રગલ્ભ વિદ્વત્તા તો એમના કબીલામાં છેલ્લાં ચાર સો વરસથી ઊતરતી આવે છે. દરબારે અકબરીના વિદ્વદ્રત્ન શેખ જમાલુદ્દીન એ કુટુંબના વડવા હતા. મૌલાનાના પિતા ખૈરુદ્દીનની વિદ્વત્તા પણ મશહૂર હતી અને એમણે અરબી ભાષામાં લખેલા ગ્રન્થોની આવૃત્તિઓ હજુ ઈસ્લામી દેશોમાં બહાર પડતી રહે છે. પંજાબમાં અમૃતસર પાસેના કુસુરનું એ કુટુંબ વતની. ત્યાંથી દિલ્હી આવી રહ્યું હતું. ઈ. ૧૮૫૭માં મુગલાઇ પર કંપનીની ઊતરેલી ખોફનજરથી બચવા અનેક રાજવંશી નબીરાઓ અને ઉમરાઓની જેમ ખૈરુદ્દીન પણ પંજાબ છોડી અરબસ્તાન ચાલ્યા ગયા. ત્યાં જ પરણ્યા અને ઇસ્લામની એ પાક ભૂમિમાં જ મક્કા મુકામે ઇ. ૧૮૮૮માં મૌલાના અબુલ કલામ આઝાદનો જન્મ થએલો.

આવા જન્મસૌભાગ્યને લઈને મૌલાના અરબી ભાષા પર અનન્યસાધારણ કાબૂ ધરાવે છે. ૬ થી ૧૭ વર્ષની વય દરમિયાન ઇસ્લામી દેશોની સફરોમાં પિતાની સાથે રહી એમણે અનેક વિદ્વાનોનો સંસર્ગ પ્રાપ્ત કર્યો હતો. મિસરના પાટનગર કાહિરાની અલઅઝહરની શારદાપીઠથી એમનો અભ્યાસ પુખ્ત બનેલો. એમના પિતા નામીચા વિદ્વાન હોઇ તમામ ઈસ્લામી દેશોમાં એમના અનુયાયીઓની સંખ્યા સારી જેવી હતી. અને એ પ્રભાવ, તેમણે હિંદ પાછા આવી થોડો વખત દિલ્હીમાં રહી કલકત્તાને કાયમી નિવાસ બનાવ્યા છતાં ચાલુ રહ્યો હતો. આને લઇને ઈ. ૧૯૦૮માં એ અહીં અવસાન પામ્યા ત્યારે ઘણાઓની એ માન્યતા હતી કે એમના પ્રતાપી પુત્ર એમનું કામ સંભાળી લઈ આગાખાનની માફક એક વગદાર ધર્મ ગુરૂ બની જશે, પણ મૌલાનાએ એ માર્ગ ન જ અખત્યાર કર્યો.

ઇસ્લામી મુલ્કોની સફરોએ એમનું દૃષ્ટિબિન્દુ વિશાળ બનાવ્યું હતું. એમણે પત્રકારત્વ તરફ મન દોડાવ્યું. માત્ર ૧૫ વર્ષની વયે એમણે 'લિસાનુલ સિદ્દક' નામના સામયિકનું તંત્રીપદ લીધું. ત્યારબાદ લખનૌના 'આલાન્દો' તથા અમૃતસરના 'વકીલ'નું થોડો વખત સંપાદન કર્યું. આ બીજા સામયિકની તો મૌલાના હાલીએ ખૂબ પ્રશંસા કરેલી.

પણ ઈ. ૧૯૧૨માં કલકત્તાથી એમણે 'અલહિલાલ' શરૂ કર્યું એ પત્રની પ્રસિદ્ધિથી તો ઉર્દુ પત્રકારત્વમાં જાણે નવો યુગ બેઠો. એની કટારોમાં મૌલાનાએ ઇસ્લામના

આદેશ અનુસાર નવી સામાજિક વ્યવસ્થા માગી. એ સ્થાપવા માટે હિંદ સારૂ આઝાદીની લડત એમણે અનિવાર્ય ગણાવી, અને સાથોસાથ બ્રિટિશ સામ્રાજ્યવાદની પકડ-માંથી પૂર્વના મુસ્લીમ દેશોને મુક્ત કરવાનું પણ ગર્ભિત સૂચન કર્યું. સૈયદ આહમદખાન અને સૈયદ અમીરઅલીએ ભારતની બે ભાઈબંધ કોમો વચ્ચે કોમીવાદની મારેલી ફાચરોનો વિરોધ કરી એમણે રાષ્ટ્રીય ઐક્યના સૂર ઉડાવ્યા. તાજની કદમબોસી કરતી મુસ્લિમ લીગ પર પણ ફટકા મારી એને નવો રાહ લેવાની ફરજ પાડી ને એમના પ્રયાસથી જ પહેલવહેલી તેમાં રાષ્ટ્રીયતાની છાંટ આવી.

મહાન પયગંબરનો સંદેશ છે કે, 'તે અમારામાંનો નથી જે કોમી દ્વેષ ભાવને કારણે બીજી કોઈ કોમ કે જમાત સાથે લડાઈ કરે.' અને આ ઉત્તમ સંદેશાથી જ મૌલાનાનું જીવન સિંચાએલું છે. એ પોતે મુસ્લિમ છે, ૧૩૦૦ વર્ષના જૂની ઈસ્લામી ભવ્ય સંસ્કૃતિના વારસદાર છે, ઇસ્લામના આદર્શને તથા એનાં કલા, સાહિત્ય અને સંસ્કૃતિને એ પોતાનું પરમ ધન સમજે છે અને એના રક્ષણને પરમ કર્તવ્ય સમજે છે, છતાં વાસ્તવજીવનના બીજા ભાવો પ્રત્યે એમણે મનનાં દ્વાર બંધ નથી રાખ્યાં.

'અલ હિલાલ'માં હિંદુમુસ્લીમોની એકદિલી સ્થાપવાનો નિખાલસ પ્રયાસ એમણે આદરેલો, જેમાં આજ સુધી તે પ્રયત રહ્યા છે. ઈ. ૧૯૧૪નું વિશ્વયુદ્ધ આવ્યું, મતસ્વાતંત્ર્ય પર એક જાતનો બોજો આવી પડ્યો છતાં એમનું નીડર વક્તવ્ય અણનમ જ રહ્યું. સરકારનો પક્ષ રજૂ કરતા 'પાયોનિયર' પત્રને તો ત્યારે 'અલ હિલાલ'નાં લખાણો વાંચી પેટમાં તેલ રેડાતું. પાર્લામેન્ટમાં પણ એ લખાણો વિષે પ્રશ્નોત્તર થવા માંડ્યા. સરકારી ખફગી-માંથી એ પત્ર ન બચી શક્યું. જૂની જામીનગીરી જપ્ત કરી સરકારે દસ હજારની બીજી જામીનગીરી માગી અને પરિણામે 'અલ હિલાલ'નું પ્રકાશન અટક્યું.

'અલ હિલાલ'ને વાજબી રીતે જ ઉર્દૂ પત્રકારત્વના માર્ગસ્તંભ તરીકે ગણવામાં આવે છે. ગાંધીજીના નવજીવનને બાદ કરતાં કદાચ બીજા કોઇ પત્રે એટલા વિશાળ સમુદાય પર પોતાની અસર નથી પહોંચાડી. તમામ જૂનીપુરાણી પ્રથાઓ પર પ્રહારો કરતા રહેવાને કારણે મૌલાનાને ખૂનની ધમકીઓ સુદ્ધાં મળતી.

'અલ હિલાલ' બંધ પડતાં મૌલાનાએ 'અલ બલાઘ' નામનું નવું પત્ર શરૂ કર્યું. સત્તાવાળા એ ધૃષ્ટતાથી વધુ વિકરાળ બન્યા. દિલ્હી, પંજાબ, યુક્તપ્રાંતો, મદ્રાસ વગેરે પ્રાન્તોની પ્રવેશબંધી એમને ફરમાવવામાં આવી અને છેવટે ૧૯૧૬માં બંગાળ સરકારે પણ બંગાળ છોડી જવાનો એમને હુકમ કર્યો; એ રાંચી ગયા, જ્યાં અરાજકતાવાદી



મૌ. અબુલ કલામ આઝાદ (સ્કેચ • ર. મ. રાવળ)

ચળવળ જોડે તેમને સંબંધ હોવાનો આરોપ મૂકી, જુલાઇની ૮મીએ નજરકેદ રાખવામાં આવ્યા.

ત્રણ વરસ બાદ એ નજરકેદમાંથી તેઓ છૂટ્યા ત્યારે સાર્વત્રિક નિરાશા પછી ગાંધીજી પ્રત્યે હિંદની આશાભરી મીટ મંડાઇ હતી. મૌલાના એમને જઇને મળ્યા અને ત્યારથી જ અહિંસાને એક રાજકીય નીતિ તરીકે અપનાવી લીધી. ગાંધીજીના કેટલાક વિચારો સાથે એમને અસામ્ય પણ છે, છતાં ગાંધીજીમાં પોતાનો તમામ ઇતબાર એમણે ઢાલવી દીધો છે. મુસ્લીમ લીગ તથા અખિલ હિંદ ખિલાફત સમિતિનું પ્રમુખપદ એમણે ભોગવેલું, ને ૧૯૨૩માં સ્વરાજપક્ષમાં ઊભા થએલા ઉગ્ર મતભેદના નિરાકરણ અર્થે દિલ્હી ખાતે જે ઐતિહાસિક બેઠક ભરાએલી તેનું પ્રમુખપદ એમણે જ સંભાળ્યું હતું. એ રીતે મહાસભાના ઇતિહાસમાં એ સૌથી તરુણ રાષ્ટ્રનાયક બનેલા. જવાહરલાલજી પણ એવા પ્રથમ સન્માન વખતે ૩૯ વરસના હતા, જ્યારે મૌલાના આઝાદ ૩૫ વરસના.

અસહકારની ચળવળમાં ઝુકાવનાર પહેલવહેલા મુસ્લિમ પણ મૌલાના આઝાદ જ. પ્રિન્સ ઑવ વેલ્સના સ્વાગતનો બહિષ્કાર કરવા માટે દાસબાબુ સાથે ૧૯૨૧ના ડીસેમ્બરમાં એમણે બીજા એક વરસનો કારાવાસ સેવ્યો; જે પરંપરા ફરી પાછી ૧૯૩૦-૩૨-૩૯નાં વર્ષોમાં ચાલુ

ઈ. ૧૯૩૨માં મહાસભાના કામચલાઉ પ્રમુખ બની એ ફરીથી વારના જેલમાં ગયેલા. પણ એવા આત્મભોગને પોતાની જાતની જાહેરાતનું હથિયાર એમણે કદી નથી બનાવ્યું. ઊલટું, જાહેરાતની તમામ તકો એમણે હાથે કરીને જતી કરી છે. દેશબંધુના અવસાન પછી બંગાળના જાહેરજીવનની ખોટ પૂરવા માટે મૌલાનાને કલકત્તાની મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ બનવા, બંગાલ પ્રાંતિક મહાસમિતિનું સુકાન હાથમાં લેવા તથા ધારાસભામાં સ્વરાજપક્ષના અગ્રણી થવાનું સમજાવવા ખુદ ગાંધીજી કલકત્તા ગએલા, પણ એ ત્રિવિધ યશોમુકુટ મૌલાનાને ન આકર્ષી શક્યો.

સંગીત અને સીગારેટ જેટલા જ એ અમીરી હુક્કા અને અરબી કાવાના પણ શોખીન રહ્યા છે, પણ એમનું પ્રિયતમ પીણું તો ચા જ. પ્રવાસમાં પણ ચાનો સરંજામ તેઓ સાથે જ રાખે છે ને પોતાને હાથે બનાવીને પીએ છે. વાંચનનું તો એમને જાણે અસાધ્ય વ્યસન લાગ્યું છે. ક્યાંઇ બહાર ન ગયા હોય ત્યારે નાં. ૩ સ્ટોર્સ રોડ બાલીગંજના કલકત્તાના એમના મકાનના કિતાબખાનામાં જ તે મળે. એ બોલે છે બહુ ઓછું, પણ બોલે છે ત્યારે મેદનીને મંત્રમુગ્ધ બનાવી દેનો બુદ્ધિગમ્ય દલીલોનો અસ્ખલિત પ્રવાહ તેમના મોંમાંથી વહ્યાં જાય છે. એમને બોલતા સાંભળવા એ શિષ્ટ ઉર્દૂનું અધ્યયન કરવા બરાબર છે.

કુરાનના સમાનતા તથા સર્વધર્મસમભાવના આદેશને એમણે પોતાના જીવનમાં વણી લીધો છે. અને લોકમાન્યે ગીતાજીવનને જેમ એમના 'ગીતારહસ્ય'માં ઉતાર્યું છે તેમ એમણે કુરાનનું રૂહાની જીવન 'તર્જુમાનુલ કુરાન'માં ઉતાર્યું છે. રાંચીમાં એ નજરકેદ હતા ત્યારે બાહાર જ્યારે રૅાલેટ ઍક્ટની રોકકળ ચાલતી હતી ત્યારે એમણે કુરાન પરનું એ ભાષ્ય લખવા માંડેલું. હિંદુઓમાં ટિળકના ગીતાભાષ્ય કરતાં પણ મુસ્લિમોમાં એમના કુરાન પરના ભાષ્યે વધુ આદર પ્રાપ્ત કર્યો છે અને એ ભાષ્યથી ઉર્દૂ સાહિત્ય તેમ જ ખુદ ઇસ્લામ ખૂબ સમૃદ્ધ થએલ છે.

એ સિવાય નાની નોંધો રૂપે ૩૦૦ પાનાંનું પોતાનું ચરિત્ર પણ એમણે લખેલું છે, પરંતુ તેના કદનો મોટો ભાગ તો તેમના પૂર્વજોની હકીકતોએ જ રોક્યો છે. એમના પોતાના વિષે તો એમાં માત્ર એક જ પ્રકરણ છે. એ સિવાય, ૧૯૨૨ના ડીસેમ્બરની ૯મીએ એ પકડાઇને એક વર્ષની સજા પામ્યા ત્યારે મૅજિસ્ટ્રેટ સમક્ષ જે નિવેદન કરેલું તે 'કૌલે ફેસલ' નામથી પુસ્તકાકારે બહાર પડ્યું છે. અસહકારના તત્ત્વજ્ઞાનનો એ પુસ્તક સુંદર નમૂનો કહી શકાય. —મ.

કુમાર - ૧૯૬મો અંક (એપ્રિલ ૧૯૪૦)

ફિનલૅન્ડ વિષે વધુ

રશિયાના બાલ્ટિક સમુદ્ર પર પ્રભુત્વ જમાવવાના ઇરાદામાં ફિનલૅન્ડની આડખીલી નડતી હોઇ સામ્યવાદના દંભ હેઠળ અનેક કાવતરાં રચનાર એ દેશે ફિનલૅન્ડ પર કરેલા આક્રમણ અને એને નમાવનારી કરેલી શરતોથી સૌ હવે માહિતગાર છે. ઉત્તરમાં ઠેઠ ધ્રુવસમુદ્ર સુધી પહોંચતા દોઢ લાખ ચોરસ માઈલના વિસ્તારના એ દેશની સામાન્ય હકીકતથી 'કુમાર'ના વાચકો પરિચિત છે જ.

ગ્રેટબ્રિટનથી ૬૦,૯૩૪ ચોરસ માઈલ વધુ વિસ્તારના એ દેશની રાજધાનીનું શહેર હેલ્સિંકી (હેલ્સિંગફૉર્સ) દુનિયાની સૌથી ઉત્તરમાં આવેલા રાજધાની છે. આખો દેશ મોટે ભાગે જાણે બરફના ધાબળામાં જ વીંટાએલો રહે છે—દક્ષિણમાં ૧૦૦ દિવસ સુધી, મધ્યમાં ૧૫૦થી ૧૮૦ દિવસ સુધી અને છેક ઉત્તરે લાપલૅંડમાં ૨૧૦ દિવસ સુધી. વળી લાપલૅંડમાં તો શિયાળાના આખા બે મહિના સૂર્ય દેખાતો જ નથી. એ ફિનિશ લાપલૅંડમાં લગભગ ૨૦૦૦ જેટલા લાપ લોકો વસે છે.

ફિન લોકો વર્ણે ગૌર, ઘેરી ભૂરી આંખોવાળા, ખૂબ ઊંચા, મજબૂત ને સહનશીલ હોય છે. એમના ઉદ્ભવનું ચોક્કસ મૂળ નથી જણાયું, પરંતુ તુર્કો તથા હંગેરિયનો સાથે દૂરની સગાઇ ધરાવતા મંગોલ જાતિના ઉરલિયાન કાંઠામાંથી તે ઊતરી આવેલા હોવાનું માનવામાં આવે છે. આજે એમની સંખ્યા લગભગ ૪૦ લાખ જેટલી છે. ૮મી સદીમાં તેઓ મધ્ય યુરોપમાં ઊતર્યા ને જેમ લાપ લોકો ઉત્તર તરફ હડસેલાતા ગયા તેમતેમ એ ભેજભરી સરોભૂમિમાં તે ઉપર વધતા ગયા ને નાનાં મોટાં મળી સાઠ હજાર જેટલાં સરોવરો ધરાવતી એ ભૂમિમાં વસી ગયા.


રશિયા અને સ્વીડન એ બંને આક્રમક મહારાજ્યોની વચ્ચે આવેલું હોવાથી ફિનલૅન્ડ સદીઓ સુધી એ હરીફ સત્તાઓની યુદ્ધભૂમિ બની રહેલું: ઈ. ૧૧૫૪ થી ૧૮૦૯ સુધી તે સ્વીડ લોકોને તાબે રહેલું; ૧૮૦૯ થી ૧૯૧૭ સુધી રશિયનોને. માત્ર વીસ જ વર્ષ તેને સ્વતંત્ર થયે થયાં.

ફિન લોકો પોતાના દેશને 'સુઓમી' કહે છે, જેનો અર્થ થાય જળપ્રદેશ. સાહસિક ખંતને લીધે એ દેશે સાધેલો વિકાસ આશ્ચર્યકારક જણાય. વીજળી, તાર ને ટેલીફોન દેશના ખૂણે ખૂણે પહોંચી ગયાં છે. ત્યાંની રેલ્વેનું ભાડું યુરોપમાં સૌથી સસ્તું છે. હેલ્સિંકીનું ડાયેટ (પાર્લામેન્ટ)નું મકાન તથા સ્ટેશન દુનિયાનાં મનોહર સ્થાપત્યમાં ગણાય છે ને તેનાં તમામ જાહેર મકાનો આધુનિક પદ્ધતિનાં છે. રશિયાને બાદ કરતાં યુરોપમાં વધુમાં વધુ ઇમારતી લાકડાંની નિકાસ ફિનલૅન્ડ કરે છે અને સૌથી વધુ જંગલો (જમીનના ૭૩.૪ ટકા) તે ધરાવે છે.

ગયા મહાયુદ્ધનું સરવૈયું

ગયા મહાયુદ્ધની ખુવારી આ પાટીચિત્ર રજૂ કરે છે. જખમાએલાં કાળા વર્ણમાં ને હણાએલા સફેદ વર્ણમાં દર્શાવ્યાં છે. એવા એકેક વર્ણાક એકેક લાખની સંખ્યા બતાવે છે. ચિત્ર જોતાં જ જણાશે કે જર્મનીને સૌથી વધુ સહન કરવું પડેલું (૨૦ લાખ મરાયા અને ૪૨ લાખ ઘાયલ). બધું મળીને એ મહાયુદ્ધે લગભગ ૮૦ લાખ જિંદગીઓનો ઘાત કરેલો, ૧ કરોડ ને ૪૦ લાખને ઘાયલ કરેલા તથા ઓછામાં ઓછા બે કરોડને ઓછીવત્તી ઈજા કરેલી!

અને પાછળથી એ યુદ્ધને પરિણામે ફાટી નીકળેલા ઇન્ફલુએન્ઝાએ પાછો ૧ કરોડનો વધુ ભોગ લીધો હતો. બધાં મળીને ૭ કરોડ માણસો સીધી રીતે એમાં સંડોવાયા હતા અને તેનો કુલ ખર્ચ ૮૦ અબજ પૌંડ થયો હતો. આટલા બધા જાનમાલની ખુવારી છતાં વીસ જ વર્ષ રહીને દુનિયા એટલી યુદ્ધોત્સુક બની ગઈ કે ૧૯૩૮માં જ શસ્ત્રસરંજામની બનાવટ માટે જર્મનીમાં ૧૨ પૌંડ, બ્રિટનમાં ૭, રશિયામાં ૬, ફ્રાન્સ અને જાપાનમાં ૫, ઈટલીમાં ૩ અને યુનાઇટેડ સ્ટેટ્સમાં ૨ પૌંડ વાર્ષિક ખર્ચ માથાદીઠ આવ્યો હતો! અને એનું પરિણામ તો આપણે જોઇએ છીએ!!



→ગયા મહાયુદ્ધની બિભીષિકાને આ પાટીચિત્ર આબેહૂબ મૂર્ત કરે છે. એમાં ઘવાએલા ને હણાએલાઓની જે સંખ્યા આપી છે તે ઉપરાંત એ મહાયુદ્ધ પછી ફાટી નીકળેલા ઈન્ફલુએન્ઝાએ બીજા એક કરોડનો ભોગ લીધો હતો!

છાપવાનાં બીબાંની શતાબ્દી

છાપવા માટેનાં ધાતુનાં બીબાંની યુરોપની શોધની ચાલુ સાલમાં પાંચમી શતાબ્દી ઉજવવાની છે. પરંતુ ખરી રીતે તો, ફેરવી શકાય તેવાં છૂટાં બીબાંની શોધના માનનું પહેલું અધિકારી ચીન જ છે. શિકાગો ફીલ્ડ મ્યૂઝિયમના ચીનાઇ સ્થાપત્યના ક્યૂરેટર મિ. સી. માર્ટિન વિલ્બર કહે છે કે યુરોપની એ શોધથી પચાસ વર્ષ પહેલાં ચીનાઓએ ધાતુના બીબાં પાડેલાં, ને લાકડાનાં તથા માટીનાં (પકવેલાં) તો એથી યે સદીઓ પહેલાં. પરંતુ એટલું ખરું કે યુરોપમાં એનો વિકાસ સ્વતંત્રપણે થયો હતો. વળી યુરોપમાં એ સ્વરૂપ ખૂબ વ્યાપક બન્યું; જ્યારે ચીનને તો એ શોધ પછી હજી આજ પણ મોટે ભાગે પોતાની જૂની 'વૂડન્બ્લૉક પ્રિન્ટિંગ'ની પદ્ધતિને વળગી રહેવું પડયું છે, જેમાં છૂટાં બીબાં નહિ, પણ આખાં પાનાંનાં પાનાં લાકડામાં કોરી કાઢવામાં આવે છે. આનું એક મોટું કારણ છે. બીજી ભાષાઓમાં જેમ જુદાજુદા અક્ષરો માટે વિવિધ સંજ્ઞાઓ હોય છે તેમ ચીનાઇ ભાષામાં નથી. તેમાં લેખનની સંજ્ઞાઓ 'અક્ષર' માટે નહિ પણ 'શબ્દો' માટે હોય છે. આથી, ભાષામાં જેટલા શબ્દો ચાલુ વપરાશના હોય તેટલાં બીબાં બનાવવાં જ પડે! હવે, આજે પ્રચલિત ચીનાઇ ભાષાની ડિક્શનેરીમાં ૧૪,૦૦૦ શબ્દો છે. એટલે ચૌદ હજાર બીબાંની જાતો બનાવવી રહી! જોકે સરળતા ખાતર એમ કરી શકાય, કે ઓછા વપરાતા શબ્દોને પડતા મૂકી રોજીંદા વપરાશના મુખ્ય મુખ્ય શબ્દો જ ચૂંટી કાઢીને તેનાં બીબાં બનાવવામાં આવે; અને શિકાગો ફીલ્ડ મ્યૂઝિયમમાંના એ જૂના ચીની ટાઇપ એ જ પદ્ધતિ પર પાડવામાં આવ્યા છે, તો યે તેની ૬૦૦૦ જાત બનાવવી પડી છે! અને એ તો અત્યંત ટૂંકી સંખ્યા છે. હાલને હિસાબે, એવી ગણતરી કાઢવામાં આવી છે કે અત્યારે પ્રચલિત ૧૦ થી ૧૫ હજાર ચીની શબ્દોમાંથી રોજીંદા ઉપયોગના ખપજોગા શબ્દો વીણી કાઢીને તેનાં બીબાં વડે જો છાપવું હોય તો, સામાન્ય વર્તમાનપત્રનું એક પાનું બીબાંમાં ગોઠવવા માટે, એક કંપોઝીટરને એ બીબાંનાં ખાનાંઓવાળા લાકડાના ઘોડાઓની લાંબી કતાર આગળ બીબાં ગોઠવવાની હેરીફેરીમાં ત્રણ માઇલનો પ્રવાસ રોજ કરવો પડે! આ ઉપરથી ખ્યાલ આવશે કે છુટાં બીબાંવાળું મુદ્રણ ચીનને કેમ પરવડતું નથી. એમને તો આખાં પાનાં ને પાનાં જ લાકડા પર કોતરી નાખીને છાપવાં સહેલાં પડે.

ગઈ સાલની વિજ્ઞાનસંસિદ્ધ



ડાબી બાજુ : યુરેનિયમનો અણુ. પૃથ્વીના બંધારણમાંનો એ પણ એક મૂળતત્ત્વ હોઈ રેડિયોઍક્ટિવ છે. રેડિયમ ઇ.માંથી નીકળે છે. રેડિયમનો સંપૂર્ણ સ્રાવ થઈ ગયા પછી તે સીસા રૂપે અવશિષ્ટ રહે છે. અહીં જે અણુ આપ્યા છે એના વિભાજન વડે એટલી બધી વીજળીક શક્તિ પેદા થાય કે ઇંગ્લંડના કોઈ બંદરથી એકાદ સ્ટીમર એક કલાકમાં હિંદુસ્તાનના કોઈ બંદરે પહોંચી આવે. જમણી બાજુ: પૃથ્વી પર સંપૂર્ણ માનવ-ક્રૉમૅગ્નન નીપજ્યા પહેલાંની પ્રાથમિક સ્થિતિની નિયાન્ડરટાલ માનવજાતિનો છોકરો, જેની ખોપરી મધ્ય એશિયામાં તાશકંદ મુકામેથી મળી આવી છે. મર્કટમાનવ ને શુદ્ધ માનવ વચ્ચેનો એવો જ બીજો અવશેષ ઈટલીમાંથી મળ્યો છે.

વિજ્ઞાનના વિકાસમાં ગઈ ૧૯૩૯ની સાલે જે સાર્વદેશી વિકાસ સાધેલો તેની ટૂંકી તારીજ આ નીચે આપી છે:

વિમાનકળા: ન્યૂ યૉર્કના જગત મેળામાં દુનિયાનાં સૌથી મજબૂત એન્જિન ધરાવતાં બે વિમાનો—ઍલિસન સીનિયર તથા રાઇટ રૅડિયલ પ્રદર્શિત કરવામાં આવ્યાં ■ આટલાંટિક આરપાર મેઈલ અને પૅસેન્જર સર્વિસ નિયમિત ચાલુ થઈ. ■ વર્જિનિયાની લૅંગ્લે ફીલ્ડ પ્રયોગશાળામાં વિમાનની કલાકના ૫૦૦ માઇલની ગતિને અનુરૂપ થઈ પડે તેવી પાંખો યોજાઇ. ■ આટલાંટિક આરપારના ભાવિ વ્યવહાર માટે ફ્રાન્સે ૬૦ ટન વજનની ને કલાકે ૨૦૦ માઇલ ઝડપની ફ્લાઇંગ બોટ્સની યોજના ઘડી.

પ્રાણિશાસ્ત્ર: પૃથ્વી પર ઘણા પ્રાચીન કાળમાં ડિનોસૅાર વગેરે જેવાં જે રાક્ષસી પ્રાણીઓ જીવતાં એમના જેવું જ એક રાક્ષસી જળચર પ્રાણી દક્ષિણ આફ્રિકાના પૂર્વ કિનારાનાં ઊંડાં પાણીમાંથી મળી આવ્યું, જેને આ શાસ્ત્રની આખી સદીની સૌથી મોટી સિદ્ધિ ગણવામાં આવે છે. એ પ્રાણીને વૈજ્ઞાનિક નામ Latimeria chalumnae આપવામાં આવ્યું છે. ■ ફૂલો પર રાસાયણિક અખતરા કરી તેમાંથી બી વગરનાં ચીભડાં ઉગાડવામાં આવ્યાં. ■ વૃક્ષોના જખમોમાં પૂરવા માટે રબરનો એક પ્રકારનો મલમ શોધાયો.

ઈજનેરી: પ્રયોગશાળામાંના અનેક વર્ષોના અખતરા પછી અમેરિકામાં ટેલીવિઝનના રીતસર પ્રોગ્રામો જાહેર થયા ■ હલકા પ્રકારની કાચી ધાતુઓમાંથી મૅગ્નેસીઅમ મેળવવાની સરળ રીત શોધાઈ.

ભૌતિક અને રસાયણશાસ્ત્ર: ન્યૂટ્રૉનના બૉંબમારાથી યુરેનિયમના અણુને તોડી શકાયો. આમ તૂટવાથી યુરેનિયમનો અણુ ૧૭,૫૦,૦૦,૦૦૦ ઇલેક્ટ્રોન વૉલ્ટ શક્તિ છોડતો હોવાનું માલૂમ પડ્યું ■ વીજળીના પ્રવાહના સ્વલ્પમાં સ્વલ્પ પ્રમાણ—.૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૧ આંપીઅરને પણ સંવેદી એવું નાજુક યંત્ર શોધી કાઢવામાં આવ્યું. ■ ૧,૦૦,૦૦૦ ગૅાસની શક્તિ ધરાવતું જગતનું સૌથી શક્તિશાળી અને સતત ચુંબકક્ષેત્ર રચી શકાયું.

ખગોળ: દુનિયામાં બીજા નંબરનું મોટું, મૅકડોનલ્ડ વેધશાળાનું ૮૨ ઇંચનું દુરબીન ટેક્સાસના માઉન્ટ લૉક મુકામે ઉપયોગ માટે મૂકાયું. ■ ગ્રહણ વગર સૂર્યનું બહિરાવરણ જોઈ શકાય તેવાં ટેલીવિઝન સાધનોના વિકાસની યોજના ઘડાઈ. ■ સાત સામયિક ધૂમકેતુઓએ આપણા વિશ્વની મુલાકાત લીધી જ્યારે છ તદ્દન નવા અને પહેલી જ વાર દેખાયા. ■ સૂર્ય પરના ડાઘા સૌથી વધુ પ્રમાણમાં —કોઈ દિવસે તો ૨૦૦ જેટલા દશ્યમાન થયા, જેને લઈને ધ્રુવ પ્રદેશમાં પણ નવી પ્રવૃતિ આવી અને વાતાવરણ પણ ક્ષુબ્ધ રહ્યું. ■ ૧૫ વરસ પછી મંગળ, ૨૪ વરસ પછી ગુરુ ને ૨૦ વરસ પછી શનિ ગઈ સાલમાં પૃથ્વીની ખૂબ નજીકમાં આવ્યા.

વૈદક: ન્યુમોનિયા પર સલ્ફેપીરીડિન તથા સલ્ફેનિલેમાઈડ એ રાસાયણિક બનાવટો કારગત નીવડતી જણાઇ. ■ સાઇક્લોટ્રૉનનાં ન્યૂટ્રૉન કિરણોનો કૅન્સર પર ઉપચાર શરૂ થયો ■ 'અમેરિકન મ્યૂઝિયમ ઑાવ હેલ્થ' એ નામથી એ જાતની પહેલી જ સંસ્થા ન્યૂયૉર્ક નગરમાં સ્થપાઈ.

માનવવંશવિજ્ઞાન ને પુરાતત્ત્વ: સૉલોમનનું મંદિર લૂંટનાર મિસરના ફારોહ શીશક પહેલાની કબ્ર ટૅનિસ મુકામેથી મળી જેમાંથી સોનારૂપાની શબપેટીમાં ફારોહનું મુડદું યે સુરક્ષિત મળી આવ્યું. ■ મધ્ય એશિયામાં પહેલવહેલી જ તાશકંદ મુકામેથી આઠ વરસની ઉમરના નિયાંડરટાલ માનવની ખોપરી મળી. એવા જ બીજા એક પ્રૌઢ માનવીની ખોપરી ઈટલીના પશ્ચિમ કાંઠા પરથી મળી આવી.

ભારતીય સંવતો (૫ મૌર્ય સંવત)

ઓરિસ્સામાં કટક નજીક આવેલ ઉદયગિરિની હાથી ગુફામાં જૈન રાજા ખારવેલ (મહામેઘવાહન)નો એક લેખ છે જે મૌર્ય સંવત (મુરિયકાલ) ૧૬૫નો છે. એ લેખ સિવાય બીજે ક્યાંયે આ સંવતનો ઉલ્લેખ નથી મળતો. નંદ વંશનો નાશ કરી ઈ. પૂ. ૩૨૧ આસપાસ ચંદ્રગુપ્તે મૌર્ય રાજ્યની સ્થાપના કરી હતી, એટલે અનુમાન થાય છે કે એ સંવત એ ઘટનાથી ચાલુ થયો હોય. એ અનુમાન વાજબી હોય તો તેનો પ્રારંભ ઈ. પૂ. ૩૨૧ આસપાસ હોવો જોઈએ

૯ સેલ્યુકિડિ સંવત

ઇ. પૂ. ૩૨૩માં સિકંદરનો દેહાંત થતાં તેના સરદારો આપસઆપસમાં રાજ્ય લેવા ઝગડ્યા ને અંતમાં ત્રણ રાજ્ય—મકદુનિયા (મેસિડોનિયા), મિસર અને સીરિયા (બાબીલોન)- કાયમ થયાં. સીરિયાનું સ્વામિત્વ સેલ્યુકસ નિકેટરના હાથમાં ગયું ને બૅક્ટ્રિયા આદિ પૂર્વના દેશો પણ તેને આધીન રહ્યા. એના રાજ્યારોહણથી એટલેકે તા. ૧લી ઑક્ટોબર ઇ. પૂ. ૩૧૨થી એનો સંવત ચાલ્યો જે બૅક્ટ્રિયામાં પણ પ્રચલિત થયો. હિંદુસ્તાનના કાબુલ તથા પંજાબ આદિ ભાગો પર બૅક્ટ્રિયાના ગ્રીકોનું આધિપત્ય થતાં એ સંવતનો ત્યાંના કેટલાક ભાગોમાં પ્રચાર થયો હોવાનો સંભવ છે. જોકે હજુ સુધી એ સંવતવાળો કોઇ લેખ હાથ નથી લાગ્યો, છતાં એ સંવત સાથે લખાતાં મહિનાનાં નામો શક તથા કુશન વંશના સમયના કેટલાક ખરોષ્ઠી લેખોમાં મળી આવે છે (પાર્થિયન સંવતનો પ્રારંભ ઇ. પૂ. ૨૪૭ના મધ્યની આસપાસ મનાય છે). જે લેખોમાં આ વિદેશી મહિના મળ્યા છે એ લેખો વિદેશીઓએ કોરાવેલા છે. એમાં આપેલાં વર્ષો કયા સંવતનાં છે તેનો હજુ પાકો નિર્ણય નથી થયો, તોપણ સંભવ છે કે જે લોકો વિદેશી મેસિડોનિયન મહિના લખતા હતા તેઓ સંવત પણ વિદેશી લખતા હશે, ચાહે એ સેલ્યુકિડિ (શતાબ્દીઓના અંકરહિત) પાર્થિયન કે કોઇ અન્ય (શક) સંવત હોય. (ભારતીય પ્રાચીન લિપિમાળા)

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

સરેરાશ માણસ મિનીટમાં ૧૮ વખત શ્વાસ લે છે. દર કલાકે ૧૫૨૦ ઘનફૂટ હવા એ ફેફસામાં ભરે છે, દર શ્વાસે ૨૫·૩૦ ઘન ઈંચ.

ક્રોધમાં ઉત્તેજક સ્વપ્નાં આપણું લોહીનું દબાણ વધારે છે.

હિંદમાં ઓછામાં ઓછા એક કરોડ જેટલા સાધુબાવા ને ભિખારાં અંદાજવામાં આવે છે. એ દરેકનું વાર્ષિક ખર્ચ માત્ર ૬૦ રૂપિયા ગણીએ તો ૬૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયા, એટલે કે પરદેશી કાપડ જેવડો ગંભીર પ્રશ્ન થયો.

આપણા દેશ પર કુલ ૪૩૧૧૮ માઇલની રેલવે પથરાએલી છે.

દુનિયામાં બધા મળીને ૬૦ લાખ લોકો આંધળા છે, જેમાંથી એકલા હિંદુસ્તાનમાં જ ૪,૭૯,૫૦૦ છે!

કૅનેડાને આપણી પૃથ્વીનું ડાબું ફેફસું ને ઉત્તર સાઇબીરિયાને જમણું ફેફસું ગણી શકાય. શિયાળામાં એ પ્રદેશો ગરમ હવા શોષી લે છે, જ્યારે ઉનાળામાં ઉત્તર ધ્રુવ પરથી વહી આવતો ઠંડો પવન.

આપણી પૃથ્વીનો તાપ જ હવાને ગરમ કરે છે; સૂરજનો તાપ નહિ.

નવા નુસખા



સ્થપતિઓ, ચિત્રકારો, નકશાનવીસો વગેરેને પોતપોતાનાં ડ્રૉઇંગબોર્ડ મનફાવતા જુદાજુદા ઢાળ પર રાખવા જોઇએ છે; તેને માટે ઉપલા ચિત્રમાં બોર્ડને જડેલી કરામત ખપની છે.

નવાં પુસ્તકો

મહેરામણનાં મોતી-કવિશ્રી ન્હાનાલાલને 'જહુને જલધિજલઆરે' સાંપડેલાં કાવ્યમોતીનો સંગ્રહ. પ્રકાશક પોતે જ, ૦-૮-૦. **નીતિ તરંગિણી** બોધદાયક શેરો ગઝલોનો સંગ્રહ. લેખક-પ્રકાશકઃ મહાસુખભાઈ ચુનીલાલ, વિસનગર, ૦-૮-૦. **જામનગરની ભીતરમાં**-જામનગર રાજ્યની ગમખ્વાર તવારીખનું દર્શન, પ્રકાશક-આઝાદ હિંદ કાર્યાલય, ભદ્ર અમદાવાદ, ૧-૪-૦. **ભારત સેવક ગોખલેઃ** લેખક-જુગતરામ દવે **ઓતરાતી દિવાલોઃ** લેખક-દત્તાત્રેય બા. કાલેલકર, ૦-૬-૦, **ગોસેવાઃ** લેખક-ગાંધીજી, ૦-૫-૦, **વિદાય વેળાએઃ** લેખક- ખલિલ જિબ્રાન, અનુવાદક-કિશોરલાલ મશરૂવાલા ૦-૮-૦, **જાતે મજુરી કરનારાઓને** લેખક-ટૉલ્સ્ટૉય, અનુવાદક નરહરિ દ્વારકાદાસ પરીખ, ૦-૩-૦, સૌનું પ્રકાશનસ્થાન-નવજીવન કાર્યાલય અમદાવાદ **કુરુક્ષેત્ર** તૃતીયકાંડ નિર્ધાર, અને સપ્તમકાંડ ચક્રવ્યૂહઃ લેખક—પ્રકાશક—ન્હાનાલાલ દલપતરામ કવિ, એલિસ પૂલ અમદાવાદ, શ્રી. અનુક્રમે ૦-૧૨-૦ અને ૦-૧૦-૦; **સત્તાર ભજનામૃત** ઉર્ફે મુક્તિપ્રબોધ ભજનાવલિઃ લેખક—ભક્ત કવિ શ્રી સત્તાર શાહ ચિશ્તી, પ્રકાશક—મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, ત્રણ દરવાજા અમદાવાદ, ૦-૧૦-૦; **પગદીવાની પછીતેથીઃ** લેખક-પ્રકાશક જયન્તિ દલાલ, ગતિ અને રેખા કાર્યાલય, કારંજ, અમદાવાદ, ૦-૮-૦; **આપદ્ધર્મઃ** (એક ઐતિહાસિક ખંડકાવ્ય) લેખક-ગોવિન્દ હ. પટેલ, પ્રકાશક-ગોરધનભાઈ કિશોરભાઈ પટેલ વડોદરા, ૦-૧૦-૦; **હિન્દનું મુસ્લિમ રાજકારણઃ** ભાષાંતરકાર-માંડવીઆ, સેલિંગ એજન્ટ્સ-ધી કોહીનૂર પ્રિન્ટિંગ પ્રેસ, ઈકબાલ રોડ બાંટવા, ૧-૦-૦; એક નવલોહિયા ગ્રેજ્યુએટને હાથે લખાએલો હિંદમાં પ્રથમ આગમનકાળથી માંડીને આજ સુધીનો મુસ્લિમ રાજકારણનો ઇતિહાસ.

ઍરિઓસ્ટો નામનો ઇટાલિયન લેખક બહુ જ નાના ઘરમાં રહેતો. એક વખત તેના મિત્રોએ તેને પૂછ્યું: 'તારાં પુસ્તકોમાં સારા વિશાળ મહાલયોનાં સુંદર વર્ણનો અને વખાણો કર્યાં છતાં તારા પોતા માટે કેમ આવડું નાનું ઘર બનાવ્યું છે?' ઍરિઓસ્ટોએ જવાબ દીધો: 'કારણકે મને જેટલી સહેલાઈથી શબ્દો હાથ ચડે છે એટલી સહેલાઇથી પત્થરો હાથ નથી આવતા.'

અનેકાર્થી શબ્દ: **અગાડી**=આગળ, પહેલાં; હવે પછી, ભવિષ્યમાં; સન્મુખ, સામે; આગળથી, પ્રથમથી; વસ્તુના આગળનો ભાગ; ઘોડાને બાંધવાની સરક; અંગરખા કે કેડિયાનો આગળનો ભાગ; લશ્કરનો પહેલો હલ્લો.

ગણિતગમ્મત

$(૧+૧)^૨ - ૦ = (૧+૨)^૨ - ૫$

$(૨+૨)^૨ - ૧ = (૨+૩)^૨ - ૧૦$

$(૩+૩)^૨ - ૨ = (૩+૪)^૨ - ૧૫$

$(૪+૪)^૨ - ૩ = (૪+૫)^૨ - ૨૦$

$(૫+૫)^૨ - ૪ = (૫+૬)^૨ - ૨૫$

$(૬+૬)^૨ - ૫ = (૬+૭)^૨ - ૩૦$

$(૭+૭)^૨ - ૬ = (૭+૮)^૨ - ૩૫$

$(૮+૮)^૨ - ૭ = (૮+૯)^૨ - ૪૦$

$(૯+૯)^૨ - ૮ = (૯+૧૦)^૨ - ૪૫$

$(૧૦+૧૦)^૨ - ૯ = (૧૦+૧૧)^૨ - ૫૦$

એ પ્રમાણે આગળ. (કા. સ. જેઠી)

કહેવતોના અર્થ: 'ભેંશ આગળ ભાગવત'—જેને જેની પિછાન નહિ તેની પાસે તે વાત કે વસ્તુ રજૂ કરવા જતાં કશો અર્થ ન સરી ઊલટું હાસીપાત્ર થવું પડે છે. એના જેવી કહેવતો: 'આંધળા આગળ રોવું ને આંખો ખોવી;' 'મૂંડો શું જાણે મજ્જનનો ભાવ;' 'ગધેડાની ખાસકોલી સાકરનો સ્વાદ શું જાણે;' 'ગધેડા ક્યા જાને જાફરાન (કેસર)કા સ્વાદ;' 'આંધળા આગળ આરસી ને બહેરા આગળ ગાન,' વગેરે.



સાચે જ ખોટું!

આંખો વડે જ બધું જોઈ શકાય છે એમ? જો હા કહેતા હો તો તમારું કહેવું બિલકુલ ખોટું છે. આપણી આંખો જાતે કશું જોતી જ નથી. ખરું દૃષ્ટિકેન્દ્ર તો આપણા મગજમાં રહેલું છે, જ્યાં બધા દૃશ્યની પ્રતિમૂર્તિઓ ઘડાઈ તેનું વર્ગીકરણ થાય છે. આંખ પહોંચાડેલા સંવેદનની પ્રતિમૂર્તિઓ આપણા મગજમાં જ્યારે નથી ઘડાતી ત્યારે આપણે બધું જોવા છતાં દૃષ્ટિવાન નથી હોતા. ઘણી વખતે આપણે કેટલું બધું જોતા ચાલ્યા જઇએ છીએ. પણ આપણું મગજ બીજા દશા પર કેન્દ્રિત થએલું હોય છે એટલે એની પ્રતિમૂર્તિ મગજમાં નથી ઘડાતી. એ બતાવે છે કે દૃગ્સંવેદનોના અર્થ ઘટાવવું કેન્દ્ર આંખોમાં નહિ પણ મગજમાં આવેલું છે.

મા: તું શું શોધે છે?

મંજુ: કાંઈ નહિ.

મા: તો પેલા ખાલી ડબામાં જો.

બ્રિટિશ પાર્લામેન્ટના મેમ્બરોને જૂનો થતાં સામાન્ય જેલોમાં ન પૂરતાં કલૉક ટાવરમાં તેમને માટે રાખેલી જુદી જેલમાં પૂરવામાં આવે છે.

લાંબું જીવવાની ઇચ્છા ઘણાને હોય છે; સારી રીતે જીવવાની બહુ ઓછાને.

આફ્રિકાની જાપાની લોકો સોગન નથી ખાતા; તેમની ભાષામાં એ માટેના શબ્દો જ નથી!



ગુંદર, સરેસ, તેલના રંગ વગેરેનો ઉપયોગ કરતી વેળા પીંછી પર તેના રેલા ઉતરી હાથ બગડે છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પતરાની નાની ગળણી પીંછી પર જડી દેવાથી હાથ બગડતા અટકશે.

છત્રી માટે વપરાતો 'અંબ્રેલા' શબ્દ મૂળ ઈટાલિયન છે ને તેનો અર્થ થાય છે 'નાનો છાંયડો.'

કાચ કાપવાની હીરાકણી વપરાશમાં ન હોય ત્યારે ટર્પેન્ટાઇન કે ગ્લિસરિનમાં બોળેલી રાખવાથી વધુ સજ્જ રહેશે.

સાપ બરફ ઉપર ચાલી શકતો નથી. તેના કડીબંધ અંકોડા ખેંચવાને ખરબચડી જમીનની જરૂર હોય છે. આથી, સાપનો ભય હોય ત્યાં કાચ જેવી સપાટી કે બરફ ચારે કોર હોય તો તે આવી ન શકે.

માખીઓ ફૂલમાંથી તૈયાર મધ લાવતી નથી; તેઓ તો ફૂલનો મધુર રસ પૂડામાં લાવ્યા બાદ તેમાં પોતાની લાળ ઉમેરીને મધ બનાવે છે.

આપણે ચન્દ્રની સપાટીનો વધુમાં વધુ ૬/૭ ભાગ જ જોઇ શકીએ છીએ.

વૉલ્ટ ડિઝનીએ એકલાએ જો 'સ્નોવ્હાઇટ'નાં બધાં ચિત્રો દોર્યાં હોત તો ૨૫૦ વર્ષ લાગત—સહકારની યોજનાનું દૃષ્ટાંત!

ઈસુની ચોથી સદીમાં રોમનગરની વસતિ પચીશ લાખની હતી.



સહેલીબાગના ફુવારા · ઉદયપુર

(ફોટો · આબીદમિયાં સૈયદ · પાલનપુર)

આ ચિત્રમાં દશ્યની સાથે પાત્રોનો સુંદર સંયોગ સરજવામાં આબિદભાઈની ખૂબી રહેલી છે



ચામરધારિણી

અમદાવાદમાં સાબરમતી નદીના સામે કાંઠે કોચરબ અને પાલડી ગામો છે. તેના ટેકરા તળે પ્રાચીન કર્ણાવતીના અવશેષો હોવાનું અનુમાન છે. તેમાંથી મળી આવતી શિલ્પકૃતિઓ અને લેખો તો અવશ્ય ૧૨મા સૈકાના જ છે એમ ખાત્રી આપે છે. તેમાંની ઉપર બતાવેલી ચામરધારિણીની પ્રતિમાથી ૧૧મા કે ૧૨મા સૈકાના ગુજરાતની શિલ્પ-શક્તિનો સારો ખ્યાલ મળે છે. આ નમૂનો કોઈ કસાએલા તાલીમબાજ હાથે બન્યો જણાય છે. પ્રતિમાનો ઊભા રહેવાનો મરોડ, કટિભંગ, પગ ડેરવવાની રીત વગેરે મનોહર છે. જમણા પગ આગળ ઊભેલો મૃદંગ બજાવતો વામન ઊંચું મુખ રાખી તાનની લહેરમાં અદાથી ઊભો છે. શિલ્પ ઉપર કલાકારે પોતાના વિચારો રમતા કરી દીધા છે.

(ગુજરાતનું પ્રાચીન શિલ્પ)

ઍરિઓસ્ટો નામનો ઇટાલિયન લેખક બહુ જ નાના ઘરમાં રહેતો. એક વખત તેના મિત્રોએ તેને પૂછ્યું: 'તારાં પુસ્તકોમાં સારા વિશાળ મહાલયોનાં સુંદર વર્ણનો અને વખાણો કર્યાં છતાં તારા પોતા માટે કેમ આવડું નાનું ઘર બનાવ્યું છે?' ઍરિઓસ્ટોએ જવાબ દીધો: 'કારણકે મને જેટલી સહેલાઈથી શબ્દો હાથ ચડે છે એટલી સહેલાઈથી પત્થરો હાથ નથી આવતા.'

અનેકાર્થી શબ્દ: **અગાડી**=આગળ, પહેલાં; હવે પછી, ભવિષ્યમાં; સન્મુખ, સામે; આગળથી, પ્રથમથી; વસ્તુનો આગળનો ભાગ; ઘોડાને બાંધવાની સેરક; અંગરખા કે કેડિયાનો આગળનો ભાગ; લશ્કરનો પહેલો હલ્લો.

ગણિતગમ્મત

$(૧+૧)^{૨} - ૦ = (૧+૨)^{૨} - ૫$

$(૨+૨)^{૨} - ૧ = (૨+૩)^{૨} - ૧૦$

$(૩+૩)^{૨} - ૨ = (૩+૪)^{૨} - ૧૫$

$(૪+૪)^{૨} - ૩ = (૪+૫)^{૨} - ૨૦$

$(૫+૫)^{૨} - ૪ = (૫+૬)^{૨} - ૨૫$

$(૬+૬)^{૨} - ૫ = (૬+૭)^{૨} - ૩૦$

$(૭+૭)^{૨} - ૬ = (૭+૮)^{૨} - ૩૫$

$(૮+૮)^{૨} - ૭ = (૮+૯)^{૨} - ૪૦$

$(૯+૯)^{૨} - ૮ = (૯+૧૦)^{૨} - ૪૫$

$(૧૦+૧૦)^{૨} - ૯ = (૧૦+૧૧)^{૨} - ૫૦$

એ પ્રમાણે આગળ. (કા. મ. જેતપી)

કહેવતોના અર્થ: 'ભેંશ આગળ ભાગવત'—જેને જેની પિછાન નહિ તેની પાસે તે વાત કે વસ્તુ રજૂ કરવા જતાં કશો અર્થ ન સરી ઊલટું હાંસીપાત્ર થવું પડે છે. એના જેવી કહેવતો: 'આંધળા આગળ રોવું તે આંખો ખોવી;' 'મૂંડા શું જાણે મજીઠના ભાવ;' 'ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ શું જાણે;' 'ગધ્ધા કયા જાને જાફરાન (કેસર)કા સ્વાદ;' 'અંધા આગળ આરસી ને બહેરા આગળ શંખ,' વગેરે.



સાચે જ ખોટું!

આંખો વડે જ બધું જોઈ શકાય છે એમ? જો હા કહેતા હો તો તમારું કહેવું બિલકુલ ખોટું છે. આપણી આંખો જાતે કશું જોતી જ નથી. ખરું દૃષ્ટિકેન્દ્ર તો આપણા મગજમાં રહેલું છે, જ્યાં બધા દૃશ્યની પ્રતિમૂર્તિઓ ઘડાઈ તેનું વર્ગીકરણ થાય છે. આંખે પહોંચાડેલા સંવેદનની પ્રતિમૂર્તિઓ આપણા મગજમાં જ્યારે નથી ઘડાતી ત્યારે આપણે બધું જોવા છતાં દૃષ્ટિવાન નથી હોતા. ઘણી વખતે આપણે કેટલું બધું જોતા ચાલ્યા જઈએ છીએ, પણ આપણું મગજ બીજા કશા પર કેન્દ્રિત થએલું હોય છે એટલે એની પ્રતિમૂર્તિ મગજમાં નથી ઘડાતી. એ બતાવે છે કે દૃગ્સંવેદનોનો અર્થ ઘટાવતું કેન્દ્ર આંખોમાં નહિ પણ મગજમાં આવેલું છે.

મા: તું શું શોધે છે?

બેટા: કાંઈ નહિ.

મા: તો પેલા ખાલી ડબામાં જો.

બ્રિટિશ પાર્લામેન્ટના મેમ્બરોને ગુનો થતાં સામાન્ય જેલોમાં ન પૂરતાં ક્લૉક ટાવરમાં તેમને માટે રાખેલી જુદી જેલમાં પૂરવામાં આવે છે.

લાંબું જીવવાની ઇચ્છા ઘણાને હોય છે; સારી રીતે જીવવાની બહુ ઓછાને.

જપાનીઝ લોકો કદી સોગન નથી ખાતા; તેમની ભાષામાં એ માટેના શબ્દો જ નથી!



ગુંદર, સરેસ, તેલના રંગ વગેરેનો ઉપયોગ કરતી વેળા પીંછી પર તેના રેલા ઊતરી હાથ બગડે છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પતરાની નાની ગળણી પીંછી પર જડી દેવાથી હાથ બગડતા અટકશે.

છત્રી માટે વપરાતો 'અંબ્રેલા' શબ્દ મૂળ ઇટાલિયન છે ને તેનો અર્થ થાય છે 'નાનો છાંયડો.'

કાચ કાપવાની હીરાકણી વપરાશમાં ન હોય ત્યારે ટર્પેન્ટાઇન કે ગ્યાસલેટમાં બોળેલી રાખવાથી વધુ સર્જી રહેશે.

સાપ બરફ ઉપર ચાલી શકતો નથી. તેના કડીબંધ અંકોડા ખેંચવાને ખરબચડી જમીનની જરૂર હોય છે. આથી, સાપનો ભય હોય ત્યાં કાચ જેવી સપાટી કે બરફ ચારે કોર હોય તો તે આવી ન શકે.

માખીઓ ફૂલમાંથી તૈયાર મધ લાવતી નથી; તેઓ તો ફૂલનો મધુર રસ પૂડામાં લાવ્યા બાદ તેમાં પોતાની લાળ ઉમેરીને મધ બનાવે છે.

આપણે ચન્દ્રની સપાટીનો વધુમાં વધુ ⅗ ભાગ જ જોઈ શકીએ છીએ.

વૉલ્ટ ડિઝનીએ એકલાએ જો 'સ્નોવ્હાઇટ'નાં બધાં ચિત્રો કરવા ધાર્યું હોત તો ૨૫૦ વર્ષ લાગત—સહકારની યોજનાનું દૃષ્ટાંત!

ઈસુની ચોથી સદીમાં રોમનગરની વસતિ પચીસ લાખની હતી.